

# પૂજ્યશ્રી લીલામાસી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૭૫


સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# પૂજ્યશ્રી લીલામાસી

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**૭૫**

: સંસ્થાપક :

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

**● પ્રકાશન સમિતિ ●**

*: પ્રેરક - માર્ગદર્શક :*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

**પ્રથમ આવૃત્તિ**
પ્રત : ૩૦૦૦
૨૦૧૫, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૭૧, મહા વદ બારસ

**સેવા મૂલ્ય** : રૂ. ૧૦/-

**પ્રકાશક**
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

**: મુદ્રક :**
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ,
આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

સ્ત્રીભક્તો તેમજ પુરુષભક્તો એમ બંને પ્રકારના મુમુક્ષુઓના આત્યંતિક શ્રેય માટે પરમ કૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશિષ્ટ સંકલ્પ દ્વારા જ અ. મુ. પૂ. શ્રી નારાયણભાઈ તથા અ. મુ. પૂ. લીલામાસીનું પ્રાગટ્ય થયેલું એ નિઃશંક બાબત છે, કારણ કે શ્રીહરિના દિવ્ય કલ્યાણકારી ગુણો એ સંયમનિષ્ઠ, તપોનિષ્ઠ ને બ્રહ્મનિષ્ઠ એવા આદર્શ દંપતિ દ્વારા પ્રકાશિત થઈ તેમના સંપર્કમાં આવેલા અનેક મુમુક્ષુઓના જીવનને પરિમાર્જિત કરી, તેમની આધ્યાત્મિક ચેતનાની જાગૃતિની સાથે ઊર્ધ્વગતિ પણ પ્રાપ્ત કરાવી છે એ વાત સારા ય સત્સંગને સુવિદિત છે.

પૂ. શ્રી નારાયણભાઈનું દિવ્યજીવન કેવું હતું તેની ઝાંખી કરાવતું પુસ્તક 'પૂજ્યશ્રી નારાયણભાઈ' આ સંસ્થા દ્વારા તેમના મૂર્તિનિવાસી થયા પછી પ્રકાશિત થયેલું જ છે અને હવે જેઓ પૂ. શ્રી નારાયણભાઈના દિવ્ય જીવનકાર્યમાં જીવનપર્યંત સહધર્મચારિણી બની પોતાનું અમૂલ્ય યોગદાન અર્પી સહભાગી થયાં હતાં અને 'તમારી મૂર્તિ વિના મારા નાથ રે, બીજું મને આપશો મા' સ. ગુ. પ્રેમાનંદ સ્વામીના આ કીર્તનને જેમણે પોતાનો જીવનમંત્ર બનાવી, એમાં રહેલા ઉત્કૃષ્ટ ભાવને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યો હતો એવાં પૂજ્યશ્રી લીલામાસીની જીવન ઝરમર પ્રકાશિત કરતાં આનંદની હેલી ઊભરાય છે. એનું કારણ આવાં માતૃતુલ્ય વાત્સલ્યમૂર્તિને માતૃવંદના કરવાનો આ એક અનેરો અવસર

મળ્યાથી તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવાની સોનેરી તક પ્રાપ્ત થઈ છે, એમ માની ધન્યતા અનુભવીએ છીએ.

પૂ. લીલામાસી મૂર્તિને સુખે સુખિયા થતાં સારા ય સત્સંગમાં તેમની કદીયે ન પુરાય એવી ખોટ પડી છે, પરંતુ આ લઘુ પુસ્તક દ્વારા તેમના જીવનની, જીવનકાર્યની અને જીવનસંદેશની કેટલેક અંશે ઝાંખી કરીને આત્મસંતોષ માનીશું.

આ પુસ્તક દ્વારા સ્ત્રીમુક્તોના રત્નાકરમાં પૂ. માસીરૂપ કેવું અલૌકિક મોતી પાક્યું હતું તેનો મુમુક્ષુવાચકને ખ્યાલ આવશે અને તેમના કલ્યાણકારી ગુણોનું પિયુષપાન કરી તે પોતાની જાતને ચોક્કસ ધન્યભાગી બનાવી શકશે એવી અમને શ્રદ્ધા છે.

અંતમાં પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, બાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુઓ, અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ તથા અ. મુ. પૂ. શ્રી લીલામાસીની નિઃસીમ કૃપાવર્ષાનાં અમૃતબિંદુઓની વૃષ્ટિ આપણા સૌ ઉપર સદાકાળ થતી રહે એવી શ્રીહરિને અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

અસ્તુ !

સં. ૨૦૭૧, મહા વદ બારસ<br>ઈ. સ. ૨૦૧૫, ૧૬ ફેબ્રુઆરી

**પ્રકાશન સમિતિ**<br>**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| **૧.** | **જીવન દર્શન** | ૧ |
| | ૧. પ્રાગટ્ય ને બાળપણ | ૩ |
| | ૨. લગ્નસંબંધ | ૬ |
| | ૩. ગૃહસ્થાશ્રમ | ૧૫ |
| | ૪. દિનચર્યા | ૨૧ |
| | ૫. પતિપરાયણતા | ૨૭ |
| | ૬. સેવાધર્મ | ૩૭ |
| | ૭. અનુવૃત્તિ ને આત્મીયતા | ૪૦ |
| | ૮. એકાત્મતા | ૪૪ |
| | ૯. કુશળ સંચાલક | ૪૮ |
| | ૧૦. મંદવાડની લીલા અને અંતિમ વિદાય | ૫૧ |
| **૨.** | **ગુણદર્શન** | ૬૪ |
| | ૧. સતીત્વ | ૬૫ |
| | ૨. પતિવ્રતાપણું | ૬૭ |
| | ૩. સંયમનિષ્ઠા | ૬૮ |
| | ૪. આજ્ઞાપાલન | ૬૯ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| | ૫. સત્યનિષ્ઠા | ૭૨ |
| | ૬. સાદગી અને કરકસર | ૭૩ |
| | ૭. સહનશક્તિ ને સહિષ્ણુતા | ૭૬ |
| | ૮. નિર્લોભીપણું | ૮૦ |
| | ૯. અનુકંપા | ૮૨ |
| | ૧૦. ચોકસાઈ અને ચોખ્ખાઈ | ૮૩ |
| | ૧૧. સેવા | ૮૭ |
| | ૧૨. નેતૃત્વ | ૮૯ |
| **૩.** | **ઐશ્વર્યદર્શન** | ૯૧ |
| **૪.** | **બોધવચનો** | ૧૧૮ |

# જીવનદર્શન

ઈ. સ. ૨૦૧૦, ૨૬ નવેમ્બર, શુક્રવાર ને કારતક વદ પાંચમ, રાત્રે ૧૦.૨૨ વાગ્યે 'અક્ષરધામની મૂર્તિમાંથી જુઓ તો તેજ તેજ છૂટે છે.' બ...સ, આ છેલ્લા શબ્દો પૂ. માસીના મુખમાંથી સરી પડ્યા ને કરુણામય નેત્રો સદાયને માટે મીંચાઈ ગયાં. પૂ. માસી સ્વતંત્રપણે શ્રીજીના સુખમાં ગરકાવ થઈ ગયાં અને એ સુખાનુભૂતિ તેમના મુખારવિંદ પર ઝળકી રહી, આમ અચાનક બોલાયેલા શબ્દો ને ત્યાર બાદ કોઈ પણ જાતના દુઃખના હાવભાવ વગર પૂ. માસી ધામમાં પધારી જતાં સેવિકાઓ તેમજ સેવકો શૂન્યમનસ્ક થઈ ગયાં. કોઈ કાંઈ પણ બોલી શકવા સમર્થ રહ્યું નહિ. ફક્ત એકબીજા સામું જોયા કર્યું. શું કરવું ? કોને કહેવું ? કાંઈ સૂઝ ન પડી. સર્વના આધાર નોધારા કરતા ગયાં. મોભ તૂટી પડ્યો. માથે આભ ફાટ્યું તો પગ તળેથી જમીન સરકી ગઈ. શોકમગ્નતાએ તેમના મન ઉપર કબજો જમાવી લીધો હતો. હૃદયમાંથી ઊઠતો મૂક ચિત્કાર એક અકલ્પ્ય સન્નાટો ઉત્પન્ન કરતો હતો. એ સન્નાટામાં શૂન્યમનસ્ક બની ગયેલાં સેવક-સેવિકાઓ પૂ. માસીની ફરતે બેસી પડ્યાં. તેઓ માટે તો સમય જાણે ત્યાં જ થંભી ગયો હતો.

શ્રીજીમહારાજે મુમુક્ષુઓના ચૈતન્યના ઊર્ધ્વીકરણ માટે પોતાની મુક્તોરૂપી પુષ્પવાટિકામાંથી મોકલેલું એક પુષ્પ

સ્ત્રીરૂપે પૃથ્વી પર ખીલી પોતાના આદર્શ જીવનરૂપ પમરાટ પ્રસરાવીને અનેકના હૃદયમાં સદાય માટે પોતાની સુગંધ મૂકતું ગયું. પોતાના ઉદ્દાત કલ્યાણકારી ગુણો દ્વારા મુમુક્ષુઓને સાચું માર્ગદર્શન પૂરું પાડી ભગવાન ભજવામાં પ્રમાદ ન કરાય તે શિખવાડ્યું. બહેનોને તો નાની બાબતથી માંડી મોટી બાબતોનું પણ સંસ્કાર સિંચન કર્યું, જેથી આવા કળીકાળમાં બહેનો કપરાકાળ તથા વિકટ સમયે સરળતાથી માર્ગ કાઢી સુખદ જીવન વ્યતિત કરી શકે. પતિ પરાયણતા, સુઘડતા, સ્વચ્છતા, સત્યવક્તાપણું, નીડરતા, પ્રભુ પ્રત્યે એકનિષ્ઠા, અંધશ્રદ્ધા ન રાખવી, દરેક પ્રત્યે માતૃતુલ્યભાવ વગેરે અનેક ગુણો પોતાના જીવનમાં તાદૃશ કરી એક આદર્શ ખડો કર્યો. પોતે રાજસી ઠાઠ ભોગવ્યા છતાં ય જીવનમાં આર્થિક સંકડામણની પરાકાષ્ઠા બતાવી અને તેવા જીવનમાં પણ કરકસરયુક્ત આનંદમય જીવન જીવી શકાય છે તે પોતાના જીવન દ્વારા ચરિતાર્થ કરી બતાવ્યું. આમ એક આદર્શ જીવન વ્યતિત કરી શ્રીજીમહારાજની વાટિકાનું આ પુષ્પ સદાય માટે આ પૃથ્વી પર પોતાની સુમધુર સુવાસ ફેલાવી પાછું શ્રીજીની મુક્તરૂપી પુષ્પવાટિકામાં ખીલી રહ્યું !

# ૧. પ્રાગટ્ય અને બાળપણ

સ્ત્રીભક્તોના ચૈતન્યની સરળતાથી ઊર્ધ્વગતિ થાય એવા હેતુથી શ્રીજીમહારાજ સ્ત્રી મુક્તોને પૃથ્વી પર પ્રગટ કરે છે. આ સ્ત્રી મુક્તો પોતાના આદર્શ જીવન દ્વારા, આશીર્વચનો દ્વારા, ઉપદેશામૃત દ્વારા, પ્રેમ ને કરુણાથી, લાડકોડ કરીને તો ક્યારેક આવશ્યક કડક વલણ દર્શાવીને પણ ચૈતન્યને પ્રભુપ્રાપ્તિના માર્ગે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરાવે છે.

આવા જ ઉદ્દાત હેતુથી એક સ્ત્રી મુક્તને શ્રીજીમહારાજે ઈ. સ. ૧૯૩૦, પાંચમી ફેબ્રુઆરી, મહા સુદ સાતમના દિવસે મુંબઈમાં પ. ભ. શ્રી ચતુરભૂજભાઈ તથા લક્ષ્મીબેનને ત્યાં પ્રગટ કર્યાં. માતા-પિતાએ એમનું નામ લીલાવતી પાડ્યું. લીલાવતીનું મુખારવિંદ તેજસ્વી અને સુંદર હતું. તેમની મુખાકૃતિ શાંત અને પ્રસન્નચિત્ત હતી. તેમનું ભાલ વિશાળ તો આંખો નિર્મળ અને પ્રભાવક હતી. લીલાવતીને એક મોટાભાઈ તથા ત્રણ નાનાભાઈઓ એમ ચાર ભાઈઓ હતા. ચાર ભાઈઓ વચ્ચે એક જ બહેન, આથી તેમનો ઉછેર ખૂબ લાડકોડમાં થયો. સ્વાભાવિક રીતે તેમ જ થાય, કારણ કે તેમનું ઘર સાધન સંપન્ન અને સમાજમાં પ્રતિષ્ઠિત ગણાતું. મુંબઈ જેવા શહેરમાં મોટું ઘર અને તેમાં ચોવીસ કલાકના નોકર અને છૂટક નોકર બીજા આવે. રસોઈ કરવા માટે રસોઈયા, ગાડી અને ડ્રાઈવર. આ લોકનું કહેવાતું

બધું રાચરચીલું તે ઘરમાં હાજર હતું. લીલાવતી અને તેના ભાઈઓ ચાંદીનાં રમકડાંથી તો રમતાં. લીલાવતી એક વસ્તુ માગે ને બે તો હાજર થતી. આમ આવા જાહોજલાલીભર્યા વાતાવરણમાં એક રાજકુંવરીની જેમ તેમનો ઉછેર થવા લાગ્યો.

લીલાવતી થોડાં મોટાં થતાં તેમને મુંબઈની ચોપાટી પર આવેલી ઈંગ્લિશ મીડિયમ 'માઉન્ટ કાર્મલ' સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યાં. ભણવામાં તેઓ હોશિયાર હતાં. સ્કૂલમાં શીખવેલું તેમને તરત જ આવડી જતું. સ્કૂલે જવા અને આવવા માટે હંમેશાં ગાડી રહેતી. સ્કૂલેથી આવતાં તેમનું દફ્તર પણ ઘરના નોકરો પકડતા. ઘરની બહાર પગ મૂકે કે તરત જ ગાડી હાજર રહેતી. ઘણી વખત લીલાવતી એમ કહેતાં કે મને આ નથી ભાવતું તો તેમના માટે તેમને ભાવતી બીજી રસોઈ બનાવી દેવામાં આવતી. આવું થાય ત્યારે તેમનાં બા તેમને સમજાવતાં ને કહેતાં, ''લીલાવતી, આવા લાડ સારા નહિ. બધું જ ખાતા શીખવું જોઈએ. આ નથી ભાવતું, તે નથી ભાવતું એવું ન કરાય. નહિ તો સાસરીમાં તકલીફ પડે.'' એ વખતે લીલાવતીને એ વાત ખાસ ધ્યાનમાં આવતી નહિ. આવી જાહોજલાલીભર્યું જીવન હોવા છતાં લીલાવતી ધાર્મિક વૃત્તિનાં તેમ જ દયાળુ સ્વભાવનાં હતાં. ભગવાન ભજવામાં તેમને નાનપણથી જ અભિરુચિ હતી. ભગવાનના નામનો જાપ કર્યા કરવો, પૂજાપાઠ કરવા વગેરે તેમને અતિ પ્રિય હતું. તેમના ઘરમાં શ્રી રામચંદ્રજી તથા અંબામાની ઉપાસના હતી. તેમનાં માતા પણ ઘણા ધાર્મિક વૃત્તિનાં હતાં. લીલાવતી

તેમની બા સાથે ભાવપૂર્વક ભગવાનની સેવા-પૂજા કરતાં. ભગવાન ભજવાના આવા ગુણ હોવાથી ઘરમાં દાદા-દાદી તેમ જ માતા-પિતાના તેઓ લાડીલા હતાં.

આમ લાડકોડમાં ઉછેર થતાં લીલાવતી જ્યારે દસ વર્ષનાં થયાં, ત્યારે તેમના જીવનમાં દુ:ખદ ઘટના ઘટી. એટલી નાની ઉંમરે જ તેમનાં માતુશ્રીનો દેહવિલય થયો. એ આઘાતજનક ઘટનાથી પહેલાં તો લીલાવતી ખૂબ વ્યથિત થઈ ગયાં, પરંતુ નાના ભાઈઓની જવાબદારી પોતાના શિરે આવી પડતાં પોતે સ્વસ્થતા જાળવી લીધી. લીલાવતીથી નાના ત્રણ ભાઈઓ હોવાથી લીલાવતીને તેમની દેખરેખ રાખવા સ્કૂલમાંથી ઉઠાડી લેવામાં આવ્યાં. માતાના ધામગમન પછી લીલાવતી જાણે વધુ ધીર-ગંભીર અને ઠાવકા થઈ ગયાં. બાળસહજ રમતો થોડી ઓછી થઈ ગઈ અને અચાનક જ જાણે તેઓ પક્વ બની ગયાં. તેઓ ભાઈઓની કાળજીપૂર્વક દેખરેખ રાખવા લાગ્યાં. એ જવાબદારી તેમણે સુપેરે નિભાવી. આ જવાબદારી નિભાવવામાં તેમનાં દાદીમાનો તેમને પૂરેપૂરો સાથ-સહકાર સાંપડ્યો. આટલી નાની ઉંમરમાં ઘરની તથા ભાઈઓની જવાબદારી લીલાવતીએ સંભાળી લીધી હોવાથી દાદીમાને લીલાવતી પ્રત્યે અતિશય પ્રેમ ઊભરાતો. તેઓ જીવ્યાં ત્યાં સુધી તેમણે લીલાવતીની સંભાળ રાખી હતી.

# ૨. લગ્નસંબંધ

શ્રીજીમહારાજ જીવોનાં કલ્યાણ કરવા જ્યારે મુક્તાત્માઓને પૃથ્વી પર પ્રગટ કરે છે, ત્યારે તે મુક્તાત્માનું સમગ્ર જીવન પૂર્વઆયોજિત અને પરમાત્મા દ્વારા નિર્મિત જ હોય છે. તેવી જ રીતે લીલાવતીનું પૃથ્વી પર અનેક જીવોની ચેતનાને ઊર્ધ્વગતિ આપવા પ્રાગટ્ય કર્યું ત્યારે તેમનું સમગ્ર જીવન પૂર્વનિયોજિત હતું. તેમનું બાળપણ કેવું જશે, ક્યાં વીતશે, ગૃહસ્થાશ્રમમાં તેઓ કોની સાથે જોડાશે અને એ જીવન તેઓ કઈ રીતે આદર્શરૂપ જીવશે ? વગેરે દરેકે દરેક બાબત પ્રભુ દ્વારા પૂર્વનિર્મિત જ હતી.

ભગવાનની નિયતિ મુજબ અ. મુ. મનસુખબાપાને શ્રીજીમહારાજ દ્વારા દિવ્ય પ્રેરણા થઈ. મનસુખબાપા એટલે શ્રીજીમહારાજના મહામુક્ત. લીલાવતીના દાદા ભૂધરદાસ તથા પિતાજી ચતુરદાસ આ મુક્તરાજની આધ્યાત્મિક સ્થિતિથી પરિચિત હતા. તેઓને જાણ હતી કે આ મુક્ત ભગવાનની મરજી જાણીને દરેક કાર્ય કરે છે. તેથી મનસુખબાપા જ્યારે તેમના ઘરે આવ્યા, ત્યારે તેઓ રાજી થયા. મનસુખબાપા આવીને લીલાવતીના દાદા તથા પિતાજીને મળ્યા.

મુક્ત જ મુક્તને ઓળખે એ ન્યાયે મનસુખબાપા પૂ. નારાયણભાઈની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ ને સામર્થ્યને

અને પૃથ્વી પર તેમના પ્રાગટ્યના ધ્યેયને યથાર્થ જાણતા હતા. આથી તેમણે ભૂધરદાસ તથા લીલાવતીના પિતાજીને અ. મુ. નારાયણભાઈનો પરિચય આપ્યો અને લીલાવતી માટે તેઓ જ યોગ્ય છે એવું ભારપૂર્વક જણાવ્યું. ભૂધરદાસ અને પિતાજી મનસુખબાપાની સ્થિતિ જાણતા હોવાથી તેઓને વિશ્વાસ હતો કે તેમણે નિર્દેશેલા સંબંધમાં કાંઈ વાંધાજનક નહિ હોય. આથી તેઓ બંનેએ આ પ્રસ્તાવને સંમતિ આપી. મનસુખબાપાએ લીલાવતીને મળવાની ઇચ્છા દર્શાવી.

મનસુખબાપા મળવા આવ્યા એ વખતે તો લીલાવતીની ઉંમર માત્ર તેર વર્ષની જ હતી. તેઓ ફુગ્ગાબાંયનું લાંબું ઘૂંટણ સુધીનું ફ્રોક પહેરીને રમતાં હતાં. એ વખતે તેમના પિતાજીએ કહ્યું, ‘‘તને મળવા મનસુખદાદા આવ્યા છે. જા, એમને જઈને મળી આવ.’’ લીલાવતી મનસુખબાપા પાસે ગયાં ને ઘરની રીત પ્રમાણે તેમને પગે લાગ્યાં. મનસુખબાપાએ લીલાવતીને પોતાની પાસે બેસાર્યાં અને પૂછ્યું, ‘‘દીકરી, તને ભગવાન ભજવા ગમે ?’’ લીલાવતી મલકાતાં મલકાતાં ઉત્સાહપૂર્વક બોલ્યાં, ‘‘હા, મને તો ભગવાન ભજવા બહુ જ ગમે છે. ભગવાનની સેવા-પૂજા કરવાનું, ભગવાનના નામની માળા ફેરવવાની પણ મને ખૂબ ગમે છે.’’ આવો અપેક્ષિત ઉત્તર સાંભળી મનસુખબાપાના ચહેરા પર સંતોષની લાગણી છવાઈ ગઈ. મનમાં આનંદ થયો કે નારાયણને માટે આ કન્યા જ યોગ્ય છે. આ કન્યા જ નારાયણને અનુરૂપ થઈ રહી શકશે અને એક આદર્શ જીવનસંગિની બની રહેશે. મહારાજે મને જે પ્રેરણા કરી છે તે યોગ્ય જ છે.

લીલાવતીના જવાબથી સંતોષ પામી મનસુખબાપા નારાયણભાઈને મળ્યા ને લીલાવતી વિશે વાત કરી. તેમને આ બાળા સાથે ગૃહસ્થાશ્રમ કરવા માટે સમજાવતાં કહ્યું, ‘‘મહારાજની પણ એ જ મરજી છે તે તમે પણ જાણો છો !’’ શ્રી નારાયણભાઈને પ્રભુની દિવ્યમૂર્તિ સિવાય બીજે બધેથી સમ્યક પ્રકારે વૈરાગ્ય હતો એટલે સંસારની કોઈ પણ પ્રકારની ઈચ્છા તેમને સંભવતી જ ન હતી. તેઓશ્રી સંપૂર્ણ વૈરાગ્ય મૂર્તિ હતા. મૂળીના મહાન સ. ગુ. સંત શ્વેતવૈકુંઠદાસજી સ્વામીશ્રી નારાયણભાઈની આવી સ્થિતિથી સુપેરે પરિચિત હતા. આથી આવા સંત મૂર્તિ ભગવા વસ્ત્રમાં હોય તો સત્સંગમાં મણિની જેમ શોભે. આવા વિચારથી તેમણે કહેલું કે, ‘‘નારાયણભાઈ લગ્ન કરવા જશે તો અમે તેમને ચોરીમાંથી પણ હાથ ઝાલી ઊભા કરી દેશું. તેમને તો અમારે સાધુ જ કરવા છે, જેથી અનેકનાં કલ્યાણ થાય.’’ સ્વામીના મુખે આવાં વચનો સાંભળતાં મુક્તરાજ મનસુખબાપાએ સ્વામીને કહ્યું કે, ‘‘મારે તમારું માનવું કે શ્રીજીમહારાજનું ? મહારાજની જ એવી ઈચ્છા છે કે નારાયણભાઈ ગૃહસ્થાશ્રમ કરે, જેથી અનંત જીવોનાં આત્યંતિક કલ્યાણ થાય. ભગવાં વસ્ત્રોમાં એ કાર્યમાં થોડી મર્યાદા આવશે.’’ મનસુખબાપાની વાત સાંભળતાં નારાયણભાઈને ગૃહસ્થાશ્રમી જીવન વ્યતિત કરવાની ઈચ્છા ન હોવાથી તેમણે પોતાની આર્થિક પરિસ્થિતિનું બહાનું દર્શાવતાં મનસુખબાપા કહે, ‘‘દીકરી જ જો હા પાડતી હોય તો પછી ક્યાં વાંધો છે ? એકવાર જઈને જોઈ આવો પછી નિર્ણય કરજો.’’ મનસુખબાપાનો આગ્રહ

થતા નારાયણભાઈ તેમના ભાઈઓ અને બહેનો સાથે લીલાવતીના ઘરે તેમને જોવા ગયા. લીલાવતીની નિર્દોષતા, સાદગી, સાલસ સ્વભાવ અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી બધા પ્રભાવિત થયા. નારાયણભાઈએ તેમને અંગ્રેજીમાં પૂછ્યું, ''What is your Name'' (તમારું નામ શું છે ?) તેનો લીલાવતીએ અંગ્રેજીમાં જ જવાબ આપ્યો, ''My Name is Leelavati.'' (મારું નામ લીલાવતી છે.) એ દિવસે તો નારાયણભાઈએ બીજું કાંઈ જ પૂછ્યું નહિ. ચતુરદાસ તો નારાયણભાઈના મુખની દિવ્ય આભા જોઈ જ રહ્યા. આવા તેજસ્વી યુવકને જોઈ તેમને ખૂબજ આનંદ થયો. લીલાવતીના સંબંધ માટે તેમના મનમાં 'હા' જ પડી ગઈ.

લીલાવતીના ઘરની જાહોજલાલી જોઈ નારાયણભાઈ બીજી વખત એકલા ચતુરદાસને મળવા ગયા અને તેમને કહ્યું, ''આપ ઘણા સાધનસંપન્ન છો, આપની પુત્રી અહીં ખૂબ લાડકોડમાં ઊછરેલી છે. ચાર ભાઈઓ વચ્ચે એક બહેન છે. અહીં તેમનો ઉછેર એક રાજકુંવરીની જેમ થયેલો છે. જ્યારે મારી પરિસ્થિતિ તો આનાથી તદ્દન વિપરિત છે. મારી પાસે તો પૂરતું ખાવાનું પણ નથી અને પહેરવા સારાં કપડાં પણ નથી. તમારી દીકરીને હું કોઈ દુન્યવી સુખ-સુવિધા આપી શકું તેમ નથી. તમારી દીકરી મારી સાથે આવી આર્થિક સંકડામણમાં જીવન કઈ રીતે વ્યતીત કરી શકશે?'' ચતુરદાસને નારાયણભાઈની આવી પ્રામાણિક નિખાલસતા સ્પર્શી ગઈ. નારાયણભાઈ વાત કરતા હતા ત્યારે તેઓ તો તેમના મુખની આભા સામે જોઈ જ રહ્યા. તેમને

નારાયણભાઈમાં દિવ્યતાની ઝાંખી થતી હતી અને એ દિવ્ય ઝાંખી આગળ નારાયણભાઈની આર્થિક તંગી તેમને ગૌણ ભાસતી હતી. તેમનું અંતરમન એક જ સાદ આપતું હતું કે આમની સાથે જ મારી દીકરી સુખી થશે. તેના જીવનું પરમ શ્રેય થશે. નારાયણભાઈ કહી રહ્યા એટલે ચતુરદાસે તેમને કહ્યું, ‘‘મેં તમારી વાત સાંભળી. એક દૃષ્ટિએ તમારી વાત સાચી હશે, પણ મારું મન એમ જ કહે છે કે આપની સાથે સંબંધ થવાથી જ મારી દીકરી સુખી થશે, તેના જીવનું શ્રેય થશે અને તેમ છતાં તમે લીલાવતીને જ પૂછી જુઓ. એમને કોઈ વાંધો છે કે કેમ ?’’

લીલાવતીને નારાયણભાઈ સમક્ષ બેસાડવામાં આવ્યાં. ચતુરદાસે તેમને કહ્યું કે, ‘‘નારાયણભાઈ જે કંઈ કહે તે બરોબર સાંભળ. અમારું કોઈ જાતનું તને દબાણ નથી. તને યોગ્ય લાગે તો તું હા પાડજે.’’ નારાયણભાઈએ પોતાની આર્થિક પરિસ્થિતિથી લીલાવતીને પણ વાકેફ કર્યા કે મારી પાસે પૂરતું ખાવાનું પણ નથી. ફક્ત રોટલા, ગોળ ને છાશ મળે, શાક તો મળે પણ નહિ. પહેરવા સારાં કપડાં પણ નથી તો આપ મારી સાથે કઈ રીતે જીવન વ્યતીત કરી શકશો ?’’ નારાયણભાઈના મુખ પરની દિવ્ય આભા જોઈ લીલાવતીથી ‘હા’ જ પડાઈ ગઈ. (પૂ. માસી પછી જ્યારે પણ વાત કરતાં ત્યારે એવું કહેતાં કે મેં એમના મુખ સામે જોયું તો એકદમ તેજથી ભરેલું તેજસ્વી મુખારવિંદ દેખાયું ને મારાથી ‘હા’ જ પડાઈ ગઈ.) અને એ તેર વર્ષની બાળાએ પરિપક્વ સ્ત્રીને છાજે તેવો ઉત્તર આપ્યો કે, ‘‘આપ જેમ રાખશો તેમ હું

રહીશ. જે પહેરવા આપશો તે પહેરીશ. આપની પાસે એક રોટલો હશે તો આપણે અર્ધો-અર્ધો ખાઈને રહીશું. આપ મને જે પરિસ્થિતિમાં રાખશો તેમાં હું આનંદથી રહીશ અને સુખે ભગવાન ભજીશ. મને ભગવાન ભજવા મળશે તે જ મારા માટે અહોભાગ્યની વાત છે.'' આવા આત્મવિશ્વાસસભર સુંદર ઉત્તરથી નારાયણભાઈ સંતુષ્ટ થયા. નારાયણભાઈ અને લીલાવતીનું વેવિશાળ નક્કી થયું.

શ્રીજીમહારાજે નિર્માણ કરેલો સંબંધ જ્યારે આકાર પામે, ત્યારે તેમાં આ લોકનાં કહેવાતાં સુખ-સુવિધા ક્યાંય બાધક બનતાં નથી. બાકી આ લોકની રીતિ પ્રમાણે જોઈએ તો આ સંબંધ અસંભવ જ હતો. દુન્યવી રીતે જોઈએ તો નારાયણભાઈને માતા-પિતાની છત્રછાયા હતી નહિ. વારસાગત એવી કોઈ સંપત્તિ મળી નહોતી. પોતે હજી ભણતર પૂરું કર્યું ન હતું, એટલે દેખીતી રીતે ભવિષ્ય ધૂંધળું જણાતું હતું. તેમ છતાં નારાયણભાઈની દિવ્ય પ્રતિભા અને તેમનું ઉચ્ચકોટિનું અધ્યાત્મિક જીવન જોઈને જ આ સંબંધ નક્કી થયો હતો, તેમાં આ લોકના માપદંડોનો ક્યાંય મેળ બેસતો ન હતો. એ જ બતાવે છે કે શ્રીજીમહારાજ જ્યારે મુક્તોને જીવોનાં કલ્યાણ કરવા પ્રગટ કરે છે, ત્યારે એ એક જ લક્ષ નજર સમક્ષ રહે છે ને બાકી બીજી દરેકે દરેક બાબત ગૌણ બની જાય છે. લીલાવતી જેવા મુક્તાત્માને નારાયણભાઈના આ ઉદ્દાત કાર્યમાં સહભાગી બનવા મહારાજે મોકલ્યાં તો તે કાર્યમાં સહભાગી થવું એ જ એક માત્ર લક્ષ રાખ્યું. એ સિવાયનું બીજું બધું ગૌણ ગણ્યું. ગમે

તેવા કપરા સંજોગો કે પરિસ્થિતિ તેમને માટે ક્યારેય ધ્યેયથી વિચલિતકર્તા કે બંધનકર્તા ન બન્યાં. તે તેમના જીવનનું એક નોંધપાત્ર પાસું હતું.

ઈ. સ. ૧૯૪૪માં પૂ. નારાયણભાઈ તથા પૂ. લીલાવતીનાં લગ્ન તેઓના સુરેન્દ્રનગરના ઘરમાં જ કરવામાં આવ્યાં. સુરેન્દ્રનગરનું ઘર પણ વિશાળ હતું. તેનો બેઠકરૂમ ઘણો મોટો હોવાથી લગ્નપ્રસંગ એ ઘરમાં જ ગોઠવાયો હતો. 'હથેવાળો હરિ સંગાથે મેં કીધો રે' એ પંક્તિનો ભાવ પૂ. માસીને હસ્તમેળાપ વખતે અનુભવાયો હતો. લગ્નની પ્રથમ રાત્રીએ જ નારાયણભાઈએ લીલાવતીને જણાવ્યું કે, ''મારે તો આજીવન બ્રહ્મચર્યવ્રત રાખવું છે, મને એમાં તમારો સંમતિપૂર્વકનો સાથ જોઈએ છે.'' લીલાવતીએ આ વાતનો સહર્ષ સ્વીકાર કરતાં કહ્યું કે, ''હું પણ એ વાતનું આપને વચન આપું છું કે આજથી હું પણ સંપૂર્ણપણે તન-મનથી આજીવન બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીશ. આપની સાથે જીવન જોડાયું છે તો આપ જેમ કહો, તેમ જ હવે મારે કરવું એ મારી ફરજ સમજું છું. આપ જેમાં રાજી રહો તેમાં મારે પણ રાજી રહેવું છે.'' લીલાવતીના આવા ઊંડી સમજયુક્ત ઉત્તરથી નારાયણભાઈને ઘણો આત્મસંતોષ થયો. એ વખતથી જ તેઓ બંનેએ પોતાનું સમગ્ર જીવન બ્રહ્મચર્યવ્રત રાખી ભાઈ-બહેનની જેમ રહી પવિત્રપણે વિતાવ્યું હતું.

નારાયણભાઈને ભણવાનું બાકી હોવાથી લગ્નના બીજા જ દિવસે તેઓ નીકળી ગયા. જતી વખતે નારાયણભાઈએ લીલાવતીને શિક્ષાપત્રી અને માળા આપ્યાં અને કહ્યું કે,

‘‘આનો દરરોજ અભ્યાસ કરજો અને સ્વામિનારાયણ નામના મંત્રની માળા ફેરવજો.’’ લીલાવતીએ એ આજ્ઞાને શિરોમાન્ય કરી. તેમણે શિક્ષાપત્રી વાંચવા માંડી અને તેમાં લખેલી શ્રીજીમહારાજની આજ્ઞાઓ પ્રમાણે આચરણ કરવા લાગ્યાં અને એ આજ્ઞા પાળવામાં તેમને જરા ય તકલીફ પડી નહિ. આનંદે સહિત બધી આજ્ઞાઓનું પાલન કરવા લાગ્યાં. લગ્ન બાદ જીવનમાં તરત જ આવું સાત્ત્વિક પરિવર્તન જોઈ ઘરના સૌ આશ્ચર્ય પામી ગયા. લગ્ન બાદ લીલાવતી પૂરાં ચાર વર્ષ પોતાના પિયરમાં રહ્યાં હતાં. નારાયણભાઈને જ્યારે વૅકેશન પડતું ત્યારે લીલાવતી નારાયણભાઈની સેવામાં જતાં. નારાયણભાઈ જ્યારે સુરતમાં રહી ભણતા ત્યારે એક વખત તેમને ન્યૂમોનિયા થઈ ગયો હતો. એ વખતે લીલાવતી તુરત જ તેમની સેવામાં પહોંચી ગયાં હતાં. તે માંદગીને લીધે નારાયણભાઈનું ભણવામાં એ વર્ષ બગડ્યું હતું. આથી તેટલા સમય માટે તેમણે પાટણની એક સ્કૂલમાં શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી હતી. ત્યારે પણ લીલાવતી નારાયણભાઈની સેવા-સુશ્રુશા કરવા માટે તેમની સાથે રહ્યાં હતાં. પાટણની એ સ્કૂલમાં એક વખત શિક્ષણાધિકારી તપાસ માટે આવેલા ત્યારે નારાયણભાઈને પ્રિન્સિપાલની ઑફિસમાં, અને ઉપર એક વર્ગમાં ભણાવતા, એમ એક સાથે બે સ્વરૂપે જોઈને અતિ આશ્ચર્ય પામેલા. આવા પ્રસંગો લીલાવતીને પોતાના પતિના મહિમાને વધુ ને વધુ દૃઢ કરાવતા. તેથી પોતાના નારાયણભાઈ સાથેના સંબંધને ગૌરવપૂર્ણ માની ધન્યતા અનુભવતાં અને સેવાનો ઉમંગ પણ બેવડાતો.

લીલાવતીનાં લગ્ન થઈ ગયાં બાદ તેમના નાના

ભાઈઓની સંભાળ રાખવાની તકલીફ પડતી હોવાથી લીલાવતીના પિતાશ્રીએ બીજાં લગ્ન કર્યાં હતાં. તેમનાં બીજાં પત્નીનું નામ કાંતાબેન હતું. આ કાંતાબેનથી પણ લીલાવતીને એક ભાઈ થયા હતા. સ્ત્રી સહજ સ્વભાવે કાંતાબેનને લીલાવતી અને તેમના ભાઈઓ પ્રત્યે ક્યારેય જોઈએ તેવી લાગણી થઈ નહિ. ઘરમાં ડુંગળી-લસણ ખવાતાં, આથી લીલાવતીને પણ તે ખવરાવવા બનતા બધા જ પ્રયત્ન તેઓ કરી છૂટતાં. ઘરમાં ડુંગળી-લસણ વગરનું બનાવવા દેતા નહિ. રસોઈયાએ જુદું બનાવ્યું હોય તો તેમાં ડુંગળી-લસણવાળા ચમચા બોળી આવતાં, છતાં લીલાવતી ક્યારેય તેવું ભોજન જમતાં નહિ. અથાણું ને રોટલી કે મીઠું ને રોટલી ખાઈ પેટ ભરી લેતાં. પિતાજીને ક્યારેય ફરિયાદ કરતાં નહિ. લીલાવતી સહિષ્ણુ સ્વભાવના હોવાથી આવી અનેક પ્રકારની કનડગત સહન કરી લેતાં. ક્યારેક પિતાજીને કોઈ વાતની જાણ થઈ હોય અને કાંતાબેનને કાંઈ કહેવા જાય તો સામે પક્ષે એમ કહેતાં કે તમે જ તમારી દીકરીને બગાડશો. એ તેની માતા જેવી જ ધાર્મિક-ભગતાણી થઈ છે. આમ અનેક પ્રકારનો ત્રાસ હોવા છતાં લીલાવતી ક્યારેય હિંમત હાર્યાં નહોતાં. નારાયણભાઈએ આપેલ શિક્ષાપત્રીનો પાઠ કરે અને સ્વામિનારાયણ નામની માળા ફેરવ્યા કરતાં, જેનાથી તેમને અનેરું બળ પ્રાપ્ત થતું. આવા કપરા સમયે તેમનાં દાદી તેમની વહારે આવતાં અને લીલાવતીને સહારો આપી હિંમતનાં વચનો કહેતાં.

# 3. ગૃહસ્થાશ્રમ

નારાયણભાઈનું ભણવાનું પૂરું થયું અને તેઓ નોકરીએ લાગ્યા. ત્યાર બાદ લગભગ ચાર વર્ષે તેમણે લીલાવતીને કાયમ માટે પોતાની પાસે રહેવા બોલાવી લીધાં. એમ કહી શકાય કે જાણે લીલાવતીનો વધુ એક આકરી કસોટીના કાળનો આરંભ થયો. સંઘર્ષ જ જીવનમાં આત્મિક શક્તિઓને જાગૃત કરી પ્રગતિ સાધવા માટેનું અદ્‌ભુત બળ પ્રેરે છે. એ ન્યાયે લીલાવતી દરેક કપરી પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ હતાં.

લીલાવતીને નારાયણભાઈની સાથે સાથે તેમનાં મોટાભાઈ-ભાભી સાથે સંયુક્ત કુટુંબમાં રહેવાનું હતું. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ઘરમાં દરેકે દરેક કામ જાતે કરવાનાં હતાં. આથી લીલાવતી આવતાં તેમનાં જેઠાણીએ રસોઈ કરવા સિવાયનાં બધાં જ કામની જવાબદારી લીલાવતી ઉપર નાખી દીધી. લીલાવતીએ પિયરમાં કોઈ કામ કરેલું ન હોવાની તેમને જાણ હોવા છતાં કોઈ પણ કામ તેઓ લીલાવતીને શીખવતાં નહિ. લીલાવતી પોતાની કુનેહથી જ ઘરનાં દરેક કામ શીખી ગયાં. તેમાં કચરા-પોતું, વાસણ-કપડાં, બહારથી પાણી ભરી લાવવું વગેરે બધું જ આવી જતું. વાસણ સાફ કરતાં તો તેમના હાથ વળી જઈ ઠરડાઈ જતા અને તેમાં ઘણો દુઃખાવો થતો. એ વખતે તેમની આંખોમાંથી

અશ્રુઓ વહી જતાં, છતાં કોઈ જાતની રાવ-ફરિયાદ કર્યા વગર આનંદથી તેઓ કામ કરતાં. પ્રથમ વખત જ્યારે કપડાં ધોવા બેઠાં ત્યારે શું કરવું, કઈ રીતે કપડાં ધોવાય તેની તેમને જાણ જ ન હતી. આથી મૂંઝાઈ જઈ રડી પડ્યાં. એ જ વખતે નારાયણભાઈ ત્યાંથી પસાર થયા ને લીલાવતીને રડતાં જોઈ પૂછ્યું, ''શું થયું ? કેમ રડો છો ?'' લીલાવતીએ કપડાં ધોતાં નથી આવડતું તેમ જણાવતાં નારાયણભાઈ કહે, ''ઓ હો ! એમાં શું રડવાનું ? લાવો, હું શીખવાડું.'' એમ કહી કપડાં કઈ રીતે ચોળવા-ઘસવા, સાબુ કાઢી પાણીમાં તારવી કઈ રીતે નીચોવવા વગેરે બધું શીખવાડ્યું. લીલાવતીમાં એ ખાસિયત હતી કે કોઈ પણ કાર્ય એક જ વખત બતાવતાં તે શીખી જતાં. આમ થોડા વખતમાં તો તેઓ ઘરના દરેક કામમાં પ્રવીણ થઈ ગયાં. લીલાવતી દરેક કાર્ય ઉત્સાહ સાથે કંટાળ્યા વગર આનંદથી કરતાં.

આખો દિવસ ચોકસાઈપૂર્વક કામ કરતાં હોવા છતાં લીલાવતીનાં જેઠાણી તેમને કામ બાબત મહેણાં માર્યા કરતાં ને પૂરું ખાવા પણ આપતાં નહિ. ટાઢી રોટલી અને ઉકાળો. ઉકાળામાં દૂધ નામ માત્રનું નાખતાં. એકાદ વખત લીલાવતીએ કહેવાનો પ્રયત્ન કરી જોયો કે, ''સાવ આવું પાણી જેવું નથી ભાવતું. થોડું દૂધ નાખી આપો. દૂધ ન હોય તો મારે ઉકાળો જ નથી પીવો. આપ મને થોડું શાક આપશો તો પણ ચાલશે. થોડી છાશ આપશો તો પણ ચાલશે.'' આવી માગણી જેઠાણીથી સહ્ય ન બનતાં તેણે લીલાવતીને મહેણું મારતાં કહ્યું, ''આપણે ત્યાં ગરીબાઈ છે અને ગરીબાઈમાં આવું જ ખાવાનું

હોય, ભાતભાતનાં ભોજન ન હોય. શાક તો નહિ મળે. તારે સ્વાદ જોઈતો હોય તો મીઠા-મરચાંની ભૂકીમાં પાણી નાખી તેની સાથે રોટલી ખા.'' જેઠાણીના મોઢે આવી વાત સાંભળ્યા બાદ લીલાવતીએ તેમને કાંઈ કહેવાનું જ છોડી દીધું. ત્યાર બાદ લીલાવતીએ તેમની પાસે ક્યારેય કોઈ વસ્તુ માગી નહિ. જેઠાણી લીલાવતીને પૂરતું ખાવા આપતાં નહિ, પરંતુ પોતે તો દાળ-ભાત-શાક-રોટલી એમ વ્યવસ્થિત ભોજન જમતાં. લીલાવતીના ભાગે તો ટાઢી રોટલી ને ઉકાળો અથવા મીઠું એ જ રહેતું. એવું ખાવાનું તો લીલાવતીએ મહિનાઓ સુધી ખાધું, છતાં તેમણે નારાયણભાઈ પાસે આ બાબત હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહિ. તેઓ એમ વિચારતાં કે તેમને જો ખબર પડશે અને કાંઈક કહેવા જશે ને જેઠાણીનો સ્વભાવ આકરો અને ઝઘડાળુ. જો પોતાના સ્વભાવ પ્રમાણે મોટેથી બોલી ઝઘડે અને પાડોશમાં ખબર પડે તો કેવું ખરાબ લાગે ! આથી દુઃખ સહન કરી ભૂખ્યા પેટે કામ કર્યા કર્યું.

મહિનાઓ સુધી આવું ચાલ્યા બાદ એક વખત કામ હોવાથી નારાયણભાઈ રિસેસમાં ઘરે આવ્યા ત્યારે લીલાવતીને આવું ખાતાં જોઈ ગયા. નારાયણભાઈનું મર્યાદાનું અંગ હોવાથી તેઓ લીલાવતી સાથે દિવસે વાત કરતા નહિ. રાત્રે લીલાવતીને કહ્યું, ''કેમ સાવ આવું ખાઓ છો ? હવેથી આવું ખાતા નહિ.'' લીલાવતી તો કાંઈ જ બોલ્યાં નહિ. તેમને ખ્યાલ હતો, મારે તો એ જ ખાવાનું છે. જેઠાણી બીજું કાંઈ આપવાના હતાં નહિ. બીજે દિવસે પણ લીલાવતી આવું ટાઢું-સૂકું ખાતાં હતાં ને નારાયણભાઈ આવીને જોઈ

ગયા ત્યારે લીલાવતીને એટલું જ કહ્યું, ''કેમ આજે એવું જ ખાઓ છો ?'' લીલાવતીએ ટૂંકમાં ઉત્તર આપ્યો, ''ભાભી બીજું આપતાં નથી.'' આ સાંભળી નારાયણભાઈએ મોટાભાઈને વાત કરી અને કહ્યું, ''તેઓ આખો દિવસ ઘરનું બધું કામ કરે છે, આટલા મોટા ઘરમાંથી આવ્યાં હોવા છતાં કાંઈ બોલતાં નથી અને ઘરમાં આપના કરતા વધારે પૈસા હું આપું છું તો પછી અમને બંનેને ભરપેટ ખાવા તો મળવું જ જોઈએ.'' આમ મહિનાઓ સુધી કષ્ટ ભોગવ્યા બાદ એ વાતનો નિવેડો આવ્યો.

આ છે આદર્શ પત્ની, આદર્શ ગૃહિણી. પોતાને ભરપેટ ખાવા ન મળે તે ચલાવી લે, ગમે તેવું કષ્ટ પડે તે પણ સહન કરે, પરંતુ પતિને ક્યારેય ફરિયાદ ન કરે અને એ પરિસ્થિતિ પ્રત્યે કોઈ ગ્લાનિ પણ ન અનુભવે ! મુક્તો જ્યારે જીવોના કલ્યાણ માટે પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે પોતાના જીવન દ્વારા એક આદર્શ પ્રસ્થાપિત કરે છે કે જેથી લોકો એ આદર્શને જીવન સમક્ષ રાખી પૂરેપૂરું તે પ્રમાણે જ નહિ તો અલ્પાંશે પણ જીવનમાં ઉતારે તો વ્યવહારજગતમાં પડતી મુશ્કેલીઓ દૂર થઈ જાય. આવો આદર્શ પ્રસ્થાપિત કરવા મુક્તો પોતે અનેક પ્રકારનાં કષ્ટો પણ સહન કરે છે.

એક વખત લીલાવતી સૂતાં હતાં. એ વખતે તેમનાં જેઠાણી ખુલ્લા વાળ રાખી એક હાથમાં દીવો અને એક હાથમાં અડદના દાણા રાખી, લીલાવતીની આજુબાજુ પ્રદક્ષિણા ફરતાં ફરતાં કાંઈક મંત્ર બોલી દરેક ખૂણે અડદ મૂકતાં જાય. આવું કરતાં હતાં તે જ વખતે લીલાવતીની આંખ ખૂલી ગઈ. જોયું

તો તેમનાં જેઠાણી તેમના ઉપર કંઈક કામણ-ટૂમણ કરતાં હતાં. લીલાવતી તો કાંઈ બોલ્યાં નહિ અને જરા ય ગભરાયાં પણ નહિ. પાછી આંખો બંધ કરી ભગવાનને સંભારવા લાગ્યાં. થોડીવાર લીલાવતીની ફરતે ફરી, ચારે ખૂણામાં અડદ મૂકીને તેઓ જતાં રહ્યાં. લીલાવતીએ આ વાત નારાયણભાઈને કરી. નારાયણભાઈએ કહ્યું, ‘‘તમે જરા ય ગભરાતાં નહિ. ભલે એ ગમે તેટલા મંત્રેલા અડદ નાખે. તમને કાંઈ થવાનું નથી.’’ લીલાવતી કહે, ‘‘મને તો જરા ય ગભરાટ થતો નથી. આપ મારી સાથે છો અને શ્રીજીમહારાજ મારા હૃદયમાં અખંડ બિરાજે છે, પછી મને કોનો ડર હોય ?’’ લીલાવતીનાં આવાં હિંમતભર્યાં વચનોથી નારાયણભાઈ ઘણા જ રાજી થયા. જેઠાણીની આવી કનડગતોથી લીલાવતીને ક્યારેય કોઈ નુકસાન થયું ન હતું. તેમનાં જેઠાણી દ્વારા લીલાવતીને આવી કનડગતો કરીને હેરાન કરવાનું કારણ એ હતું કે તેમને લીલાવતી ગમતાં નહિ, કારણ કે તેમની ઈચ્છા પોતાની બહેન સાથે નારાયણભાઈનો સંબંધ થાય તેવી હતી. અનેક પ્રકારની હેરાનગતિ કરાતી હોવા છતાં લીલાવતીએ એ બધાં કષ્ટ કોઈ પણ જાતની રાવ-ફરિયાદ કર્યા વગર સહન કર્યાં અને ભગવાનનું ભજન કર્યા કર્યું.

આ જ જેઠાણીની પાછલી જિંદગીમાં જ્યારે જેઠ રહ્યા નહિ અને કોઈ સાર-સંભાળ રાખનાર ન રહ્યું, ત્યારે નારાયણભાઈ અને લીલાવતીએ જ તેમનું ધ્યાન રાખ્યું હતું. તેમને દર મહિને પૈસા મોકલાવવા ઉપરાંત કપડાં, અનાજ વગેરે આપી દરેક પ્રકારે સંભાળ રાખતા કે જેથી તેમને કોઈ

તકલીફ ન પડે. ભૂતકાળમાં પોતાને કેટલું બધું કષ્ટ આપ્યું હતું તે યાદ ન રાખ્યું, પરંતુ તેમને જીવનના છેલ્લા શ્વાસ સુધી તકલીફ ન પડે તેની કાળજી લીધી ને તેમના પ્રત્યે કેવળ દયાભાવ રાખ્યો. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યા પ્રમાણે કે કોઈ મારે અથવા ગાળ દે તો તેને સામું મારવું નહિ ને ગાળ ન દેવી, પણ તેનું હિત થાય તેમ કરવું. તેનું આ તાદૃશ્ય દૃષ્ટાંત છે. મુક્તો જ આવા જીવો પર દયાભાવ રાખી માફ કરી શકે છે. મનમાં કોઈ પણ જાતના દ્વેષભાવ વગર તેના કૃત્ય સામું ન જોતાં તેને ક્ષમા આપે છે.

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી નારાયણભાઈ એવા ઘરમાં રહેવાનું પસંદ કરતા, જ્યાં ભૂતોનો વાસ હોય. આવાં ઘર સસ્તા ભાડામાં મળી જાય અને મુક્તોના આવા ઘરમાં રહેવાથી એ અવગતે ગયેલા જીવોની સદ્ગતિ પણ થાય. આમ એક સાથે બે કામ સરતાં. લીલાવતી પણ સુખેથી આવાં ઘરોમાં રહેતાં. ક્યારેય ગભરાતાં નહિ. સુખે પ્રભુભજન કરતાં. એક વખત તેઓ ખુરશીમાં બેઠા બેઠા પ્રભુસ્મરણમાં લીન હતાં એ વખતે એક ભૂતે તેમના પગમાં દોરડું માર્યું હતું. આવું કરી ભૂત તેની હાજરીનો અહેસાસ કરાવતું હતું, પરંતુ આવી ઘટનાઓથી લીલાવતી ક્યારેય ગભરાયા નહિ. તેઓ એવા નીડર હતાં.

# ૪. દિનચર્યા

નારાયણભાઈને જ્યારે અમદાવાદ નોકરી મળી, ત્યારે અમદાવાદમાં તેમણે એક રૂમ ભાડે રાખી. આ એક રૂમના ઘરમાં લીલાવતી નારાયણભાઈ સાથે રહેવા આવ્યાં. અહીં લીલાવતીની દિનચર્યામાં સવારે વહેલા ઊઠી વાસીદું વાળવું, નાહીધોઈ પૂજા કરવી. ત્યાર બાદ નારાયણભાઈને નોકરીએ વહેલા જવાનું હોવાથી તેમના માટે નાસ્તો બનાવતાં. નારાયણભાઈના પ્રસ્થાન બાદ કપડાં ધોવાના, રસોઈ બનાવવાની અને વાસણ સાફ કરવાના. તેઓ બપોરના સમયે ક્યારેય સૂતા નહિ. ધાર્મિક પુસ્તકો તેમ જ બીજા સારા સારા લેખો વાંચતાં. ત્યાર બાદ મહારાજમાં વૃત્તિ રાખી એક ચિત્તે પાંચસો માળા ફેરવતાં. સાંજ પડે સાંજનું કામ આટોપતાં. સંપ્રદાયનાં ઘણાખરાં પુસ્તકોનો તેમણે અભ્યાસ કર્યો હતો. વચનામૃત રહસ્યાર્થની તો પાંચ વખત પારાયણ કરી હતી. પુરુષોત્તમ સુખસાગરની પણ પારાયણ કરી હતી. આમ પ્રભુપરાયણ અને સાત્ત્વિક જીવન તેઓ વ્યતિત કરતાં. એ વખતે નારાયણભાઈનો પગાર ફક્ત રૂ. ૧૩૫ હતો. તેમાં રૂ. ૩૫ ઘરનું ભાડું ભરતા અને રૂ. ૧૦૦માં આખો મહિનો ચલાવવાનો હોવાથી મહિના મહિનાનું છૂટક રાશન લાવી ઘર ચલાવતા. દરરોજ સો ગ્રામ દૂધ લેતાં. તેમાંથી નારાયણભાઈને ઉકાળો બનાવી આપતાં. થોડું દૂધ વધે તેનું દહીં બનાવતાં. કેટલાંય વર્ષો સુધી લીલાવતીએ દૂધ ચાખ્યું

પણ ન હતું. લીલાવતી આવી પરિસ્થિતિનો કોઈ ક્ષોભ કે સંકોચ રાખતાં નહિ.

લીલાવતીની સ્થિતપ્રજ્ઞતા અને તેમનો નિરાસક્તભાવ એવો હતો કે તેમને આર્થિક સમૃદ્ધિ અને આર્થિક તંગી તે બંને સમ વર્તતું હતું. તેઓને આર્થિક સંકડામણ વિશે પૂછતાં તેઓ નિર્દોષભાવે એમ કહેતાં કે ગરીબાઈ શું કહેવાય કે આર્થિક તંગી કોને કહેવાય, મને તો કાંઈ ખબર નથી. હું તો મહારાજને સંભારી ઘર ચલાવું છું અને સંતોષથી રહું છું.

શરૂઆતમાં લીલાવતીને રસોઈ બનાવતાં આવડતું નહિ. પાડોશીઓ રસોઈ બનાવે તે જોઈ જોઈ લીલાવતી બનાવતાં શીખ્યાં. ખાસ કોઈએ તેમને શીખવાડ્યું ન હતું. પાડોશીઓનું જોઈ પોતે શીખી જતાં અને ત્યાર બાદ તેમાં નારાયણભાઈના ગમતા સ્વાદને અનુરૂપ ફેરફાર કરતાં. સાદા મસાલા હોવા છતાં રસોઈ એવી સ્વાદિષ્ટ બનાવતાં કે જે ચાખે તે એમ જ કહે કે આવો સ્વાદ તો અમે ક્યારેય ચાખ્યો જ નથી. લીલાવતી હંમેશાં મહારાજને સંભારી મહારાજ માટે થાળ તૈયાર કરું છું એમ ધારી, પૂરતી ચીવટ રાખી ભાવપૂર્વક રસોઈ બનાવતાં. તેમની રસોઈનો સ્વાદ હંમેશાં એકસરખો સ્વાદિષ્ટ રહેતો. મીઠા-મરચાનું પ્રમાણ એકસરખું ને સપ્રમાણ રહેતું. ભગવાન માટેના ભાવ સાથે બનાવેલી હોવાથી તે રસોઈમાં સાત્ત્વિકતા ઉમેરાતી અને સાત્ત્વિક ભોજનનો સ્વાદ અનેરો જ રહેતો. ભગવાનને થાળ ધરાવે ત્યારે પણ સંપૂર્ણ સ્વચ્છતા રાખી, થાળીમાં ભોજન વ્યવસ્થિત પીરસી બહુ ગરમ નહિ તેમ સાવ ઠરેલું પણ નહિ, તેનું ધ્યાન રાખી ખૂબ જ

આદર સહિત, પ્રેમપૂર્વક, ભાવ સાથે ભગવાનને થાળ ધરાવતાં. આવા ભાવ સાથે બનાવેલ સાત્ત્વિક ભોજન જ નારાયણભાઈને ભાવતું. આથી લીલાવતી સિવાય બીજા કોઈના હાથનાં બનાવેલાં ભોજન તેમને બહુ ભાવતાં નહિ.

પાછલી ઉંમરે જ્યારે તેમનાથી બહુ કાર્ય થતાં નહિ ત્યારે સેવિકાઓ તેમની મદદે આવતી. તેમને પણ તેઓ શીખવતાં કે ભગવાન માટે થાળ તૈયાર કરવો છે એવો ભાવ રાખી પૂરતી ચીવટ સાથે થાળ તૈયાર કરવો જોઈએ. ઘરમાં કોઈ મહેમાન આવવાનું હોય તો ય કેટલી બધી ચીવટ રાખીએ છીએ, તો જો ભગવાન માટે થાળ બનાવતા હોઈએ તો કેટલી બધી ચીવટ ને ચોખ્ખાઈ જોઈએ. મસાલામાં ચમચીનું માપ રાખીએ તો ક્યારેય વધુ પ્રમાણમાં તીખું-મોળું-ખારું થાય નહિ. એકસરખો સ્વાદ રહે. રસોઈ બનાવતી વખતે પણ મનમાં પ્રભુનું સ્મરણ કરતાં કરતાં રસોઈ બનાવીએ તો તેમાં સાત્ત્વિકતા આવે અને તો જ મહારાજ રાજી થઈ આપણો થાળ ગ્રહણ કરે. મહારાજને ભાવે સહિત થાળ ધરાવવો, ઉતાવળે જરાક બતાવી લઈ નહિ લેવાનો. મહારાજને પ્રેમપૂર્વક ભાવે સહિત જમાડવા. ભાવે સહિત બનાવેલ ભોજન જ સાત્ત્વિક બને છે અને એવું સાત્ત્વિક ભોજન જમનારના જીવનું પણ રૂડું થાય. માટે સિનેમાનાં એલફેલ ગીતો સાંભળતાં કે વાતો કરતાં રસોઈ ન બનાવવી. વાતો કરતાં રસોઈ બનાવીએ તો મોઢામાંથી થૂક ઊડે તે રસોઈમાં પડે. એવી અશુદ્ધ રસોઈ મહારાજને કઈ રીતે જમાડાય ? માટે એ બાબત પૂરતું ધ્યાન રાખવું. આમ સેવિકાઓને પણ શીખવતાં કે ગૃહિણીઓ

મહાપ્રભુજીને કઈ રીતે રાજી કરી  શકે. અનાજને સાફ કરી, ત્રણ વખત ધોઈ રસોઈ બનાવવી. માટલું વ્યવસ્થિત ત્રણ પાણીએ વીછળી, ગાળેલું શુદ્ધ પાણી તેમાં ભરવું. ઘી-તેલ વગેરે ગાળીને જ વાપરવું. આવી ચોખ્ખાઈ રાખવાની જીવનમાં ટેવ જ પાડી દેવી જોઈએ, જેથી ક્યારેય એ કાર્યોમાં ગાફલાઈ ન રહે. આવી ઝીણી ઝીણી બાબતો વિશે સેવિકાઓને સમજ આપી તેમનું એવું જીવનઘડતર કરતાં કે તેઓ પણ ભગવાનને રાજી કરવાના ગુણો કેળવી પોતાના ચૈતન્યની ઊર્ધ્વગતિ કરી શકે.

લીલાવતી ભણવામાં હોશિયાર હતાં, પરંતુ સંજોગોવશાત્ તેઓ વધુ ભણી શક્યાં ન હોવાથી નારાયણભાઈએ તેમને પૂછ્યું, ''તમારે ભણવું છે ? જો ભણવું હોય તો હું તમને ભણાવું.'' લીલાવતીને ભણવાનો શોખ ઘણો હતો. આથી તેમણે હા પાડી. ત્યારથી દરરોજ રાત્રે નારાયણભાઈ તેમને ભણાવતા. જે ભણાવ્યું હોય તે બીજા દિવસે લીલાવતીએ યાદ કરીને રાત્રે નારાયણભાઈ પાસે રજૂ કરવાનું. ગૃહકાર્યની બાબતમાં નારાયણભાઈ બહુ ચોક્કસ હતા. ભણવાના કાર્યમાં તેઓ ઢીલ ચલાવી લેતા નહિ. થોડો વખત આવું બરોબર ચાલ્યું. લીલાવતીનું શરીર કોમળ અને વય નાની, તેમાં ઘરનું સઘળું કામ કરવાનું. ચાલીને બહાર જઈ ઘરની વસ્તુઓ લાવવી, તેને સાફ કરી વ્યવસ્થિત યોગ્ય જગ્યાએ મૂકવી, શાકભાજી લાવવા, મહેમાન આવ્યા હોય તો તેમની આગતા-સ્વાગતા કરવી વગેરે નાનાં-મોટાં અનેક કાર્યો પાર પાડતાં લીલાવતી થાકી જતાં, એટલે નારાયણભાઈએ

શીખવાડેલું બરોબર મોઢે કરી શકતાં નહિ. મોઢે ન કર્યું હોવાથી આગળ શીખી શકાય નહિ. આમ થતાં લીલાવતીને અભ્યાસમાંથી રુચિ ઓછી થઈ ગઈ. તેમણે નારાયણભાઈને ભણવાની ના પાડતાં કહ્યું, ''મારે ક્યાં નોકરી કરવા જવું છે ? મારે આ લોકનું નથી ભણવું. તમારી સાથે રહી છું તો મને ભગવાનનું ધ્યાન કરતાં શીખવો. મારે તો એ શીખવું છે ને એ જ કરવું છે.'' આવું સાંભળતા નારાયણભાઈ બહુ રાજી થયા અને કહે, ''ભગવાનના સ્વરૂપનું ધ્યાન શીખો એ તો સૌથી ઉત્તમ છે. આ લોકમાં આવી છેવટે તો બધાએ એ જ કરવાનું છે. આ લોકનું ભણી તમારે શું કરવું છે ? મૂકો માથાકુટ.''

લીલાવતીની ધ્યાન કરવામાં અભિરુચિ જોઈને નારાયણભાઈએ તેમને મહારાજની મૂર્તિનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરતાં શીખવાડ્યું. લીલાવતીને મહારાજમાં વૃત્તિ રાખી ધ્યાન કરતાં તરત જ આવડી ગયું. તેમની વૃત્તિ તરત જ મૂર્તિમાં ચોંટી ગઈ. ધીરે ધીરે તેઓ વધુ ને વધુ ધ્યાનનો અભ્યાસ કરવા લાગ્યાં. પછી તો નારાયણભાઈ અને લીલાવતી બંને સામસામે બેસી ધ્યાનમાં ઊંડા ઊતરી મૂર્તિનું સુખ ભોગવતાં.

(પૂ. મામા પણ સેવકોને કહેતા કે તમારાં માસી ધારે ત્યારે મૂર્તિમાં વૃત્તિ સ્થિર કરી શકે છે અને પૂ. માસી પણ કહેતા કે બધા કહે છે, ધ્યાન કરતાં સંકલ્પ-વિકલ્પ બહુ થાય છે, પણ મને તો ધ્યાન કરતી વખતે શું સંકલ્પ ને શું વિકલ્પ એ કાંઈ ખબર જ પડતી નથી. ધ્યાન કરવામાં વળી એ બધું ક્યાંથી આડું આવે ?)

નારાયણભાઈ લીલાવતીને મહારાજની સર્વોપરિતા, બાપાશ્રીનો મહિમા, બાપાશ્રીએ સમજાવેલું રહસ્યજ્ઞાન વગેરે આધ્યાત્મિકતાનાં દરેકે દરેક પાસાંઓનું જ્ઞાન સમજાવતા. લીલાવતીને એ જ્ઞાન તરત સમજાઈ જઈ જીવમાં ઊતરી જતું. પછી તો લીલાવતી બીજાને પણ એ જ્ઞાન સમજાવી શ્રીજીમહારાજ પ્રત્યે અનન્ય નિષ્ઠા કરાવતાં. બીજા દેવી-દેવતાઓમાંથી શ્રદ્ધા કાઢી એક મહારાજમાં જ શ્રદ્ધા રાખવાથી જીવનું સારું થાય અને મહારાજ રાજી થાય એવું સમજાવી શ્રીજીમહારાજ પ્રત્યે શ્રદ્ધા દૃઢ કરાવતાં.

આમ નારાયણભાઈ અને લીલાવતીનું ઉત્કૃષ્ટ પ્રકારનું આધ્યાત્મિક જીવન વ્યતીત થવા લાગ્યું. તેમાં આ લોકની કહેવાતી સુખ-સમૃદ્ધિની તેમને ક્યાંય આવશ્યકતા જણાઈ નહિ કે આર્થિક સંકડામણ તેમને ક્યારેય અડચણરૂપ બની નહિ. સમાજ સમક્ષ બંનેએ એક આદર્શ દંપતિનું દૃષ્ટાંત ખડું કર્યું. શ્રી રામકૃષ્ણ પરમહંસ અને શારદામણિના દૃષ્ટાંત જેવું આ ઉત્કૃષ્ટ પ્રકારનું દૃષ્ટાંત અનેક ચૈતન્યોનું ઉત્થાન કરવા માટે સક્ષમ છે.

# ૫. પતિપરાયણતા

જેમ જેમ વર્ષો વીતતાં ગયાં, તેમ તેમ લીલાવતી નારાયણભાઈના ગમા-અણગમા, મરજી-નામરજીથી વાકેફ થતાં ગયાં. તેમણે પોતાનું જીવનઘડતર જ એ રીતનું કરી નાખ્યું હતું કે નારાયણભાઈને ગમે તે જ કરવું, જે ન ગમે તે તો ક્યારેય ન કરવું. તેમની મરજી તે જ પોતાની પણ મરજી. એમાં ક્યાંય પોતાનો ઠરાવ નહિ, પછી ગમે તે પરિસ્થિતિ હોય. નાની બાબત હોય કે મોટી બાબત, નારાયણભાઈની મરજી પ્રમાણે જ જીવન જીવવું તે તેમણે પોતાનો જીવનમંત્ર બનાવી દીધો હતો.

લીલાવતી સરસપુરથી ચાલીને કાલુપુર મંદિરે સત્સંગી બહેનો સાથે જતાં. પાછા આવતી વખતે ત્યાંથી શાકભાજી પણ લઈ આવતાં. આવું ઘણીવાર કરતાં. ઘરે આવતાં રસ્તામાં કેલિકો ડોમ આવતું. એક વખત લીલાવતીની નજર ત્યાંની દુકાનમાં લટકાવેલી એક સાડી પર ગઈ. તે સાડી તેમને ઘણી ગમી ગઈ. ભાવ પૂછતાં રૂ. ૭૫ની છે એમ કહ્યું. એ વખતે લીલાવતી પાસે તેમના ભાઈએ પસલીના આપેલા રૂ. ૧૦૦ પડ્યા હતા. તેઓએ ઘરે આવી નારાયણભાઈને વાત કરી કે મેં એક સાડી જોઈ છે. મને તે ગમી છે. તેની કિંમત રૂ. ૭૫ છે. જો આપ હા પાડો તો તમે મને એ સાડી લઈ આપો. મારા ભાઈએ આપેલા પૈસા મારી પાસે પડ્યા છે. નારાયણભાઈએ

લીલાવતીને સમજાવતાં કહ્યું, ''આપણે એવી ભારે સાડી પહેરીને શું કરવું છે ? એના કરતાં એમ કરો કે રૂ. ૩૫ વાળી બે સાડી લઈ લો તો વારાફરતી પહેરાય અને રૂ. ૫ વધે તો દૂધ-શાકમાં આપણને કામ લાગશે.'' આવું સાંભળતાં લીલાવતી કાંઈ બોલ્યા નહિ. કોઈ ચર્ચા પણ કરી નહિ, પરંતુ સામેથી કહ્યું, ''સારું તો રૂ. ૩૫ની બે સાડી લઈ આપો. તમે લાવી આપશો તે જ આનંદથી પહેરીશ.'' આ ઘટના પછી વર્ષો સુધી લીલાવતીએ એવા સસ્તા ભાવની જ સાડી પહેરી. આ ઘટના પછી તેમને એમ વિચાર થયો કે મને મોંઘી સાડી લેવાનું મન થયું જ કેમ ? પછી તો તેમણે મન જ એવું વૈરાગ્યવાળું કરી નાખ્યું કે કોઈ ભારે કે રજોગુણી વસ્તુ ગમે જ નહિ. ત્યાર બાદ એમને ભારે મોંઘી સાડીનો મોહ જ ઊતરી ગયો. પાછલી જિંદગીમાં જ્યારે નારાયણભાઈએ આર્થિક પરિસ્થિતિ થોડી સારી બતાવી, ત્યારે લીલાવતીની દૃષ્ટિએ તેમની પાસે ભારે ઘણી સાડીઓ રહેતી. ત્યારે તેઓ એવું કહેતાં કે હવે આ સાડીઓ છે, હું પહેરું છું ખરી, પણ મને હવે એનો જરા ય મોહ રહ્યો નથી. આપણે જોઈએ તો એ સાડીઓ સાદી અને સસ્તી જ હોય, પરંતુ લીલાવતીની દૃષ્ટિએ તે બધી ભારે હતી.

આ છે પતિવ્રતા નારી ! પતિની મરજી જેમાં ન હોય તે કરવું જ નહિ. નારાયણભાઈની ભારે સાડીમાં મરજી નથી તેવું જાણ્યા પછી ક્યારેય એ માગણી તો કરી જ નહિ, પણ મનમાં જ એ પ્રત્યે અણગમો કરી નાખ્યો.

એક વખત નારાયણભાઈ નેશનલ એવૉર્ડ લેવા

હૈદરાબાદ ગયા હતા. ત્યાંથી આવ્યા ત્યારે લીલાવતી માટે છ સાડીઓ લઈ આવ્યા. આવીને લીલાવતીને કહે, ''તમારા માટે છ સાડીઓ લઈ આવ્યો છું. ત્યાં સસ્તી મળતી હતી. રૂ. છની એક એટલે છ લઈ આવ્યો છું. તમારે હવે વારાફરતી પહેરાશે. આવો, તમને બતાવું.'' લીલાવતી કહે, ''હું પછી જોઈશ. તમે થાકીને આવ્યા છો. પહેલા નાહીને થોડો નાસ્તો કરો, દૂધ પીવો પછી શાંતિથી બતાવજો.'' નાસ્તો કર્યા પછી નારાયણભાઈએ સાડીઓ કાઢી તો દરેકે દરેક સાડીની ડિઝાઇન એકસરખી જ હતી, ફક્ત કલર જુદા હતા. આવી સાડી જોઈ લીલાવતી હસી પડ્યાં. નારાયણભાઈ કહે, ''કેમ, શું થયું ? શા માટે હસો છો ?'' લીલાવતી કહે, ''આ દરેક સાડીઓમાં ડિઝાઇન તો એક સરખી જ છે.'' નારાયણભાઈએ ત્યારે જ સાડીઓને ધારીને જોઈ અને બોલ્યા, ''એવો મને ખ્યાલ ન રહ્યો, હવે તમે આવી સરખી ડિઝાઇનવાળી સાડીઓ પહેરશો ?'' લીલાવતી કહે, ''તમે લાવ્યા છો તો હું આનંદથી પહેરીશ. ભલેને એકસરખી ડિઝાઇન રહી.''

આમ લીલાવતી ગમા-અણગમાથી પર થઈ ગયાં હતાં. બસ, ફક્ત નારાયણભાઈના રાજીપામાં રાજી રહેતાં.

એક વખત લીલાવતીના ભાઈનાં લગ્ન હતાં અને તેમણે નારાયણભાઈ પાસે મુંબઈ લગ્નમાં જવાની પરવાનગી માગી. ત્યારે તો નારાયણભાઈએ અનુમતિ આપી અને લીલાવતીએ જવાની બધી તૈયારી પણ કરી. જવાના દિવસે સ્ટેશને જવા ઘોડાગાડી આવીને બહાર ઊભી રહી, છેક ત્યારે નારાયણભાઈ કહે, ''અનંત જન્મમાં ઘણા ભાઈઓ થયા

હશે. તેમાંથી અત્યારે ક્યાં એ બધા યાદ છે ? જેવા એ બધા તેવા જ આ છે. તો પછી આમને પણ એ બધાના જેવા જ જાણો. એ બધાના પ્રસંગમાં ક્યાં જાઓ છો ? જવું હોય તો ય કેવી રીતે જવાના છો ?'' આવું સાંભળતાં લીલાવતીએ કહ્યું, ''તમારું વચન માથે ચડાવું છું. કાંઈ નહિ. ભાઈનાં લગ્નમાં નથી જતી, બસ.'' એમ કહી બધી તૈયારી કરી હોવા છતાં સગાભાઈનાં લગ્નમાં લીલાવતી ગયાં નહિ.

પતિવ્રતાના લક્ષણની આ પરાકાષ્ઠા કહી શકાય. પોતાનું ગમતું અને પોતાના બધા ઠરાવ સર્વ કાંઈ બાજુએ મૂકી દઈ પતિના ગમતામાં રહેવું તે લીલાવતીએ ચરિતાર્થ કરી બતાવ્યું.

સાસરામાં અતિશય આર્થિક તંગી, પતિની આવક ઓછી હોવા છતાં ય લીલાવતીએ ક્યારેય પિયરમાં પોતાના ભાઈઓને એ વિશે વાત કરેલી નહિ. તેમના ભાઈઓ જ્યારે તેમને મળવા આવે, ત્યારે તેઓ સારાં કપડાં પહેરતાં અને તેમના માટે જમવાનું પણ સારું સારું બનાવતાં. આથી તેમના ભાઈઓને લીલાવતીની આર્થિક પરિસ્થિતિની ખાસ જાણ નહોતી. ભાઈઓના ગયા પછી લીલાવતીને થોડો વખત વધુ કરકસર કરવી પડતી. થોડો વખત શાક વગર ચલાવે અને બીજી ચીજવસ્તુઓમાં કરકસર કરી મહિનો પૂરો કરતાં.

એક વખત કોઈ પણ જાતની આગોતરી જાણ કર્યા વગર અચાનક લીલાવતીના ભાઈ તેમને મળવા તેમના ઘેર પહોંચી ગયા. એ વખતે લીલાવતીએ થીગડાં મારેલાં કપડાં પહેર્યાં હતાં. બહેનની આવી પરિસ્થિતિ જોઈ ભાઈ દિલગીર થઈ

રડવા લાગ્યા. તેમને રડતા જોઈ લીલાવતીએ પૂછ્યું, ''ભાઈ, કેમ રડો છો ? શું થયું ?'' ભાઈ કહે, ''કાંઈ નહિ.'' લીલાવતીએ ફરી પૂછ્યું, ''કાંઈ નથી તો રડો છો શા માટે ?'' વારંવાર આગ્રહપૂર્વક પૂછતાં તેમના ભાઈએ કહ્યું, ''બહેન, તમારી સાવ આવી નબળી આર્થિક પરિસ્થિતિ છે કે તમારે આવા થીગડાં મારેલાં કપડાં પહેરવા પડે છે ? તમે તો અમને જાણ પણ કરતાં નથી.'' આવું સાંભળતાં લીલાવતીએ તેમના ભાઈને ખૂબ સુંદર જવાબ આપ્યો, ''ઓ...હો, એમાં રડવાનું શું ? અમારી ગરીબ સ્થિતિ છે. મારું લગ્ન નક્કી થયું ત્યારે તમે બધા નાના હતા. મને એમણે પૂછેલું અને ગરીબ છું એમ પણ જણાવેલું. હું એમની સાથે એ શરતે જ પરણી છું કે જેવું હશે એવું હું કરકસરથી ઘર ચલાવીશ ને આનંદથી તમારી સાથે રહીશ. તો થીગડું મારું એમાં શું શોભા જતી રહી ? કોઈ જુએ તો એમાં કંઈ આબરું નથી જતી. આબરું તો સારું કામ કરીએ તો સારી રહે. થીગડાંવાળાં કપડાંથી આપણી શોભા જતી ન રહે. ગરીબાઈથી કંઈ આપણી વાતો ન થાય. ગરીબી તો ભાઈ, આપણી શોભા છે. દાગીનો ન પહેરીએ ને સારાં વસ્ત્રો ન પહેરીએ તો શું વાંધો છે ? ગરીબાઈ હોય, પણ જીવન પવિત્ર હોય તો બધા ગુણ ગાશે. ભવિષ્યમાં ચોપડીમાં આપણા ગુણ લખશે. એમ નહિ કહે કે કપડાં સારાં ન પહેર્યાં કે આમ કર્યું. હવે તું રડ નહિ. તારા બનેવી આવશે તો એમને એમ થશે કે મેં ફરિયાદ કરી હશે. હવે છાનો રહે અને મુંબઈ જઈને આ વાત કોઈને કરતો નહિ.''

કેટલો ઠાવકાઈભર્યો સુંદર જવાબ ! બધી જ બહેનો માટે

આ એક આદર્શ ઉદાહરણ છે કે આર્થિક સંકડામણમાં પણ જો સાચી સમજણ હોય તો ગમે તેવી પરિસ્થિતિ આવે, સંતોષ અને આનંદથી રહી શકાય છે અને બીજું એ પણ શીખવા મળે છે કે પોતાની સાસરીની પરિસ્થિતિની જાણ પિયરમાં કરી ત્યાંથી મદદ માગવી નહિ. પોતાના પતિની આવકમાંથી જ ઘરવ્યવહાર ચલાવતાં શીખી ખુમારીથી આનંદમાં રહેતા શીખવું. જેને ભગવાન ભજવા છે એણે તો પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી આનંદમાં રહે તો જ ભગવાન પ્રસન્ન થાય છે.

એ દિવસે નારાયણભાઈને કામ હોવાથી રાત્રે તેઓ મોડા આવશે એવું એમણે કહેવડાવ્યું. આથી લીલાવતીએ તેમના ભાઈને કહ્યું, ‘‘ભાઈ, તું ખોટું ન લગાડતો, પરંતુ અત્યારે ઘરમાં હું એકલી છું. તારા બનેવી છે નહિ, તો તું રાત બીજે રહેવાની વ્યવસ્થા કરી લઈ સવારે તારા બનેવી ઘરમાં હોય ત્યારે આવજે. હવે મારાં લગ્ન થઈ ગયાં છે ને પતિવ્રતા સ્ત્રી તેના પતિની ગેરહાજરીમાં બીજા પુરુષ સાથે ન રહે, માટે તું સવારે આવજે.’’ ભાઈ તો બહેનની આવી પતિવ્રતાની નિષ્ઠા જોઈ દિગ્મૂઢ થઈ ગયા. તેમને બહેન પ્રત્યે અનહદ માન ઊપજ્યું અને ખુશીથી તેઓ રાત બીજે રોકાઈ બીજે દિવસે સવારે પાછા આવ્યા.

પતિવ્રતાના લક્ષણની આ પરાકાષ્ઠા છે. પતિ સિવાય બીજા કોઈ પુરુષ સાથે એક ઘરમાં એકાંતમાં ન રહેવું. એમ મુક્તો પોતાના વર્તન દ્વારા સમાજમાં આદર્શ પ્રસ્થાપિત કરે છે. અત્યારના કળિયુગમાં ધીમે ધીમે સંબંધોનું મૂલ્ય ઘટતું જાય

છે, ત્યાં જો પૂરતી મર્યાદા સાથે રહેવામાં આવે તો સંબંધો ક્યારેય કલંકરૂપ બને નહિ.

નારાયણભાઈની સાથે રહેતાં લીલાવતી શ્રીજીમહારાજની સર્વોપરિતા અને બાપાશ્રીનો મહિમા પૂર્ણપણે સમજી ચૂક્યાં હતાં. ઘરમાં આખો દિવસ એકલા હોવાથી મહારાજ તથા બાપાને સંભાર્યા કરતાં. મહારાજના મહામુક્ત હોવાથી તેમને મૂર્તિમાં લક્ષ પણ તરત થઈ જતો. આવી રીતે પ્રભુસ્મરણમાં તેઓ દિવસો પસાર કર્યા કરતાં. એક વખતે તેમને ટાઈફોઈડ થઈ ગયો હતો. એ એટલો બધો વધી ગયો કે તેમને દવાખાનામાં દાખલ કરવા પડ્યાં. નારાયણભાઈને તો શાળામાં ઘણું કામ હોય એટલે તેઓ કામે જતા રહેતા અને માણેકબેન (નણંદ) લીલાવતી પાસે રહેતાં. થોડા દિવસે તાવ ઊતરતા તેઓ દવાખાનામાંથી ઘેર આવ્યાં, પરંતુ અશક્તિ ઘણી હોવાથી ડૉક્ટરે દૈહિકક્રિયાઓ કરવાની ના પાડી હતી. ફક્ત આરામ કરવાની ખાસ સૂચના આપી હતી. નારાયણભાઈ તો લીલાવતીને ઘેર મૂકી આરામ કરવાની સલાહ આપી કામે જતા રહ્યા. લીલાવતી ઘરમાં એકલાં રહ્યાં. તેમને એમ થયું ડૉક્ટરે ના પાડી છે, પણ હું દવાખાનામાંથી આવી છું માટે મારે શરીરશુદ્ધિ માટે સ્નાન તો કરવું જ જોઈએ, પરંતુ પોતે એટલા બધા અશક્ત થઈ ગયાં હતાં કે ઊભા થવાની શક્તિ જ નહોતી. તેઓ સૂતાં હતાં ત્યાં સામે જ બાપાશ્રીની મૂર્તિ હતી. લીલાવતીએ સૂતાં સૂતાં જ બાપાશ્રીને પ્રાર્થના કરી કે, ‘બાપા ! મારે નહાવું છે, પણ આજે શરીર સાથ નથી આપતું. અશક્તિ ઘણી લાગે છે. શું

કરું ?' આમ પ્રાર્થના કરતાં હતાં ને બાપાશ્રીની મૂર્તિના અભય હાથમાંથી દિવ્યરૂપે જળધારા થઈ અને તે ધારામાં લીલાવતીએ સ્નાન કરી લીધું. લીલાવતીને આત્મસંતોષ થઈ ગયો. બાપાશ્રીએ લીલાવતીનો નહાવાનો સંકલ્પ પૂરો કર્યો.

જેમને મહારાજે પૃથ્વી પર મોકલ્યા હોય એવા મુક્તની સાથે મહારાજ હંમેશાં રહી તેઓના સંકલ્પ સત્ય કરે છે.

નારાયણભાઈ અને લીલાવતી ધ્રાંગધ્રાથી અમદાવાદ આવ્યાં ત્યારે સૌ પ્રથમ દરિયાપુરમાં રહેતાં હતાં. દરિયાપુરના એ ઘરમાં એક વખત મુક્તરાજ સોમચંદબાપા આ દંપતિને મળવા આવ્યા. નારાયણભાઈ અને સોમચંદબાપા બાપાશ્રીના અલૌકિક મહિમાની ને અદ્‌ભુત પ્રતાપની વાતો કરવા લાગ્યા. ત્યારે લીલાવતી પણ એક ખૂણામાં બેસી તેમની વાતો સાંભળતાં હતાં. સોમચંદબાપા બાપાશ્રીનો મહિમા ખૂબ સરસ રીતે વર્ણવતા હતા. મહિમા સાંભળી લીલાવતીને મનમાં જીજ્ઞાસા ઉત્પન્ન થઈ કે બાપા કેવા હશે, એ વખતે તેઓ કેવા લાગતા હશે ? મને બાપાનાં દર્શન ન થયાં. એ વખતે હું હોત તો બાપાનાં દર્શન કરી શકી હોત. હવે અત્યારે બાપા ક્યાંથી આવે ને હું તેમનાં દર્શન ક્યાંથી કરી શકું ? આમ પોતે ખેદ સાથે પસ્તાવો કરવા લાગ્યાં.

નારાયણભાઈ અને સોમચંદબાપાને વાતોમાં રાત પડી ગઈ. અંધારું થતાં લીલાવતી કોઈક કામસર ઊભાં થયાં એ વખતે ઘરમાં અંધારું હોવાથી પડી ગયાં ને બેભાન થઈ ગયાં, પરંતુ એ બેભાન અવસ્થા તેમને જીવનનું અવિસ્મરણીય ભાથું

આપતી ગઈ. ઉપરથી લાગતી એ બેભાન અવસ્થા વાસ્તવિક રીતે સમાધિ અવસ્થા હતી. લીલાવતીએ બાપાનાં દર્શનનો ઓરતો કર્યો તેમાં તો બાપાશ્રીએ તેમને પોતાના પ્રાગટ્યથી માંડીને સમગ્ર જીવનલીલાનાં એ સમાધિ અવસ્થામાં દર્શન કરાવ્યા ને છેલ્લે દિવ્ય તેજોમય એવા બાપાશ્રીનાં દર્શનથી લીલાવતી ધન્ય બની ગયાં. શરદપૂર્ણિમાનો એ દિવસ તેમના જીવનનો એક અતિ અમૂલ્ય અવસર બની ગયો.

સમાધિ અવસ્થામાંથી તેઓ જ્યારે બહાર આવ્યાં ત્યારે તેમની અવસ્થા બદલાઈ ગઈ હતી. દિવ્ય દર્શનનો આનંદ તેમના ચહેરા પર વર્તાતો હતો ને ચહેરો દિવ્યપ્રભાથી ઝળહળતો હતો.

પૂ. માસી જ્યારે પણ પોતાના એ અનુભવની વાત કરતાં, ત્યારે જાણે એ વખતે પણ તેમને એ દિવ્ય દર્શન થતું હોય એવા તાદૃશ્યભાવથી એમનો ચહેરો આનંદથી પ્રફુલ્લિત થઈ ઊઠતો. તેઓ એમ કહેતાં કે બાપાશ્રીનાં દિવ્ય તેજોમય દર્શન થયાં તે જ મારા જીવનનો સૌથી આનંદમય દિવસ છે. એમ કહી ‘મારે આનંદનો દિન આજ રે’ એવી પંક્તિ બોલતાં તેઓ દિવ્યાનંદમાં ગરકાવ થઈ જતાં. માસીને શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા અનાદિમુક્તો વિશે અતિ સ્નેહ ને દિવ્યભાવ હોવાથી શ્રીજીમહારાજ, બાપાશ્રી, સોમચંદબાપા, નારાયણમામા વગેરે અનેક મુક્તોનાં અવારનવાર દર્શન થયાં કરતાં. તેમની સાથે વાર્તાલાપ કરવાનો પણ આનંદ તેઓ માણતાં. તેઓ જ્યારે જ્યારે મોટો મંદવાડ ગ્રહણ કરતાં, ત્યારે તેમના દ્વારા મહારાજ ને બાપાશ્રી જ બધી ક્રિયા કરતા.

જમે તો મહારાજ જમે છે, બોલે તો મહારાજ બોલે છે એવો પોતાને તો અનુભવ થતો જ, પણ સેવામાં રહેલા સેવક-સેવિકાઓને પણ એવા દિવ્યભાવની અનુભૂતિ થતી. ભક્તચિંતામણિમાં અવલબાઈની વાત આવે છે કે તેઓ મહારાજરૂપ વર્તતાં, ત્યારે તેમના મુખે મહારાજ બોલતા હતા. આવી જ દિવ્યસ્થિતિ પૂ. માસી પણ ઘણી વખત જણાવતાં.

# ૬. સેવાધર્મ

શૈક્ષણિક વ્યવસાયમાંથી થોડી વહેલી નિવૃત્તિ લઈ નારાયણભાઈએ પોતાનો સંપૂર્ણ સમય સત્સંગસેવા પાછળ ખર્ચવાનું નક્કી કર્યું. જ્યારે તેઓ સત્સંગમાં પ્રસિદ્ધિ પામ્યા, ત્યારે સત્સંગ સમુદાય આ દંપતિને 'મામા' તથા 'માસી'ના હુલામણા નામથી સંબોધવા લાગ્યો. માસી એટલે મા સમાન અને માસી પણ બધાને માતાની જેમ જ પ્રેમ આપી જાળવતાં. જેમ જેમ સત્સંગમાં લોકો મામા-માસીને ઓળખતા થયા, તેમ તેમ વધુ ને વધુ લોકો તેમનાં દર્શને આવવા લાગ્યા. તેમાં કેટલાય તો પોતાની મૂંઝવણ લઈને આવતા, તો કોઈ આશીર્વાદ લેવા, તો વળી કોઈ આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવા આવતા.

જે કોઈ આવે તેને માસી પોતાની અનુકૂળતા પ્રમાણે માતૃતુલ્ય વાત્સલ્ય સાથે નાસ્તારૂપે થોડું ઘણું જમાડ્યા બાદ જ તેમને રજા આપતાં. જ્યારે જમાડે ત્યારે એટલા બધા આગ્રહપૂર્વક પ્રેમથી જમાડે કે જમનારને પોતાપણું જણાય ને વિના સંકોચે ગ્રહણ કરી સંતોષ પામી ત્યાંથી વિદાય થાય. તેઓ કહેતાં, ''એક તો બિચારા મુશ્કેલીમાં હોય, બહારગામથી આવ્યા હોય, થોડો નાસ્તો કરે તો ટાઢક થાય. જો કોઈ બહુ જ ના પાડે તો કહું - પાણી તો પીને જ જજો.'' બધાને જમાડવાનો માસી ઘણો આગ્રહ રાખતાં. તેમની આવી પ્રકૃતિ શરૂઆતથી જ હતી. મામા નોકરી કરતા અને ઓછી

આવક હતી ત્યારે પણ ઘરે જે કોઈ આવે તેમને યથાશક્તિ પ્રેમપૂર્વક જમાડતાં. આ સિલસિલો તો જીવનના અંતિમ દિવસો સુધી ચાલુ રહ્યો હતો.

ઘરે કોઈ આવે ત્યારે પાણી કઈ રીતે આપવું, ડિશમાં ફળો અને બીજો નાસ્તો કઈ રીતે મૂકવો, બે-ત્રણ વસ્તુઓ હોય તો કેટલી મૂકવી, એ બધી વસ્તુઓને ડિશમાં કઈ રીતે વ્યવસ્થિત ગોઠવવી વગેરે દરેકે દરેક ઝીણી બાબતોનું ધ્યાન રાખવાનું પણ પોતે સેવક-સેવિકાઓને શીખવતાં. મહેમાનોનો આદર સત્કાર કઈ રીતે કરવો, વડીલો સાથે કઈ રીતે મર્યાદામાં રહી વાત કરવી. એવી બાબતો વિષે પણ સમજણ આપતાં, જેથી આવનાર પૂર્ણપણે સંતોષ પામીને જાય.

મિશનમાં દર્શનાર્થે આવતા સંતો માટે પણ ફળફળાદિ મોકલવાનું તેઓ ચૂકતાં નહિ.

માસીએ ચોકસાઈ, ચોખ્ખાઈ, સુઘડતા, નિયમિતતા, પવિત્રતા, નિર્મળતા વગેરે ગુણોને પોતાના જીવનમાં વણી લીધા હતા. એ બાબત તેઓ ક્યારેય સમાધામ કરતાં નહિ. આ કારણે જ સમર્થ સંત મુનિસ્વામી તેમના ઘરે ઉપરના મેડે એક મહિનો રહ્યા હતા, ત્યારે મામાએ તો સ્વામીની અંગત સેવા કરી તેમને રાજી કર્યા જ હતા, માસીએ પણ અનાજ સાફ કરી આપવું. ઘી, તેલ, પાણી, દૂધ વગેરે સામગ્રી ગાળી શુદ્ધ કરીને આપવી અને તેમની મર્યાદાનું પૂરેપૂરું ધ્યાન રાખી તેમને કોઈ જાતની અડચણ ન પડે તે રીતે પરોક્ષ રીતે તેમની સેવા કરી તેમનો રાજીપો મેળવ્યો હતો.

મુક્તરાજ સોમચંદબાપાનાં બહેનો મુક્તરાજ પૂ. દિવાળીબા તેમજ મુક્તરાજ જીવુબા પણ તેમને ત્યાં રોકાયાં ત્યારે માસીએ તેમની પણ બહુ ચીવટ રાખી આનંદપૂર્વક સેવા કરી હતી. દિવાળીબાના પગ દાબવા, તેમને બામ ઘસી આપવું, તેઓની રુચિ પ્રમાણે રાબ, ખીચડી વગેરે બનાવી દેવું એ સર્વપ્રકારે તેમનું ધ્યાન રાખી તેમનો રાજીપો પણ તેમણે મેળવ્યો હતો. તે જ રીતે જીવુબાની પણ તેમણે સેવા કરી હતી. કાલુપુર મંદિરમાં રહેતાં પવિત્ર ત્યાગી ડોશી દેવબાની પાસે અવારનવાર જઈ સેવાથી તેમને પણ રાજી કરતાં.

સોમચંદબાપાને તો ઘણીવાર થાળ કરી જમાડીને તેમનો રાજીપો મેળવ્યો હતો. માસી જે ચોકસાઈ અને ચોખ્ખાઈથી 'મહારાજ માટે થાળ બનાવું છું' એવા દિવ્યભાવ સાથે બનાવતાં તે સોમચંદબાપાને ખૂબ જ પસંદ પડતું. તેઓ કહેતા કે, 'મહારાજ માટે બનાવેલી રસોઈ ઘણી જ સ્વાદિષ્ટ છે.' તેમજ મનસુખબાપા અને આશાબાપા જેવા મુક્તો પણ જ્યારે ઘરે પધારતા ત્યારે તેમનું આતિથ્ય-સત્કાર કરી, એ મુક્તોની અભિરુચિ અને અનુવૃત્તિ જાણી મુક્તોને સેવારૂપ થતાં. મુક્તોની સેવા કરતાં ક્યારેય તેઓ થાકતાં નહિ. આનંદપૂર્વક સેવા કરતાં. સેવા કરવાનો આવો સુંદર ગુણ તેમણે જીવનમાં પૂર્ણપણે વિકસાવ્યો હતો.

મુક્તરાજ મામાની તો સમગ્ર જીવનપર્યંત પરમાત્માની જ સેવા થાય છે એવા દિવ્યભાવથી જ સેવા કરી. પતિ પરમેશ્વર તેવું જ તેઓ માનતાં અને પોતાનો પતિવ્રતાનો ધર્મ પૂરેપૂરો પાળતાં.

# ૭. અનુવૃત્તિ ને આત્મીયતા

મોટા મુક્તોનો દિવ્યભાવ રાખી અને તેમની અનુવૃત્તિ સાચવવાથી ધીમે ધીમે તેમની સાથે એકાત્મતાનો ભાવ દૃઢ થતો જાય છે. માસીને પણ મામાની અનુવૃત્તિ સાચવવાનું અંગ હોવાથી મામા સાથે આત્મીયતા થઈ ગઈ હતી. મામાને ક્યારે કઈ વસ્તુ જોઈશે, સવારે ઊઠે ત્યારે ગરમ પાણી કરવાથી માંડી રાત્રે સૂતી વખતે ઓઢવાની ચાદર સુધીની દરેક ઝીણી- મોટી વસ્તુ મામા કહે તે પહેલાં જ હાજર રાખતાં. મામાને ક્યારેય વસ્તુ માગવી પડતી નહિ. ઝીણામાં ઝીણી વસ્તુ પણ તેના યથાસ્થાને મૂકેલી જ હોય, જેથી મામા ત્યાં જાય કે તરત જ તેમને વસ્તુ મળી રહે તે રીતે ગોઠવીને રાખતાં. કયા સમયે મામાને કઈ વસ્તુ જોઈશે તે માસી સુપેરે જાણતાં. જાણે મામાનું મન કળી લેતાં ન હોય ! કેવી આત્મીયતા ! માસીનું જીવન મામામય જ બની ગયું હતું. જીવનમાં કોઈ પણ વાત મામાની મરજી વિરુદ્ધની થતી નહિ. જે મામાને ગમે, પોતાને પણ તે જ ગમે. જે મામાને ભાવે, પોતાને પણ તે જ ભાવે. પોતાનું સમગ્ર જીવન એવું કરી નાખ્યું હતું કે એમની રુચિ એ મારી રુચિ.

એક વખત તેમને અણસાર આવ્યો હતો કે મામાને ગુલાબી રંગ ગમે છે. ત્યાર પછી પોતે મોટે ભાગે ગુલાબી રંગની સાડી પહેરતાં. મામાને ચોખ્ખાઈ ગમે તો મને પણ

એમ જ રહેવું ગમે. તેઓ સમયના પાબંદ છે, તો હું પણ સમયની પાબંદી જાળવીશ. મામાને ધ્યાન કરે છે એ બહુ ગમે છે, તો હું પણ વધુમાં વધુ ધ્યાન કરી મહારાજ તથા તેમનો રાજીપો મેળવીશ. પત્નીધર્મ પૂરેપૂરો પાળવાથી તેઓ રાજી થાય છે, આથી પોતે સંપૂર્ણપણે પતિવ્રતાધર્મ નિષ્ઠાપૂર્વક આજીવન પાળ્યો. તેમાં નાની બાબતો પણ આવી જતી. સવારે નાહી-પૂજા કરી તેઓ મામાનાં દર્શન કરી તેમને પગે લાગતાં. મામા કહે, ‘‘આ શું કરો છો ?’’ ત્યારે જવાબ આપતાં કે, ‘‘પતિવ્રતા સ્ત્રીનો ધર્મ છે કે સવારે પતિ પરમેશ્વરનાં દર્શન કરી તેમને પગે લાગવું.’’ આમ માસીનું સમગ્ર જીવન મામામય જ બની ગયું હતું. મામા વગરનો દિવસ તેઓ ક્યારેય કલ્પી શકતાં નહિ. તેમનું સંપૂર્ણ જીવન પૂર્ણ રીતે પતિપરાયણ હતું.

મામા અને માસી જ્યારે વિદેશ ગયાં, ત્યારે પણ માસી મામાની સગવડતાનું ખાસ ધ્યાન રાખતાં. બીજાના ઘરે તેમને કોઈ જાતની અડચણ ન પડે તેની સતત કાળજી રાખતાં. પોતાને કોઈ તકલીફ પડે તે તેઓ ગણતાં જ નહિ, પરંતુ મામાને ખાવાની કે સૂવાની કે બીજી કોઈ પણ જાતની તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવાનું તે ઘરની વ્યક્તિઓને સૂચના આપી મામાનું કાળજીપૂર્વક ધ્યાન રખાવતાં.

બાપાશ્રીનાં વચન પ્રમાણે કે મુક્તોનો બાહ્યવૃત્તિથી અને અંતર્વૃત્તિથી સમાગમ કરવો, તે પ્રમાણે જ માસી બહારથી મામાના સુખે સુખી ને મામાના દુઃખે દુઃખી રહેતાં. તે જ રીતે અંતર્વૃત્તિએ જેમ મામા મૂર્તિમાં જોડાઈ રહેતા તે રીતે માસી

પણ અંતર્વૃત્તિએ મામાને સંભારી મૂર્તિમાં જોડાઈ જઈ અંતર્વૃત્તિએ પણ સમાગમ કરતાં.

માસી મામામય બની ગયાં હતાં, તો સામે પક્ષે મામા પણ માસીનું એટલું જ ધ્યાન રાખતા. ક્યારેક કોઈએ કાંઈ મહેણું માર્યું હોય અને માસીનો અતિ લાગણીશીલ સ્વભાવ હોવાથી તેઓ રડી પડતાં અને તેમને ઘણું લાગી આવતું. એ વખતે તેમને ખાવાનું પણ ભાવતું નહિ. ત્યારે મામા તેમને ખૂબ જ પ્રેમપૂર્વક સમજાવી કહેતા, ''આ લોકના જીવો તો ગમે તે બોલે. તેની રીસ જમવા ઉપર ન ઉતારાય. પહેલાં જમી લો પછી રીસ રાખજો. તમે નહિ જમો તો હું પણ નહિ જમું.'' 'નહિ જમું' એવું મામા કહે એટલે તરત જ માસી રીસ મૂકી દઈ જમી લેતાં. માસી માંદા પડ્યાં હોય ત્યારે મામાને કામ હોવાથી તેમની પાસે બેસી શકતાં નહિ, પરંતુ સેવા કરનાર બહેનને પૂરેપૂરી સૂચના આપી પછી જ બહાર જતા. માસીની નિર્મળતા, નિર્દોષતા, પતિવ્રતાપણું, સહનશીલતા, સુઘડતા, નિર્માનીપણું, સાદગી વગેરે અનેક ગુણો જે માસીએ જીવનમાં વિકસાવ્યા હતા તે બધા ગુણોથી મામા પોતે વાકેફ હતા. તેઓ પોતે પણ માસીનું માન ખૂબ જાળવતા.

મામા ઘણી વખત સેવકોને માસીનો મહિમા સમજાવતા કહેતાં કે, ''તમારાં માસી જેવા નિર્મળ, નિર્દોષ, પતિવ્રતા સતી અત્યારે બ્રહ્માંડમાં શોધ્યા જડે તેમ નથી. તેમની સેવા કરવાથી ગોપાળાનંદ સ્વામીની સેવા કર્યા જેટલું ફળ મળે તેમ છે. તમારાં માસીને તમે કોઈ ક્યારેય દુભવશો નહિ. તેઓ પૂર્ણ સતી છે. માટે તેમની નારાજગી વહોરવી નહિ. તેમની

નારાજગી વહોરવાથી મહારાજ રાજી ન થાય. તેમને ક્યારેય ઉદાસ થવા દેશો નહિ. તેઓ ઉદાસ થઈ મૂર્તિમાં જોડાઈ જશે તો પછી બહાર નહિ આવે. તેમને ક્યારેય એકલાં મૂકતા નહિ, સદાય દિવ્યભાવ રાખી તેમની સેવા કરજો, તો શ્રીજીમહારાજ રાજી થઈને એનું અનેકગણું ફળ આપશે.''

મામા-માસી એકબીજાના પૂરક હતાં. મામા તો પૂર્ણ મુક્ત સ્થિતિને પામેલા મુક્ત હતા જ, પરંતુ તેમનાં સહધર્મચારિણી બની રહી માસી પણ સમર્થ મુક્ત દશાને પામ્યાં હતાં. તેમના જીવન એકમેકમાં એવાં વણાઈ ચૂક્યાં હતાં કે એકનો ઉલ્લેખ કરતાં આપોઆપ જ બીજાનો ઉલ્લેખ આવી જ જાય. મામાની વાત કરતાં માસીની વાત આવે જ અને માસીના જીવનનો કોઈ પ્રસંગ લઈએ તો તેમાં મામાનો ઉલ્લેખ હોય જ. આમ જે સંબંધ સ્વયં શ્રીજીમહારાજે નિર્માણ કર્યો હોય તે સંબંધ પૂર્ણરૂપે એક આદર્શ સંબંધ હોય જ તેમાં કોઈ મીનમેખ ન હોય !

# ૮. એકાત્મતા

જીવોનું આત્યંતિક શ્રેય કરવું એ જ જેમનો જીવનમંત્ર હતો. એ કલ્યાણકારી કાર્ય કરતાં જીવો જ્યારે પોતાનાં કષ્ટો જણાવે, ત્યારે પોતાના સહજ દયાળુ સ્વભાવને કારણે તેઓને દૂર કરતાં, પરંતુ કેટલાકનાં કઠણ પ્રારબ્ધકર્મોનાં કષ્ટોને દૂર કરવા શ્રીજીમહારાજને પ્રાર્થના કરી પોતે તેને ગ્રહણ કરીને પોતાના દેહ દ્વારા મંદવાડરૂપે બતાવતાં. પૂ. મામાએ જ્યારે હૃદયરોગરૂપે મંદવાડ ગ્રહણ કર્યો, ત્યારે માસીનું હૈયું હાથ રહ્યું ન હતું. ઉપરથી તો તેઓએ ધીરજ રાખી હોય તેવું લાગતું હતું, પરંતુ અંદરખાને તેઓએ ખૂબ જ આઘાત પામ્યાં હતાં. એ રાત્રે તેમણે તથા અંતરંગ સેવકોએ મામાને હૃદયના ખરા ભાવથી મંદવાડને રજા આપી લાંબો સમય દર્શનીય રહેવા માટે આર્તનાદે પ્રાર્થના કરી હતી. છેલ્લે તો માસીએ પોતાનો હક્ક જતાવતાં હોય એમ કહ્યું, ‘‘આપે રહેવું જ પડશે. આપે મને વચન આપ્યું છે.’’ આવું કહેતાં ત્યારે તો મામાએ મંદવાડને રજા આપી હતી, પરંતુ સંપૂર્ણ સ્વસ્થતા તો થોડા દિવસો પછી જ જણાવી હતી.

એ દિવસોમાં માસીએ પોતાનું સંપૂર્ણ ધ્યાન એક મામા પ્રત્યે જ કેંદ્રિત કરી દીધું હતું. જરા ય આરામ નહિ, મનમાં બસ એક જ ભાવ કે તેઓ જલદી સાજા થઈ જાય. સેવક-સેવિકાઓ બહુ આગ્રહ કરી કહે કે માસી, તમે થોડીવાર

તો આરામ કરો, નહિ તો પછી આપનું સ્વાસ્થ્ય કથળશે તો મામાની સેવા કોણ કરશે ? સેવકો એમ કહે ત્યારે પોતે થોડીવાર આરામ કરે. એમનું શરીર આરામ કરતું દેખાય, પરંતુ તેમનું મન તો તે વખતે પણ મામાના સ્વાસ્થ્યની ચિંતામાં જ ઉદ્વિગ્ન રહ્યા કરતું. એ આરામના સમયે પણ આંખો બંધ હોવા છતાં પોતે એમ બોલ્યા કરતાં હોય કે તમારા મામાને નાસ્તો આપવાનો સમય થયો છે તો તેમને નાસ્તો આપો. તેમને થોડો જ્યૂસ તો આપો. તેમને હવે ભૂખ લાગી હશે. જ્યારે તેઓ જાગે ત્યારે સેવિકાઓ કહે, ‘‘માસી, તમે આવું બોલતાં હતાં.’’ ત્યારે પોતે ગદ્‌ગદ થઈ કહેતા, ‘‘મારું મન તો તેમની પાસે જ છે. તમે પરાણે મને અહીં આરામ કરવા લઈ આવો છો. અત્યારે તેમને મારી ખાસ જરૂર છે. મારા શરીરને શું થવાનું હતું ? જો એ સાજા-સારા રહેશે તો હું સાજી-સારી જ રહીશ અને જો તેઓ માંદા રહેશે તો હું કઈ રીતે સાજી રહી શકું ? અત્યારે મને કોઈએ એમની સેવામાંથી દૂર રાખવી નહિ.’’ આ રીતે એવા ભાવવિભોર થઈ બોલે કે પછી તેમને કોઈ કાંઈ કહી શકે જ નહિ. એ સ્વતંત્રપણે ગ્રહણ કરેલા ગંભીર મંદવાડમાંથી પોતાની મરજીથી જ મામા સંપૂર્ણ સ્વસ્થ થયા ત્યારે જ તેમને શાંતિ થઈ અને તેઓ આરામથી સૂઈ શક્યાં.

મામાએ જ્યારે અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો હતો, ત્યારે માસીને પણ મામા સાથેની એકાત્મતાને કારણે મંદવાડ જેવું થઈ ગયું. શરીરમાં એકદમ અશક્તિ આવી ગઈ. પોતે જમવામાં પણ રુચિ જણાવતાં નહિ. જગત પ્રત્યે પણ ખૂબ જ

ઉદાસીન થઈ ગયાં, જાણે મામાના મંદવાડમાંથી થોડો મંદવાડ પોતે ગ્રહણ કરી લીધો ન હોય ? દેખીતી રીતે કોઈ બીમારી ન જણાય, પરંતુ માસીનું શરીર ખૂબ જ દુર્બળ થઈ ગયું. કદાચ તેમને એવો અણસાર આવી ગયેલો કે હવે મામા દેહલીલા સંકેલવાનો સંકલ્પ કરે છે. એટલે પોતે તેમની પહેલાં જ દેહત્યાગ કરી દેવો એમ વિચારી દેહ ને જગત પ્રત્યે અતિ ઉદાસ થઈ ગયાં. પોતે સૂનમૂન બેસી રહે. કોઈ બહુ આગ્રહપૂર્વક જમાડે તો થોડું જમે, પણ તેમાં રુચિ નહિ. આમ સમય જતાં તેમનું શરીર સાવ અશક્ત થઈ ગયું. એક રાત્રે મહારાજ, બાપાએ દર્શન આપી તેમને કહ્યું, ''તમે ઉદાસ થઈ બેઠા છો, પણ હાલ અમે તમને ધામમાં લઈ જવાના નથી, માટે ઉદાસીનતા છોડી દો.''

મામા સાથેની એકાત્મતાને કારણે માસીને મંદવાડ થઈ ગયો તો સામા પક્ષે મામાએ પણ માસીના એ મંદવાડમાં તેમનું પૂરતું ધ્યાન રાખવા માંડ્યું. દિવસમાં ત્રણ-ચાર વખત સેવકો પાસે માસીના સમાચાર પૂછે. માસીને કંઈક સૂચનાઓ આપવી હોય તો સેવકો પાસે કહેવડાવે. સેવિકાઓને માસીનું બરોબર ધ્યાન રાખવાનાં સૂચનો આપે. આમ બંને જણાએ એકાત્મપણું જણાવ્યું. મામા માસીની ઉદાસીનતા ટાળવા એવું કહેવા માંડ્યા કે તમે કેમ સાવ આવા થઈ ગયા છો ? બહેનો જે થાળ બનાવી લાવે છે તે મને ભાવતો નથી. તમે મને કાંઈ બનાવીને જમાડતા નથી. તમે કંઈક બનાવી આપો તો મને ભાવે. માસીના શરીરમાં જરા પણ શક્તિ રહી ન હતી. એટલે તેઓ કહેવડાવે કે મારાથી કંઈ થઈ શકે એમ નથી. ત્યારે મામા

કહેતા કે સેવિકાઓની મદદ લઈ મહારાજને સંભારી તેમના માટે બનાવતા એ રીતે બનાવો. મામા આમ કહે એટલે માસીને થોડો ઉત્સાહ આવે અને મામા ભૂખ્યા રહે છે એ વિચારે જ તેઓ ધીમે ધીમે ઊભાં થઈ રસોઈ બનાવે ને મામાને ભાવથી જમાડે. મામા તેમની રસોઈ વખાણે કે તમારા જેવી સ્વાદિષ્ટ ને સાત્ત્વિક રસોઈ કોઈને આવડતી નથી, એટલે માસી રાજી થાય. આ રીતે ધીમે ધીમે મામાએ માસીની ઉદાસીનતા ટળાવી. ત્યાર બાદ માસીની તબિયતમાં થોડો સુધારો થયો,પરંતુ માસીને સંપૂર્ણ સ્વસ્થતા ન આવી. માસીની તબિયત થોડી સુધરતા મામાએ પોતાના અંતર્ધાન થવાના સંકલ્પ પ્રમાણે અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો હતો.

# ૯. કુશળ સંચાલક

૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના રોજ મામા મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા. આ આઘાત માસી માટે જીરવવો અતિ અસહ્ય થઈ પડ્યો હતો, છતાં શ્રીજીમહારાજે પ્રેરેલી ધીરજથી માસી સ્વસ્થ રહી શક્યાં. એમની ધીરજ જોઈને સત્સંગ સમુદાયને ધીરજ બંધાઈ હતી, પરંતુ ત્યાર બાદ મામાની સ્મૃતિ થતાં જ તેઓ દ્રવી જતાં. તેઓ એમ જ કહ્યાં કરતાં કે એમના વગર હવે જીવનમાં મને કોઈ રસ રહ્યો નથી. મામાનું કાર્ય સંભાળવાની જવાબદારી હવે પોતાની છે, એમ વિચારી મામાની ગેરહાજરી તેમને ખૂબ જ સાલતી હોવા છતાં તેમણે મિશનના સંચાલનની સંપૂર્ણ જવાબદારી પોતાને માથે લઈ છેવટ સુધી માર્ગદર્શન આપી કુશળતાપૂર્વક મિશનનું સંચાલન સંભાળ્યું. મામાના અંતર્ધાન થયા પછી મિશનને સત્સંગમાં આગવું વિશિષ્ટ સ્થાન અપાવ્યું. સ્વામિનારાયણ ડિવાઈન મિશનનો સ્થાપના દિન દશેરા, શ્રીહરિ જયંતી, બાપાશ્રીનો પ્રાગટ્ય દિન, મામાશ્રીનો પ્રાગટ્ય દિન, મામાશ્રીની અંતર્ધાન તિથિ, બેસતું વર્ષ, ગુરુપૂર્ણિમા, રક્ષાબંધન, મકરસંક્રાંતિ, શરદપૂનમ વગેરે પર્વોએ બધાંએ ભેગાં થઈ સત્સંગ કરવાનું તેમણે સૂચન કર્યું અને એ પ્રમાણે એ પર્વોએ બ્રહ્મયજ્ઞ ઉજવવાનો પ્રારંભ કરાવ્યો. તેઓ કહેતાં કે, ‘‘હું ન હોઉં ત્યારે પણ આમ વારંવાર બધા ભેગા થઈ મહારાજ અને

મુક્તોને સંભારે તો સત્સંગમાં સંપ, એકતા ને નિષ્ઠા જળવાઈ રહે, નહિ તો ધીમે ધીમે સત્સંગ ઘસાતો જાય. એટલે હું છું ત્યારથી મારી હાજરીમાં જ આ પ્રથા  પાડી દઉં તો પાછળથી બધા ભેગા થઈ સત્સંગ કરે.'' પૂ. માસી મિશનની દરેક પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લઈ તેના ઉત્કર્ષ માટે વિવિધ આયોજનો કરતાં ને બધા પ્રસંગોએ હાજરી આપતાં. આ રીતે મામાના અંતર્ધાન બાદ તેમનું કાર્ય હવેથી પોતાનું જ કાર્ય છે એવી રીતે એક કુશળ સંચાલક તરીકેની જવાબદારી તેઓએ સુપેરે નિભાવી.

મામાના દેહોત્સર્ગ પછી એક પણ દિવસ એવો નહિ વીત્યો હોય કે તેમણે મામાને ન સંભાર્યા હોય. મામાના અંતર્ધાન થયા પછી મામાએ દિવ્યરૂપે માસીને દર્શન આપી પાણી માગ્યું અને માસીએ પાણી લાવી મામાને આપ્યું એવા દર્શન આપી માસીને પ્રતીતિ કરાવી કે તેઓ જતા રહ્યા નથી, પણ સત્સંગમાં શ્રીજીમહારાજ સાથે સદાય પ્રગટ જ છે. આમ તો શ્રીજીમહારાજની સાથે તેમને મામાની સ્મૃતિ રહેતી જ, પરંતુ કામમાંથી નવરાશ મળે કે તરત જ તેઓ સેવક-સેવિકાઓ પાસે મામાની સાથેના પોતાના પ્રેરણાદાયી જીવનપ્રસંગોને વાગોળતાં અને તેનું વર્ણન એવી અસરકારક રીતે કરતાં કે એ પ્રસંગ જાણે એ વખતે જ બની રહ્યો ન હોય ! આમ કરી તેઓ મામાના અખંડ સાંનિધ્યમાં રહેવા માગતાં હોય એ રીતે વર્તતાં. મામા મનુષ્યરૂપે પ્રગટ હતા ત્યારે તેમની સેવા કરી અનુસંધાન રાખતાં અને હવે તેમની દિવ્યસ્મૃતિ સાથે જીવનપ્રસંગો વર્ણવી અનુસંધાન રાખતાં. આમ, તેમનું

જીવન મામામય જ બની ગયું હતું. મામાએ તેમને જીવન જીવવાની જે રીત શીખવી, એ પ્રમાણે જ તેઓ જીવનનિર્ગમન કરતાં રહ્યાં.

શ્રીજીમહારાજની આજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરવું, આજ્ઞાપાલન ને ધર્મપાલનમાં ક્યારેય બાંધછોડ કરતાં નહિ. મામાને જેવી ચોખ્ખાઈ ને ચોકસાઈ ગમતી, તેવી જ ચોખ્ખાઈ ને ચોકસાઈ તેઓ પોતે પણ રાખતાં. સેવામાં આવનાર સેવક-સેવિકાઓને પણ ચોખ્ખાઈ, ચોકસાઈ, સુઘડતા, સાદગી, નિયમિતતા, આજ્ઞાપાલન, કરકસર, શિસ્તપાલન, સત્યાચરણ વગેરે સદ્‌ગુણો જીવનમાં ઉતારવાનું શીખવતાં. રૂમાલની ઘડી કરવા જેવી નાની બાબત પણ પોતે કરીને શીખવતાં. રૂમાલના છેડાને વ્યવસ્થિત વાળી, ભાર દઈને, હાથ ઘસીને જાણે ઈસ્ત્રી કરી હોય એમ વ્યવસ્થિત ઘડી કરીને દેખાડતાં. ભગવાનની પ્રતિમાઓને લૂછવી હોય ત્યારે ફ્રેમને જે કપડાથી લૂછી હોય તે કપડું મૂર્તિ લૂછવા માટે ન વાપરવું, પણ બીજું સ્વચ્છ - મુલાયમ કપડું લઈ ભગવાન પ્રત્યક્ષ છે એવા દિવ્યભાવ સાથે મૂર્તિ લૂછવી, એમ શીખામણ આપતાં. પોતે એમ કહેતાં કે ઉતાવળથી કોઈ કામ કરવું નહિ. ત્રણ કામ કરતાં હો તો બે કરો, પણ કામમાં પૂરતી ચીવટ ને જાગૃતિ રાખી કરો. આ રીતે સેવક-સેવિકાઓનું ઉત્તમ પ્રકારે જીવન ઘડતર કરતાં, જેથી ભાવિ પેઢી મામાના આદર્શોને લક્ષમાં રાખી ઉત્કૃષ્ટ પ્રકારનું ચારિત્ર્ય નિર્માણ કરી શકે.

# ૧૦. મંદવાડની લીલા અને અંતિમ વિદાય

ત્રિવિધ તાપોથી કષ્ટ પામેલા દુઃખી જીવો તેમની પાસે આવે તો તેમને પૂ. માસી આશીર્વાદ આપી તેમનાં દુઃખોને દૂર કરવા શ્રીજીમહારાજને પ્રાર્થના કરતાં. પૂ. મામા તથા મોટા મોટા મુક્તોને સેવા કરી રાજી કર્યા હોવાથી અને તેઓ પોતે પણ મુક્ત સ્થિતિના હોવાથી તેમની પ્રાર્થના શ્રીજીમહારાજ તરત સ્વીકારી દુઃખીઓનાં કષ્ટોનું નિવારણ કરી આપતાં. અમુક લોકોનાં પ્રારબ્ધકર્મોનાં કષ્ટો પોતે ગ્રહણ કરી પોતાના દેહ દ્વારા મંદવાડરૂપે બતાવતાં. એમણે સ્વતંત્રપણે ગ્રહણ કરેલો મંદવાડ ક્યારેક લાંબો ચાલતો, પણ તેઓ ઈચ્છે ત્યારે મંદવાડને રજા પણ આપી દેતાં ને સ્વસ્થ થઈ જતાં, ત્યારે નબળાઈ કે અશક્તિનાં કોઈ ચિહ્નો પણ જણાવતાં નહિ. આવું ઘણી વાર બનતું. કોઈ વાર મંદવાડ લાંબો ચાલે તેમ છતાં પોતાનો મંદવાડ દૂર કરવા માટે શ્રીજીમહારાજને પ્રાર્થના કરતાં નહિ. સેવકો પ્રાર્થના કરવાનું કહે ત્યારે એમ કહેતાં કે તમારા મામાએ પોતાને માટે મહારાજને પ્રાર્થના કરવાની ના પાડી છે એટલે હું મારે માટે પ્રાર્થના કરતી નથી, કારણ કે મામા એમ કહેતા કે મહારાજ પાસે પોતાને માટે માગવું એ સકામભાવ કહેવાય. આ દેહનું શું છે ? મહારાજની મૂર્તિમાં જોડાઈ જઈએ તો દેહના દુઃખ જેવું કંઈ રહેતું નથી.

મહારાજની મૂર્તિમાં તો નકરું સુખ જ છે. દેહરૂપે વર્તીએ તો દુઃખ લાગે ને ?

મુક્તોને તો દેહભાવ છે જ નહિ, પણ દેહધારી સામાન્ય મનુષ્ય તો ફક્ત બાહ્યદૃષ્ટિએ જુએ એટલે એને તો એમ જ થાય કે આમને કેટલું બધું કષ્ટ પડતું હશે ! માસીને તો દેહના કષ્ટ જેવું કંઈ લાગતું જ નહિ. પાછલી અવસ્થાએ તેમણે મંદવાડ ગ્રહણ કર્યો તે લાંબો ચલાવ્યો. તેમાં ૨૨ નવેમ્બર, ૨૦૦૯ના તો મંદવાડ ઘણો જ વધી જતાં અંતઅવસ્થા જેવું થઈ ગયું. એ વખતે મહારાજ, બાપાશ્રી અને મામા સહિત અનેક મુક્તો માસીને ધામમાં તેડવા આવ્યા હતા. ત્યારે ત્યાં હાજર રહેલા સેવકોને કહ્યું કે, ‘‘મહારાજ, બાપા તેડવા આવ્યા છે તો અત્યારે મારી સાથે જેને આવવું હોય તેને હું મારી સાથે ધામમાં તેડી જઈશ.’’ આ સાંભરી સેવકોએ ઘણી પ્રાર્થના કરી કે આપ મહારાજને કહો કે હજી આપની આ લોકમાં ઘણી જરૂર છે. હમણાં ધામમાં જતાં રહેશો તો કેટલાંય કાર્યો અટકી પડશે. માટે શ્રીજીમહારાજ, બાપાશ્રી ને મામાને અમારા સૌ વતી વિનંતી કરી કહો કે આપને રાખે. સેવક-સેવિકાઓની અતિ આજીજીપૂર્વકની વિનંતીથી ત્યારે તો મહારાજ માસીને રાખી ગયા. ત્યાર બાદ તબિયતમાં થોડો સુધારો થયો, પરંતુ માસી પોતાની અંતરંગ સેવિકાઓને કહેતાં કે, ‘‘આ બધાંએ પ્રાર્થના કરી મને રાખી છે, પણ આ વખતે હું હવે ઊભી થઈ શકવાની નથી.’’ અને ખરેખર બન્યું પણ એવું જ કે તેઓ તે મંદવાડમાંથી ઊભાં ન થયાં, કારણ કે તેમની પોતાની મરજી જ સંપૂર્ણ સ્વસ્થ થવાની ન હતી. સેવકોની પ્રાર્થનાથી મહારાજે

માસીને વધુ એક વર્ષ દર્શનીય રાખ્યાં, પરંતુ મોટે ભાગે તેઓ પથારીવશ જ રહ્યાં ને જગત પ્રત્યે વધુ ને વધુ ઉદાસીન રહેવા લાગ્યાં. દિવસમાં વધુ સમય તેઓ ઊંડા ઊતરી મૂર્તિના ધ્યાનમાં મગ્ન રહેતાં.

ધ્યાનમાંથી જ્યારે જાગૃત થાય ત્યારે સેવકો પાસે કથા કરાવે, કીર્તનો ગવરાવે, ધૂન કે નામજપ કરવાનું કહે - વગેરે પ્રભુપ્રસન્નતાની ક્રિયાઓ કરાવતાં. ભોજન પ્રત્યે પણ રુચિ સાવ ઓછી કરી નાખેલી. સેવકો બહુ આગ્રહ કરે, ત્યારે માંડ એક-બે ગ્રાસ જમાડે. આમ ખોરાક સાવ ઓછો થઈ જવાથી શરીર વધુ ને વધુ અશક્ત થવા લાગ્યું. સેવિકાઓ પગની કસરત કરવાનું કહે તો પોતે એમ બોલે કે, ‘‘મારે હવે ક્યાં ચાલવું છે ? હવે તો બસ તમારા મામા અને મહારાજ આ દેહમાંથી છોડાવી મૂર્તિના સુખમાં લઈ જાય તેની જ રાહ જોઉં છું.’’ આમ પૂરું વર્ષ પથારીમાં જ પસાર કર્યું. શરીરની આવી નાદુરસ્તી હોવા છતાં જ્યારે સભાપ્રસંગ હોય અને મહારાજની આરતી ઉતારવાની હોય તે વખતે શરીરમાં પોતે સ્ફૂર્તિ જણાવતાં ને પ્રસન્ન ચિત્તે ઉત્સાહથી મહારાજની આરતી કરી બધાને આત્યંતિક મોક્ષનાં, છેલ્લા જન્મનાં આશીર્વચનો આપતાં. દરેક વખતે શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવા વિશે વધુ ભારપૂર્વક જણાવતાં, ‘‘ભલે બધો વ્યવહાર કરો, પણ થોડો સમય કાઢીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવાનો અભ્યાસ કરો. ધ્યાન કરવું એ મામાને બહુ જ ગમતું, માટે બધા ધ્યાનનો અભ્યાસ કરો.’’ એમ આગ્રહપૂર્વક જણાવતાં. પોતાની સેવામાં રહેલી સેવિકાઓને પણ ઘરમાં નિષ્ક્રિય બેસી

ન રહેતાં ધ્યાન કરવાનું કે માળા ફેરવવાનું કહેતાં અને કહેતાં કે મારે જ્યારે તમારું કામ હશે ત્યારે તમને બોલાવીશ, પણ ત્યાં સુધી મહારાજને સંભારો, જગતની બહુ વાતો નહિ કરતાં માળા કે ધ્યાનમાં સમય વિતાવો. પછી બધી સેવિકાઓ પણ તે પ્રમાણે વર્તવા લાગી તેથી માસી ખૂબ રાજી થતાં.

સેવિકાઓ અને સેવકો માસીની સેવામાં હંમેશાં તત્પર રહેતાં. કોઈ થાક કે કંટાળાની વાત કરતા નહિ, બધા દિવ્યભાવે સહિત ઉત્સાહપૂર્વક માસીની સેવા કરતા. દરેકને એ ખ્યાલ હતો કે માસીની સેવા કરવાથી શ્રીજીમહારાજ, બાપાશ્રી અને મામા ખૂબ રાજી થશે અને આપણું જીવન ધન્ય બની જશે. એક ડૉક્ટર સેવકે પણ પોતાની દવાખાનાની પ્રૅક્ટિસ છોડી રાત-દિવસ માસીની સેવામાં રહી હૃદયના ખરા ભાવથી માસીની સેવા કરી રાજીપો મેળવ્યો.

ધામમાં જવાના બે દિવસ પહેલાં સેવકોને બોલાવી છેલ્લી આજ્ઞાઓ આપી, પરંતુ એ વખતે કોઈને ખ્યાલ ન આવ્યો કે માસી અત્યારે આવું શા માટે બોલે છે ? એ આજ્ઞાઓ આ પ્રમાણે હતી :

‘‘શ્રીજીમહારાજે કહ્યું છે કે મારી આજ્ઞા પૂરેપૂરી પાળજો તો એ પ્રમાણે શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ રહેજો. ધર્માદો પૂરેપૂરો કાઢવો. કોઈ ગરીબ હોય અને પરિસ્થિતિ સારી ન હોય તો ઓછું આપે, પણ ધર્માદો તો કાઢવો જ. ગરીબોને મદદ કરવી. આપણી પાસે ઓછું હોય તો ઓછું આપવું, પણ જેમતેમ બોલીને તેમનું અપમાન કરી  કોઈના નિઃસાસા ન

લેવા. ઘણા પૈસાવાળા પોતે ઘણી વસ્તુ લે અને ગરીબોને ન આપે અને તેમનું અપમાન કરે એમાં મહારાજ રાજી ન થાય. મહારાજની આજ્ઞા ઠેઠ સુધી પાળજો અને ભગવાન ભજી લેજો. ધ્યાન કરવાનો અભ્યાસ કરજો, ધ્યાન કરી મૂર્તિ પાકી કરવાના પ્રયત્નો નિષ્ઠાપૂર્વક કરશો તો મહારાજ અને તમારા મામા ઘણા રાજી થશે.''

પૂ. માસીનાં છેલ્લી અવસ્થામાં બોલાયેલાં આ આજ્ઞાવચનો જોતાં એમ જ જણાય છે કે આ વચનો સ્વયં શ્રીહરિજીએ તેમનામાં રહીને કહ્યાં હોય ! આ સાદાં જણાતાં વચનો પણ સમગ્ર જીવનનું આમૂલ પરિવર્તન કરવા ને ચૈતન્યની ઊર્ધ્વગતિ કરાવવા માટે સક્ષમ છે.

સેવિકાઓને બોલાવી તેમના ઉપર પાણી છાંટી છેલ્લા જન્મના આશીર્વાદ આપી તેઓને પણ ઉપર મુજબની આજ્ઞા પ્રમાણે વર્તવાનું જણાવ્યું. સેવિકાઓને પણ એ વખતે ખ્યાલ આવવા ન દીધો. બે-ત્રણ દિવસોથી સેવિકાઓને એટલું પૂછ્યા કરતાં કે, ''પાંચમ ક્યારે છે ? આજે કઈ તિથિ થઈ ?'' અને તા. ૨૬ નવેમ્બર, શુક્રવારે તો સવારથી જ શરીરમાં સ્ફુર્તિ બતાવવા માંડી. જાણે મંદવાડને રજા આપી દેવાના હોય એ રીતે વર્તવા લાગ્યાં. એક વર્ષથી ચાલતા લાંબા મંદવાડનાં લક્ષણો જાણે અદશ્ય થઈ ગયાં ! સવારે સ્નાન કરતી વખતે જ આગ્રહપૂર્વક માથું પણ ધોવરાવ્યું ! સેવિકાઓએ કહ્યું, ''માથું બપોરે ધોઈશું, અત્યારે ફક્ત સ્નાન કરી લો. આવી અશક્તિમાં માથું ધોવાથી ઠંડી લાગશે.'' તેમ

છતાં સવારે જ માથું ધોવરાવ્યું અને ચહેરા ઉપર સ્ફુર્તિ જણાવી સેવિકાઓને પૂછ્યું, ''આજે પાંચમ છે ને ?'' સેવિકાઓએ હા પાડી એટલે આનંદમાં આવી ગયાં. જાણે પોતે ટાઈમટેબલ સેટ કરી રાખ્યું હોય તે પ્રમાણે દરેક ક્રિયાઓ કરવા લાગ્યાં. પહેલાં તો રોજ સેવક-સેવિકાઓ ખાવા માટે કે કોઈક કસરત કરવા માટે કે ડૉક્ટરના કહેવા મુજબ તડકામાં થોડી વાર બેસવા માટે કહેતા તો પોતે તેમાં જરા પણ રુચિ ન દેખાડતાં અને ના પણ પાડી દેતાં, પરંતુ તે દિવસે તો પોતે દરેક ક્રિયા કરવામાં અનેરો ઉત્સાહ બતાવ્યો. સામેથી જ કહેવા લાગ્યાં કે, ''મને તડકામાં બેસાડો. લાવો, થોડો જ્યૂસ આપો.'' એમ કહી પોતાના હાથમાં ગ્લાસ લઈ જ્યૂસ પીધો. પગની થોડી કસરતો પણ કોઈની મદદ લીધા વગર જાતે કરી બતાવી. બપોરે ઠાકોરજી જમાડવા પણ બેઠાં થયાં અને થાળ પણ પોતાની મેળે જ જમ્યાં. દરરોજ તો સેવિકાઓની મદદથી બધી ક્રિયા કરતાં, પણ એ દિવસે તો સ્વતંત્ર રીતે બધી ક્રિયાઓ કરવા લાગ્યાં. જાણે દર્શાવતાં હોય કે મંદવાડ તો દેખાવ માત્ર તમને બધાને સેવા કરવા ને પ્રારબ્ધ કાપવા રાખ્યો છે. સ્વતંત્રપણે મેં ગ્રહણ કરેલો છે. હું ધારું ત્યારે તેને રજા આપી શકું છું.

બપોરે લગભગ અઢી વાગ્યે સેવિકાને કહ્યું કે, ''મિશનમાં જઈ ભગવાનને જગાડો.'' સેવિકાએ કહ્યું કે, ''માસી, હજી તો અઢી વાગ્યા છે ને ભગવાન પોઢ્યા છે.'' તો કહે કે, ''હું જાગું છું એટલે ભગવાન પણ જાગશે.'' પછી કહે કે, ''મને તૈયાર કરો. મારે મહારાજની આરતી કરવા જવું છે.'' પ્રાર્થના હૉલમાં જઈ સાડાત્રણ વાગ્યે પોતે

મહારાજની આરતી ઉતારી. સેવિકાઓને કહ્યું, ‘‘મારે આનંદનો દિન આજ રે... એ કીર્તન બોલો.’’ સેવિકાઓએ એ કીર્તન ગાયું ત્યારે માસીનો ચહેરો અનેરા આનંદથી પુલકિત થઈ ઊઠ્યો. આ વાત કોઈ સેવિકાથી અજાણ ન રહી. મનમાં જાણે કહેતાં હોય કે, ‘‘મહારાજ, તમારું સોંપેલું જીવન તમારી આજ્ઞા પ્રમાણે જીવી, જીવોને તમારા તરફ વાળી અને હવે તમારી પાસે આવવાનો સમય થઈ ગયો છે.’’ ત્યાર બાદ ‘તમારી મૂર્તિ વિના મારા નાથ’ એ કીર્તન ગવરાવ્યું. એ કીર્તન સાંભળતાં જ પોતે મહારાજની મૂર્તિ સાથે તદ્રુપ થઈ ગયાં ને મૂર્તિમાં ઊંડા ઊતરી ગયાં. એ કીર્તન માસીને એટલું બધું પ્રિય હતું કે તે લગભગ દરરોજ ગાતાં ને ગવરાવતાં. ત્યાર પછી ધૂન કરાવી ઘરે આવ્યાં.

સાંજે છ વાગ્યે ફરી પાછા મહારાજની આરતી કરવા ગયાં. આટલી બધી સ્ફુર્તિ દાખવતા હોવાથી અને માસીના ચહેરા પર અનેરો આનંદ છવાઈ ગયેલો જોઈ બધાને આનંદ આનંદ થઈ ગયો કે માસીએ હવે મંદવાડને ચોક્કસ રજા આપી દીધી છે. બધા ઉત્સાહમાં આવી ગયા, પરંતુ એ આનંદ-ઉત્સાહ ક્ષણજીવી સાબિત થયાં. તેઓને કોઈ કલ્પના પણ ન હતી કે માસી શું ધારીને બેઠાં છે. રાત્રે ૧૦.૨૨ વાગ્યે સેવિકાને કહે, ‘‘જો અક્ષરધામની મહારાજની મૂર્તિમાંથી દિવ્ય તેજ નીકળે છે.’’ આટલું છેલ્લું વાક્ય બોલી રહ્યાં અને ચહેરા પર આનંદની રેખા ઊપસી આવી ને તેમણે આંખો બંધ કરી દીધી. સેવિકાઓએ વિચાર્યું કે આજે આખો દિવસ માસીએ ઘણો શ્રમ લીધો છે એટલે થાકી ગયાં હશે, એટલે ભલે સૂતાં.

પરંતુ સેવિકાને આશ્ચર્ય તો એ વાતનું થયું કે ઉપર્યુક્ત વાક્ય બોલી માસી તરત જ કઈ રીતે સૂઈ ગયાં ! પછી માસીને ખલેલ ન પડે એ રીતે ધીમેથી ચાદર ઓઢાડી, લાઈટ બંધ કરી રૂમની બહાર આવી ગયા. માસીએ પણ આ વખતે જાણે નક્કી કર્યું હોય કે બધા પ્રાર્થના કરી મને ધામમાં જતાં રોકશે અને મારે રહેવાની ઈચ્છા નથી, એટલે પોતે આટલું બોલી તરત જ દેહલીલા સંકેલી લીધી અને પોતે જે સુખમાં હતાં તે જ સુખમાં લીન થઈ ગયાં.

રૂમની બહાર આવ્યા પછી દવા આપવાનો સમય થયો હોવાથી સેવિકાને એમ થયું કે માસી પૂરા ઊંઘમાં આવે એ પહેલાં દવા આપી દઈએ તો પછી તેમને ખલેલ ન પડે ને શાંતિથી તેઓ સૂઈ શકે. આમ વિચારી દવા આપવા રૂમમાં જઈ લાઈટ ચાલુ કરી, પણ માસીએ તેનો પ્રતિભાવ ન આપ્યો. ચહેરા પર એ જ આનંદની ઉપસેલી રેખા અકબંધ હતી. આમ જોઈ સેવિકાના મનમાં ધ્રાસકો પડ્યો કે હું રૂમની બહાર ગઈ એટલી વારમાં માસીને શું થઈ ગયું ? તેણે બીજા રૂમમાં બેઠેલી અન્ય સેવિકાઓને બોલાવી. બધાંએ 'માસી - માસી' કહી બોલાવ્યા, પરંતુ માસીએ તો કોઈ ઉત્તર આપ્યો નહિ કે કોઈ હલનચલન કર્યું નહિ. બધા અવાચક થઈ ગયા કે આ શું બની ગયું ? કોઈ બની ગયેલી હકીકત માનવા તૈયાર ન હતા. બુદ્ધિ જે હકીકત રજૂ કરતી હતી, મન તે માનતું ન હતું. મનમાં કોઈક ચમત્કાર થવાની આશા હતી. દરેકને ખ્યાલ આવી ગયો હતો કે સૌનાં પ્યારાં પૂ. માસી હવે તેઓ વચ્ચે નથી રહ્યાં. છતાં ય મનમાં એક જૂઠી આશા હતી કે

હમણાં માસી જાગશે ને કંઈક બોલશે, પરંતુ મહારાજની મરજી કંઈક જુદી જ હતી. પોતાના વહાલા મુક્તને તેમણે પોતાના સુખમાં ખેંચી લીધાં હતાં.

બધા પર તો જાણે આભ ફાટ્યું હતું. મનમાં એક જ વિચાર ઘૂંટાયા કરતો હતો કે માસી આમ અચાનક ચાલ્યાં ગયાં ? અત્યારે સેવિકાઓને માસીના સવારથી આનંદમાં રહેવાના રહસ્યની જાણ થઈ. પોતે નક્કી કર્યું હતું કે આજે પાંચમે મારે શ્રીજીના સુખમાં જતાં રહેવું છે અને માટે જ સવારથી ઉત્સાહમાં હતાં. મંદવાડને રજા આપી જાણે ક્યારેય મંદવાડ હતો જ નહિ. પોતાની દરેક ક્રિયા આનંદ અને ઉત્સાહથી કરી અને રાત્રે સ્વતંત્રપણે દેહનો ત્યાગ કરી સુખમાં ગરકાવ થઈ ગયાં. મહારાજ અને અ. મુ. પૂ. મામાએ એ વખતે સૌને ધીરજ પ્રેરી. થોડી કળ વળતાં સેવિકાઓએ મિશન પરિવારના અન્ય સભ્યોને જાણ કરી. બધા સભ્યો તરત જ હાજર થઈ ગયા. હવે શું કરવું તેની વિચારણા કરી સત્સંગ સમાજને જાણ કરી. આવા કપરા સમયમાં પણ સેવિકાઓએ સંયમ ને ધીરજ રાખી માસીને તૈયાર કર્યાં.

ઘણા લોકો તો રાત્રે જ દર્શન કરવા આવી ગયેલા. બીજે દિવસે સવારના નવ વાગ્યાથી સત્સંગી હરિભક્તો માટે પૂ. માસીનાં અંતિમ દર્શનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમ જેમ સવાર પડતી ગઈ, તેમ તેમ દર્શનાર્થીઓનો ધસારો વધવા લાગ્યો. એટલા બધા લોકોનો સમૂહ એકઠો થયો હોવા છતાં વાતાવરણમાં એક પ્રકારની શાંતિ હતી. બધા 'સ્વામિનારાયણ' નામનો મંત્ર જપતા હતા અને શાંતિથી

માસીનાં દર્શન કરતા હતા. આ વખતે સેવકો ને સેવિકાઓએ પૂરતી વ્યવસ્થા ગોઠવી હતી કે જેથી આવનાર દરેક જણને સંતોષપૂર્વક માસીનાં દર્શન થઈ શકે. દરેક જણ શાંતિથી દર્શન કરતા જાય અને બહાર આવતા જાય. ગુરુકુળના વિદ્યાર્થીઓએ આવીને જનમંગલ સ્તોત્રનો પાઠ કર્યો ત્યારે વાતાવરણ વધુ દિવ્ય બની ગયું હતું. માસીને પુષ્પાંજલિ અર્પ્યા બાદ એક વાગ્યે માસીની છેલ્લી આરતી ઉતારવામાં આવી. આરતી બાદ માસીને પાલખીમાં બેસાર્યાં ત્યારે સેવિકાઓએ ને સેવકોએ જે ધીરજના બંધ બાંધી રાખ્યા હતા તે છૂટી પડ્યા. બધાં સજળ નેત્રોએ માસીની અંતિમ વિદાય નિહાળી રહ્યાં. કોણ કોને દિલાસો આપે ? બધા સરખી જ મનોવેદના અનુભવી રહ્યા હતા. મન માનતું ન હતું કે આ છેલ્લી વિદાય છે. હવે આ મૂર્તિના મનુષ્યરૂપે ફરી ક્યારેય દર્શન નહિ થાય એ વિચારે જ બહેનોનો સમૂહ પણ માસીની પાલખીની આજુબાજુ વીંટળાઈ ગયો. ભાઈઓએ દરેકને શાંતિ જાળવવા અનુરોધ કર્યો, પરંતુ એ વખતે તે શક્ય ન હતું. બધા વિલાપ કરતાં હતાં. તેમનાં વહાલાં માસીની વિદાય તેમનાથી સહેવાતી ન હતી.

કેટલાંય બહેનો માસીની પાલખીની સાથે સાથે ચાલી માસીની જ્યાં અંતિમવિધિ કરવાની હતી ત્યાં સુધી ગયાં. કદાચ આ પહેલો જ પ્રસંગ હશે કે વાડજની એ કૈલાસભૂમિમાં આટલી મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હોય ! ત્યાં પહોંચતાં પહેલાં રસ્તામાં અસંખ્ય લોકો માસીનાં દર્શન કરી ધન્ય બન્યાં. પાલખીમાંથી સેવકો પ્રસાદીનાં પુષ્પો ને રૂપિયા

ઉછાળતા તે માસીની અંતિમ સ્મૃતિના પ્રતીકરૂપે લોકો લઈ લેતા હતા. સ્મશાનભૂમિમાં પણ અશ્રુભીની આંખ હોવા છતાં બધા 'સ્વામિનારાયણ' નામનું ઉચ્ચારણ સતત કરતા હતા. સાંખ્યયોગી બાઈઓએ છેલ્લી આરતી ઉતાર્યા બાદ માસીના પવિત્ર દેહને ચિતામાં પધરાવવામાં આવ્યો. ઘી તથા સુગંધીમાન દ્રવ્યોનું લેપન કર્યા બાદ અગ્નિ અર્પણ કરતી વખતે અગ્નિ સ્પર્શતો ન હતો. એ વખતે સેવકને પૂ. મામાએ વર્ષો પહેલાં કહેલી વાત યાદ આવી. મામાએ કહ્યું હતું કે, ''તમારાં માસી લાડુબા-જીવુબા જેવાં મહાસતી છે એટલે તેમને અગ્નિ સ્પર્શ નહિ કરે, પણ હું જે રીતે પ્રાર્થના શીખવાડું એ રીતે તમે પ્રાર્થના કરશો પછી જ અગ્નિ સ્પર્શ કરશે.'' ત્રણ-ચાર વખત પ્રયત્ન છતાં અગ્નિ સ્પર્શ કરતો ન હતો. પછી સેવકની પ્રાર્થના બાદ અગ્નિએ સ્પર્શ કર્યો ને અગ્નિસંસ્કાર થયા અને માસીનો પંચભૂતાત્મક દેહ પંચભૂતમાં વિલીન થઈ ગયો. તા. ૨૭ નવેમ્બર, ૨૦૧૦ - બપોરે ત્રણ વાગ્યે અંતિમવિધિ સંપન્ન થઈ.

માસી મૂર્તિને સુખે સુખિયા થયાં તે તિથિ પાંચમ હતી. તેઓ તે તિથિ બે દિવસ પહેલાંથી જ સંભારતાં હતાં. મામાની અંતર્ધાન તિથિ પણ પાંચમ હતી. તેઓ જાણે કહેતાં હોય કે હું પતિવ્રતા સ્ત્રી છું એટલે પતિ વગર મારું નોખું અસ્તિત્વ ન સંભવે. તેઓના નામમાં મારું નામ, તેમના સ્મરણમાં મારું સ્મરણ, તેમની ઓળખમાં મારી ઓળખ છે, માટે મારી જુદી સ્મૃતિ નહિ. તેમના ભેળી જ મારી સ્મૃતિ. એટલે તેમની તિથિના દિવસે હું પણ એમની સાથે શ્રીજીમહારાજની મૂર્તિમાં

વિલીન થઈ રહીશ !

આ રીતે પૂ. લીલામાસી ભૌતિકદેહથી અદૃશ્ય થઈ ગયાં છે, પરંતુ મુક્તોને આવા-ગમન ન હોવાથી મહારાજની સાથે સદાકાળ દિવ્યભાવે સત્સંગમાં રહે છે. કોઈ ભક્ત અતિ હેતથી દિવ્યભાવે તેમને સંભારે ને પ્રાર્થના કરે તો તેની પ્રાર્થના સ્વીકારી જરૂર તેને સહાય કરે છે. બાપાશ્રી પણ કહે છે કે, ''મુક્ત અદૃશ્ય હોય, પણ દિવ્યભાવે સંભારે તો પ્રગટ જેવું જ કામ કરે છે.''

મુક્તરાજ પૂ. માસીએ અનેક સેવિકાઓ ને સેવકોમાં સંસ્કાર સિંચન કરી તેઓનું ઉત્કૃષ્ટ પ્રકારે જીવન ઘડતર કર્યું છે. અનેકની ત્રિવિધતાપથી રક્ષા કરી, કષ્ટો દૂર કરી સુખ-શાંતિ-આરોગ્ય ને સમૃદ્ધિ પ્રદાન કર્યાં છે. સત્સંગના અગ્રગણ્ય સંતો ને હરિભક્તો પણ પૂ. માસીનો આદર કરતા ને તેમની પાસેથી શુભાશિષ મેળવી પોતાની જાતને ધન્ય બનાવતા. પૂ. માસીનું માતૃતુલ્ય વાત્સલ્ય, પ્રેમ, ઔદાર્ય, કરુણા, અનુકંપા વગેરે ગુણોથી સભર સ્ફટિક સમાન પારદર્શી પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમનાં દર્શન કરનાર દરેકના હૃદયને સ્પર્શી જતું અને હૃદયમાંથી ઊઠતો અંતર્નાદ એ વાતની પ્રતીતિ કરાવતો કે આપણે આ મુક્તની કૃપાવર્ષામાં આવીને અભયપદને પામી ચૂક્યા છીએ.

આવા સમર્થ મુક્તના કલ્યાણકારી ગુણોને આપણા જીવનમાં આત્મસાત્ કરી તેમની પ્રસન્નતાના પાત્ર બનવા પ્રયત્ન કરીશું તો જ સાચા અર્થમાં આપણે તેમને દિવ્યાંજલિ

અર્પી ગણાશે.

સાંપ્રત સમયમાં પતિ-પત્નીના પવિત્ર સંબંધોમાં ઓટ અને ખોટ બંને વર્તાય છે. એકબીજા પ્રત્યે હૃદયમાં અતૂટ પ્રેમને બદલે કટૂતા ને વૈમનસ્ય જન્મ્યા છે. હવસ-વાસના સંતોષવાના કે પોતપોતાનો અંગત સ્વાર્થ સાધવાના પેંતરા રચાય છે એને લઈને છૂટાછેડા, અવૈદ્ય સંબંધો, વ્યભિચાર, બળાત્કાર કે હત્યા જેવા જઘન્ય અપરાધો થવા એ રોજબરોજની ઘટનાઓ બની ગઈ છે. સમાજની આવી કથળતી જતી પરિસ્થિતિમાં દિશાહીન થયેલા ને રાહભૂલેલાઓ માટે પૂ. મામા ને પૂ. માસીનું દાંપત્ય દીવાદાંડીરૂપ ને અજોડ છે. પૂ. માસી જેવું આદર્શ પતિવ્રતાપણું અને પૂ. મામા જેવી પત્ની પ્રત્યેની વફાદારી, નિષ્ઠા ને નિર્દોષ પ્રેમ જો સર્વના દાંપત્યમાં પ્રગટે તો સમાજમાં રહેલાં અનેક પ્રકારનાં દૂષણો ને સંઘર્ષોનો આપોઆપ અંત આવી જાય ને સારા ય વિશ્વમાં સર્વત્ર સુખ, શાંતિ ને આનંદ પ્રસરે. દરેક જણ પોતાનો તથા અન્યનો સરળતાથી અભ્યુદય સાધી દુર્લભ ગણાતું મનુષ્યજીવન સાર્થક કરી શકે. પ્રભુને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ કે આવી વિશુદ્ધ ભાવના વાસ્તવિકતામાં પરિણમે !

# ગુણદર્શન

પરમાત્મા સાથે પૂર્ણ ઐક્ય સાધેલા મુક્તમાં પરમાત્માના દિવ્ય કલ્યાણકારી ગુણો પૂર્ણરૂપે વિકસેલા હોય જ છે. મુક્ત જ્યારે સ્ત્રીરૂપે પ્રગટ થાય છે, ત્યારે સ્ત્રીચૈતન્યોના ઉત્થાન, ઉત્કર્ષ ને અભ્યુદય માટે કેટલાક વિશિષ્ટ ગુણો પ્રગટ કરે છે, જેથી સ્ત્રીભક્તો સ્ત્રીમુક્તના સેવા સાંનિધ્યમાં રહી એ દિવ્ય ગુણોને પોતાના જીવનમાં આત્મસાત્ કરવાની અખૂટ પ્રેરણા ને બળ મેળવી શકે. પૂ. લીલામાસીએ પોતાના જીવનમાં સતીત્વ, પતિવ્રતાપણું, સંયમનિષ્ઠા, આજ્ઞાપાલન, સત્યનિષ્ઠા, સેવા, સાદગી, નીડરતા, ચોકસાઈ, ચોખ્ખાઈ, સુઘડતા વગેરે અનેક સદ્‌ગુણોનું દર્શન કરાવ્યું છે. જેના અનુસરણથી સ્ત્રીભક્તો સરળતાથી પોતાના જીવનઘડતરની સાથે ચૈતન્યનું ઊર્ધ્વગમન કરી શકે એવા શુભાશયથી અહીં ગુણદર્શન કરાવ્યું છે.

# ૧. સતીત્વ

સતીનો અર્થ એમ છે કે 'સત્' એટલે આત્મા અને 'ઈ' એટલે ગતિ અર્થાત્ આત્માની પરમ સત્રૂપ એવા પરમાત્મા પ્રત્યે ઊર્ધ્વગતિ એટલે સતી.

સતીગીતા ગ્રંથમાં અ. મુ. સ. ગુ. મુક્તાનંદ સ્વામી લખે છે :

સૂરજ સરખી પતિવ્રતા, જેને પ્રભુસંગ પ્રીતિ;
કાળ તણે શિર પગ દઈ, સહેજે જગ જીતી.
સીતાના જેવું સત્ય ગ્રહી, સેવે નિજ સ્વામી,
હરિથી વિમુખ પતિ હોય, તો રહે અતિ નિષ્કામી,
છાયામાં કોઈની દબાઈને નિજધર્મ ન લોપે.

સતીગીતા : ૫૬/૫

અ. મુ. પૂ. નારાયણમામા પણ પૂ. લીલામાસી માટે કહેતા કે અનંત બ્રહ્માંડની સતીઓ કરતાં પણ માસીનું સતીત્વ અતિ અધિક છે, કારણ કે તેઓ મહામુક્ત છે. એમની સેવાથી ગોપાળાનંદ સ્વામી જેવા અનાદિમુક્તની સેવા થઈ ગણાશે.

પૂ. માસીના સતીત્વની સાક્ષી તો અગ્નિદેવે પણ આપી. માસીના દેહવિલય બાદ અગ્નિસંસ્કાર કરતી વખતે અગ્નિ તેમને સ્પર્શ કરતો ન હતો. તે વખતે સેવકને વર્ષો પહેલાં બોલાયેલા મામાના શબ્દો યાદ આવ્યા કે, 'તમારાં માસી સતી

છે, માટે તેમને અગ્નિ સ્પર્શ નહિ કરે. તમે પ્રાર્થના કરશો પછી જ અગ્નિ માસીના શરીરનો સ્પર્શ કરી શકશે.' સેવકે પ્રાર્થના કર્યા પછી જ અગ્નિ સ્પર્શ્યો ને અગ્નિસંસ્કાર વિધિ સંપન્ન થયો.

પરોક્ષમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ અને શારદામણિ દેવી જેવું આદર્શ ગૃહસ્થ જીવન અ. મુ. પૂ. નારાયણમામા તથા પૂ. લીલામાસીનું હતું. સત્સંગના નભમાં પ્રકાશિત આ દિવ્ય નારીતારિકાને કોટિ કોટિ વંદન !

# ૨. પતિવ્રતાપણું

પૂ. માસી સંપૂર્ણ પતિવ્રતાપણું રાખતાં. પતિવ્રતા સ્ત્રીની જેમ જ પૂર્ણપણે મામાની આજ્ઞામાં રહેતાં. નાની બાબતોમાં પણ મામાની મરજી જાણી તે પ્રમાણે વર્તન કરતાં. પોતાનાં વસ્ત્રોની પસંદગી પણ મામાની પસંદગી પ્રમાણે કરતાં. ક્યાંય બહાર જવું હોય કે પછી મંદિરે જવું હોય તો પણ મામાની આજ્ઞા લઈને બહાર જતાં. કોઈવાર મામાની સેવાને કારણે વ્યવહાર સાચવવા ન જઈ શકાય તો જરા ય ખેદ ન અનુભવતા. ઘણી વખત મંદિરે ન જઈ શકાય ત્યારે એમ કહેતાં, 'મારે તો તમારી સેવામાં જ બધું આવી જાય છે. પતિપરમેશ્વર, તમારી સેવા કરવાથી મહારાજ રાજી જ થશે.'

દરરોજ સવારે ઊઠી મહારાજ પછી મામાનાં દર્શન કરતાં ને તેમને પગે લાગતાં. બીજી બહેનોને પણ શિખવાડતાં કે પત્નીનો ધર્મ છે સવારે પતિને પગે લાગવું. કાયમ મામાને જમાડ્યા પછી પોતે જમતાં. મામાને ન ભાવતું હોય એવું ક્યારેય બનાવતાં નહિ. મામાની મરજી વિરુદ્ધનું કોઈ કાર્ય કરતાં નહિ. કોઈ વખત મામા કાંઈક કહે તો પોતે સામું બોલી ચર્ચા કરતાં નહિ. એક પતિવ્રતાને છાજે તેવું જ વર્તન હંમેશાં તેઓ કરતાં.

પતિ પ્રત્યે સંપૂર્ણ વફાદારીરૂપ પતિવ્રતા તો હતાં જ, પણ ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે પણ સંપૂર્ણપણે અનન્ય નિષ્ઠા ને પતિવ્રતાની ભક્તિ ધરાવતાં હતાં. કેવું પરાકાષ્ઠારૂપ પતિવ્રતાપણું !

# 3. સંયમનિષ્ઠા

માસીએ લગ્નની પ્રથમ રાત્રીએ જ મામાને બ્રહ્મચર્યવ્રતનું વચન આપ્યા બાદ આખી જિંદગી પોતે તેનું અણિશુદ્ધ પાલન કરી બતાવ્યું. તેઓ ક્યારેય કોઈ પરપુરુષને અડતાં નહિ અને કોઈ પુરુષને ક્યારેય પોતાનો ચરણસ્પર્શ પણ કરવા દેતાં નહિ.

લગ્ન થઈ ગયાં બાદ પોતાના સગા ભાઈને પણ મામાની ગેરહાજરીમાં પોતાના ઘરે રાત્રી રોકાણ માટે અનુમતિ આપતાં નહિ. રજોગુણી વ્યક્તિઓનો સંગ કરતાં નહિ અને એવી રજોગુણી વ્યક્તિઓ સાથે વાર્તાલાપ કરવાનું પણ પોતે ટાળતાં. મર્યાદાનું અંગ એટલું બધું રાખ્યું હતું કે જાહેરમાં ક્યારેય માથે ઓઢ્યા વગર બેસતા નહિ. સ્થૂળ રીતે અને સૂક્ષ્મ રીતે એમ બંને પ્રકારે બ્રહ્મચર્યનો પૂરેપૂરો અર્થ સમજી તે પ્રમાણે જ જીવન વ્યતિત કર્યું. તેમનું આવું ઉદ્દાત જીવન આધ્યાત્મિક પથના સાધક માટે પથદીપ સમાન હતું. તેઓ એમ કહેતાં કે, 'મામા નિષ્કામધર્મ ઉપર ખૂબ જ ભાર મૂકતા અને કહેતા કે બ્રહ્મચર્ય વગર મહારાજની મૂર્તિનું સુખ ભોગવવાની પાત્રતા આવતી નથી અને મહારાજના દિવ્યગુણો પણ આવતા નથી. માટે ભગવાનની પ્રાપ્તિ જેમણે કરવી હોય તેમણે સમજપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરવું.' આ રીતે બધાને સંયમનિષ્ઠા કેળવવા માટે પણ બોધ આપતાં.

## ૪. આજ્ઞાપાલન

માસીએ પોતાના જીવનમાં એક આદર્શ ચરિતાર્થ પ્રસ્થાપિત કર્યો હતો. પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના પતિની આજ્ઞા અને અનુવૃત્તિમાં રહે, તે આજ્ઞા ગમે તેટલી નાની કેમ ના હોય, માસી પણ તે જ રીતે મામાની આજ્ઞા અને અનુવૃત્તિમાં રહ્યાં. મામાની દરેક આજ્ઞાનું તેઓ પાલન કરતાં.

એક વખત મામા તથા માસી વાંટાવદર અ. મુ. પૂ. ભૂરાબાપાના ઘરે જવા નીકળ્યાં. ઘર નજીક આવતા મામાએ માસીને કહ્યું, ''તમે અહીં ઊભાં રહો, હું જોઈ આવું કે ભૂરાબાપા ઘરમાં છે કે નહિ ? જો હોય તો આપણે જઈશું, નહિ તો હું તરત પાછો આવું છું.'' આમ કહી ગલીના નાકે માસીને ઊભા રાખી મામા ભૂરાબાપાના ઘરે ગયા. ભૂરાબાપા ઘરમાં હોવાથી મામા તેમની સાથે વાતોમાં બેસી ગયા. માસીને બહાર ઊભાં રાખ્યાં છે તે વાત તેઓ ભૂલી જ ગયા. માસી મામાની રાહ જોતાં ત્યાં જ ઊભાં રહ્યાં. પંદર મિનિટ, અર્ધો કલાક, એમ ઊભા રહેતાં તો કલાક વીતી ગયો, પણ માસી તો ત્યાં જ ઊભાં રહ્યાં.

એ વખતે કોઈએ જોયું કે આ બેન કલાકથી અહીં જ ઊભાં છે ! કોઈની રાહ જોતાં લાગે છે. તેઓ ભૂરાબાપાના ઘરે ગયા ને જીવીબાને (ભૂરાબાપાનાં ભાણેજ) કહ્યું કે ગલીના નાકે એક પાતળાં સરખાં, નાની વયનાં બેન ઊભાં છે, ત્યાંથી

ખસતાં નથી, તો આપ જરા જુઓ ને! જીવીબાએ આવીને જોયું તો માસીને ઊભેલાં જોયાં. એમની પાસે જઈને કહ્યું, ''અરે ! લીલાબેન તમે છો ? ક્યારના અહીં જ ઊભાં છો ? ચાલો, ઘરમાં ચાલો.'' માસી કહે, ''ના, હું અહીં જ ઊભી રહીશ. તેઓ મને અહીં ઊભી રાખી આપને ત્યાં આવ્યા છે અને કહેતા ગયા છે કે હમણાં આવું છું.'' જીવીબા કહે, ''ઓ હો ! નારાયણભાઈને આવ્યાને તો કલાક જેવું થઈ ગયું છે. તમે ઊભા ઊભા થાકી ગયાં હશો. હવે ઘરે ચાલો.'' માસીએ પ્રેમપૂર્વક જીવીબાની વાતનો પ્રતિકાર કરતાં કહ્યું, ''તેઓની આજ્ઞા છે માટે હું અહીં ઊભી છું. તેઓ નહિ આવે ત્યાં સુધી હું અહીં ઊભી જ રહીશ.''

જીવીબા ઉતાવળાં ઘરે ગયાં ને મામાને વાત કરી ત્યારે મામાને ખ્યાલ આવ્યો કે તેઓ માસીને ઊભાં રાખી અહીં આવ્યા હતા. મામા તરત માસી પાસે આવ્યા ને કહે, ''હું તો ભૂરાબાપા સાથે વાત કરવામાં તમને અહીં ઊભાં રાખ્યાં છે તે વાત વીસરી જ ગયો.'' માસી કહે, ''કાંઈ વાંધો નહિ, ચાલો હવે જઈએ. હું પણ ભૂરાબાપાનાં દર્શન કરી લઉં.'' જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ શાંતિથી બોલી માસી મામા સાથે ચાલવા લાગ્યાં. આવું જોઈ જીવીબા બોલ્યાં, ''આવું આજ્ઞાપાલન તો ક્યાંય જોયું નથી. પતિવ્રતા હોય તે જ આવું કરી શકે.''

એવા જ કોઈ એક સમયે મામા અને માસી એક હરિભક્તના ઘરેથી તેમને મળીને રાત્રીના સમયે પાછા આવતાં હતાં. રસ્તામાં મામાને બીજા એક હરિભક્ત મળી ગયા. કોઈ અગત્યની વાત કરવા મામા તે હરિભક્ત સાથે ગયા. જતા જતા માસીને કહે, ''તમે અહીં જ ઊભાં રહેજો, હું પાંચ

મિનિટમાં પાછો આવું છું.'' આમ કહી મામા હરિભક્ત સાથે ગયા ને વાતોમાં ઘણો સમય વ્યતીત થઈ ગયો. માસીને રસ્તા પર ઊભા રાખ્યાની વાત મામા ભૂલી ગયા. એ વખતે વિજળીના ચમકારા સાથે વરસાદ પડવો શરૂ થયો ત્યારે મામાને માસી યાદ આવ્યાં. હરિભક્ત કહે, ''ઘણો સમય વ્યતીત થઈ ગયો છે અને વરસાદ વરસે છે તો બેન ઊભાં ન રહ્યાં હોય, જતાં જ રહ્યાં હશે.'' મામા જાણતા હતા કે માસી એ જ જગ્યાએ ઊભાં હશે. તેઓ માસીને ઊભાં રાખ્યાં હતાં તે જગ્યાએ આવ્યા. જોયું તો માસી એની એ જગ્યાએ વરસાદમાં પલળતાં ઊભાં હતાં. મામાએ માસીને કહ્યું, ''હું તો વાતમાં ભૂલી ગયો, પરંતુ તમારે તો જતાં રહેવું જોઈએ ને ! વરસાદમાં નાહક પલળ્યાં.'' માસીએ શાંત ચિત્તે ઉત્તર આપ્યો, ''આપે મને અહીં જ ઊભા રહેવાનું કહ્યું હતું પછી હું કઈ રીતે જતી રહું ? વરસાદ તો ઠીક છે. ઘરે જઈ કપડાં બદલી લઈશું. હવે ચાલો.'' જાણે કશું જ ન બન્યું હોય તેમ માસી મામાની સાથે ચાલવા લાગ્યાં. માસીનું આવું આજ્ઞાપાલન અને સરળ સ્વભાવ જોઈ હરિભક્ત તો દંગ રહી ગયા !

પતિની જ આજ્ઞાઓનું પાલનમાત્ર નહિ, પરંતુ શ્રીજીમહારાજે કહેલી શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પણ અણીશુદ્ધ પાલન કરતાં અને તેમના જોગ-સમાગમમાં આવેલા સર્વેને મહારાજની આજ્ઞાઓનું અણીશુદ્ધ પાલન કરવાનો અનુરોધ પણ કરતાં, આજ્ઞાપાલનનો આવો ગુણ પૂ. માસીએ વિકસાવેલો હતો. આવા ગુણોને લીધે જ મામા માસી પ્રત્યે રાજીપો જણાવતા.

# ૫. સત્યનિષ્ઠા

સામાન્ય રીતે સ્ત્રીઓનો એક સહજ સ્વભાવ હોય છે કે કોઈ પણ ઘટના બની હોય તેને પોતાની રીતે મૂલવી, તેમાં પોતાના નિષ્કર્ષો ઉમેરી બીજા સમક્ષ તે ઘટનાની રજૂઆત કરે. તેમાં કેટલીક વાર અસત્ય પણ બોલાઈ જાય.

માસી ક્યારેય એવું કરતાં નહિ. તેઓ ક્યારેય અસત્ય બોલતાં નહિ. તેઓ બીના જે રીતે બની હોય તેની તે રીતે જ રજૂઆત કરતાં. તેમાં જરા ય અતિશયોક્તિ કે અલ્પોક્તિ થતી નહિ. તેમના આવા પારદર્શી વ્યક્તિત્વને લઈને તેમનો વિશિષ્ટ પ્રભાવ પડતો. એને લઈને માસી પાસે ક્યારેય કોઈ અસત્ય બોલી શકતા નહિ. માસી કોઈ વાત પૂછે તો વ્યક્તિથી સત્ય જ બોલાઈ જતું.

સત્યનિષ્ઠ વ્યક્તિનો એવો અદ્ભુત પ્રભાવ હોય છે.

# ૬. સાદગી અને કરકસર

મામા સાથે સંબંધ જોડાયા બાદ માસીએ પોતાના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું હતું. પિયરની સમૃદ્ધિને સંપૂર્ણપણે વિસારી દઈ મામાના જીવન જેવું જ સાદગીપૂર્ણ જીવન તેમણે અપનાવી લીધું હતું. પોતાનું પહેરવાનું, ઓઢવાનું, ખાવાનું, રહેવાનું પોતાને વાપરવાની ચીજવસ્તુઓ બધું જ સાદું. થીગડાંવાળાં કપડાં પહેરવામાં પણ તેઓ નાનમ ન અનુભવતાં, પરંતુ સંતોષ માનતાં. ઘરમાં કોઈ રજોગુણી રાચરચીલું વસાવ્યું નહિ. રહેણીકરણી સાવ સાદી. પાછલી ઉંમરે મામાએ આર્થિક પરિસ્થિતિ થોડી સારી બતાવી ત્યારે પણ તેઓ પહેલાંની જેમ સાદાં જ રહ્યાં. પગમાં એ જ બે પટ્ટીની સ્લીપર અને સાદાં વસ્ત્રો. ઘરમાં પણ સાદગી જ રાખતાં. સાદગી તેમના જીવનમાં વણાઈ ચૂકી હતી.

માસી કરકસર તો કાયમ કરતાં. પરિસ્થિતિ સારી બતાવી ત્યારે પણ કરકસરયુક્ત જીવન જ જીવતાં અને બીજાને પણ એ રીતે જીવવાનું શીખવતાં. તેઓ કહેતાં, ‘‘આ બધા મહારાજના પૈસા છે, તેમણે આપેલા છે, પછી એ પૈસા જેમ તેમ કઈ રીતે વેડફી નખાય ?’’ મામા નોકરી કરતા અને પગાર ઓછો આવતો ત્યારે પણ કરકસરયુક્ત જીવન જીવી તેમાંથી બચત કરતાં. તે બચત કરેલા પૈસા મામાને આપતાં. તે પૈસામાંથી મામા પોતાની આવશ્યકતા પ્રમાણે જીવન

ઉપયોગી પુસ્તકો ખરીદતા.

એક વખત મુક્તરાજ સોમચંદબાપાએ કોઈક કારણસર માસી પાસે કપડાનો એક કટકો માગ્યો. માસીએ આપેલો કટકો નાનો હોવા છતાં સ્વચ્છ અને વ્યવસ્થિત ઘડી કરી રાખેલો હતો. આવું જોઈ સોમચંદબાપા બોલ્યા, ''આવા કટકા ભેગા કરી શું કરો છો ?'' માસી કહે, ''કોઈવાર લૂછવાના કામમાં આવે છે.'' સોમચંદબાપાએ ફરી પૂછ્યું, ''ફાટી જશે તો શું કરશો ?'' માસી કહે, ''પછી નાની ને ઝીણી વસ્તુઓ લૂછવા કામ લાગશે.'' સોમચંદબાપા કરકસરની હદ જાણવા માગતા હોય તેમ ફરી પૂછ્યું, ''લીરા થઈ જશે પછી શું કરશો ? પછી તો ફેંકી દેશો ને ?'' માસીએ પણ સ્મિત રેલાવતાં કહ્યું, ''ના રે ! તે લીરામાંથી દોરા કાઢી દીવેટો બનાવી રાખીશ તો લાઇટ જતી રહે ત્યારે તે દીવેટો કામ લાગે છે.'' આવું સાંભળી સોમચંદબાપા હસ્યા ને કહે, ''આવી કરકસર તો ક્યાંય જોઈ નથી. તમારા પિયરનો વૈભવ તો તમે સાવ ભૂલી જ ગયાં છો.''

જરૂર જણાય ત્યારે જ માસી લાઇટ, પંખા ચાલુ રાખતાં. જરૂરિયાત વગર બીજાને પણ ચાલુ રાખવા દેતાં નહિ. આવી તો દરેકે દરેક બાબતમાં તેઓ કરકસર કરતાં. પોતે જે વસ્તુ વાપરતા તે સાવ નકામી ન થઈ જાય ત્યાં સુધી તેનો પૂરેપૂરો ઉપયોગ કરતાં અને સેવક-સેવિકાઓને પણ કરકસરયુક્ત સંતોષી જીવન જીવવાનું શીખવતાં અને એ પણ સમજાવતાં કે કરકસર કરવી એ લોભ નથી. લોભ ને કરકસરમાં તફાવત

છે. કરકસર કરવાથી ઓછી વસ્તુથી ચલાવી શકવાની આવડત આવે છે ને જીવનમાં સોતષનું લક્ષણ કેળવાય છે અને લોભ કરવાથી પદાર્થને વિશે આસક્તિ થાય છે ને વધુ મેળવવાની લાલચ જાગે છે.

# ૭. સહનશક્તિ ને સહિષ્ણુતા

મુક્તો જ્યારે મનુષ્યરૂપે પ્રગટ થાય છે, ત્યારે પોતાના જીવન દ્વારા સમાજ સમક્ષ એક આદર્શ પૂરો પાડે છે. તેમના વાણી અને વર્તનમાં એકતા જોવા મળે છે. બોલવું કંઈ ને કરવું તેનાથી વિપરિત એવું તેમના જીવનમાં હોતું નથી. તેઓ જે કહેતા હોય છે તે પોતે વ્યવહારમાં પાળી બતાવે છે તે પણ એક પરાકાષ્ઠારૂપ. ઉપલકિયા દૃષ્ટિએ જોનારને તેમાં કોઈ વિશિષ્ટતા ન લાગે, પરંતુ જરાક સૂક્ષ્મદૃષ્ટિએ અવલોકન કરતાં તેમની મુક્તસ્થિતિનો તરત ખ્યાલ આવે છે.

મામા અને માસી જે ઘરમાં ભાડે રહેતાં હતાં ત્યાં વીંછીનો પણ વાસ હતો. આમ તો વીંછીનો ડર ન હોવાથી તેમને કોઈ ફરક પડતો ન હતો, પરંતુ એક વખત વીંછીએ પોતાની પ્રકૃતિ પ્રમાણે માસીને ડંસી લીધાં. થોડી વાર તો માસી કંઈ બોલ્યાં નહિ, પણ પછી અસહ્ય વેદના થવા માંડી એટલે મામાને વાત કરી કે વીંછીએ ડંખ માર્યો છે ને તેની વેદના ઘણી થાય છે. મામા કહે, ‘‘એમાં શું ? દેહભાવ કાઢી મહારાજને સંભારી મૂર્તિરૂપ થઈ જાઓ એટલે પીડાનો અનુભવ જ ન થાય.’’ આમ કહી પોતે ધ્યાનમાં બેસી ગયા. તેમનું જોઈ માસી પણ મામાના કહ્યા પ્રમાણે દેહભાવ છોડી મહારાજના સ્વરૂપમાં વૃત્તિ સ્થિર કરી ધ્યાનમાં ઊંડા ઊતરી ગયાં. એવી રીતે સવાર સુધી ધ્યાનમગ્ન રહ્યાં ને સવાર થતાં

વીંછીના ડંખની વેદના પણ શમી ગઈ.

બીજા એક પ્રસંગે પૂ. મામાને મોડરેટર તરીકે વડોદરા જવાનું થયું. માસીને પણ સાથે લીધાં, જેથી જમવાની કે બીજી કોઈ અગવડ ન પડે. માસી મામા સાથે વડોદરા આવ્યાં બાદ થોડા દિવસમાં જ માસીને એપેન્ડિક્સનો દુખાવો ઊપડ્યો. એકાદ-બે દિવસ તો આ વિશે તેમણે મામાને જાણ પણ ન કરી. મનમાં વિચાર્યું કે એમને વાત કરીશ તો એમના કામમાં વિઘ્ન આવશે. એ દુખાવામાં તેમનાથી કંઈ ખવાતું પણ નહિ. ત્યાર બાદ દુખાવો અસહ્ય બનતાં પાણી પણ ન પી શકાય એવી સ્થિતિ ઊભી થઈ. ના છૂટકે તેમણે મામાને વાત કરી કે પેટમાં દુખાવો વધતાં હવે ખાઈ-પી શકાતું પણ નથી. મામા કહે, ''મારે હવે એકાદ-બે દિવસનું જ કામ બાકી છે. જો તમે દુખાવો સહન કરી લો તો આપણે અમદાવાદ જઈને ડૉક્ટરને બતાવીશું.'' માસીને તો મામા કહે તેમ જ કરવું એવો જીવનમંત્ર હતો. એવો અસહ્ય દુખાવો હોવા છતાં કહ્યું, ''કાંઈ વાંધો નહિ, હું બે દિવસ સહન કરી લઈશ.'' આમ દુખાવા સાથે ચાર-પાંચ દિવસના ઉપવાસ હોવા છતાં મામાની સેવા કરવામાં ક્યાંય કસર ન રહેવા દીધી. મામા માટે સમયસર બધું તૈયાર કરી આપતાં.

બે દિવસ બાદ એવા દુખાવા સાથે અમદાવાદ આવ્યાં ને બીજે દિવસે ડૉક્ટરને બતાવવાનું નક્કી થયું. માસીની ઑપરેશન કરાવવાની જરા ય ઇચ્છા ન હતી. તેમણે મામાને કહ્યું કે આપ એવું કંઈક કરો કે મારે ઑપરેશન કરાવવું ન પડે. મામા કહે, ''તમે મહારાજને પ્રાર્થના કરો અને હું પણ

પ્રાર્થના કરીશ. સવારે જોઈએ શું થાય છે ? તમને આટલો બધો દુખાવો કેટલાય દિવસથી છે એટલે ડૉક્ટરને બતાવવું તો પડે અને કદાચ ઑપરેશન પણ કરાવવું પડે.'' એ રાત્રે માસીએ મહારાજ અને બાપાશ્રીને ખૂબ જ પ્રાર્થના કરી ત્યારે મહારાજે ને બાપાએ તેમને દર્શન આપ્યાં. મહારાજે પેટ ઉપર હાથ ફેરવ્યો એ સાથે જ માસીને તરત જ દુખાવો મટી ગયો. ત્યાર બાદ માસીને ફરી ક્યારેય એપેન્ડિક્સનો દુખાવો થયો ન હતો.

વીંછીના ડંખનું દર્દ તેમ જ એપેન્ડિક્સના દુખાવાનું દર્દ તો જેણે અનુભવ્યું હોય તે જ સમજી શકે કે તે કેટલું અસહ્ય હોય છે ! દિવસો સુધી એવી પીડા સહન કરવી એ મુક્ત સિવાય બીજા કોઈથી શક્ય નથી. શારીરિક કષ્ટો તો માસીએ ઘણાં સહન કર્યાં છે. ટાઈફોઈડ, કોલેરા, એપેન્ડિક્સનું દર્દ અને પાછલી જિંદગીમાં પણ દીર્ઘકાળના મંદવાડ ઘણા સહ્યા. એ દરેક મંદવાડમાં તેઓ ક્યારેય ફરિયાદ કરતાં નહિ. મામા હતા ત્યારે મામાને વાત કરતા, પરંતુ ત્યાર બાદ શારીરિક કષ્ટો માટે ક્યારેય ફરિયાદ કરતાં નહિ. ફરિયાદ તો નહિ જ, પરંતુ તે મટાડવા માટે શ્રીજીમહારાજને પ્રાર્થના પણ ક્યારેય કરતાં નહિ. મામાએ તેમને એકવાર કહેલું કે બીજાને માટે પ્રાર્થના કરવી, પણ પોતાના મંદવાડ મટાડવા માટે મહારાજને પ્રાર્થના ન કરવી, કારણ કે તે સકામ કહેવાય. એ આજ્ઞા માસીએ જીવનના અંત સુધી પાળી. શારીરિક વેદના સહન કર્યા કરતાં, પણ તેને દૂર કરવા મહારાજને ક્યારેય પ્રાર્થના કરતાં નહિ, એવું નિષ્કામીપણું હતું.

શારીરિક કષ્ટોની સાથે માસીએ માનસિક ત્રાસ પણ ઘણા સહન કર્યા હતા. તેમની સાવકી માતા તરફથી તથા જેઠાણી તરફથી ઘણાં મહેણાં-ટોણારૂપ માનસિક ત્રાસ તેઓ કોઈ પણ પ્રકારની રાવ-ફરિયાદ કર્યા વગર સહન કરી લેતાં. સમાજના ઈર્ષ્યાળુ લોકો તરફથી પણ મહેણાં સહન કરતાં. ભૂંડા ભૂંડાઈ ન મૂકે તો ભલા પણ ભલાઈ કેમ મૂકે ? એ ન્યાયે તેઓ કોઈની પણ પ્રત્યે દ્વેષભાવ રાખ્યા સિવાય ક્ષમા પ્રદાન કરતાં. સહિષ્ણુતાનો ગુણ તેમણે તેમના જીવનમાં પૂર્ણ રીતે વિકસાવ્યો હતો.

# ૮. નિર્લોભીપણું

મુક્તનું મનુષ્યરૂપે પ્રગટપણું હોય ત્યારે પણ તેઓ તો સદાય મૂર્તિના સુખમાં જ રમણ કરતા હોય છે. આ લોકના ભૌતિક સુખને તેઓ ક્યારેય સુખ માનતા ન હોવાથી આ લોકના પદાર્થો પ્રત્યે તેમને મોહ હોતો નથી. લૌકિક દૃષ્ટિએ જોતાં વધુ ધનવાન હોય તે વધારે સુખી હોય એવું માનવામાં આવે છે, પરંતુ મુક્તો આ વાતને નિરર્થક સાબિત કરે છે.

પિયરમાં પૂ. માસીના પિતાજીનું સુરેન્દ્રનગરમાં પણ એક વિશાળ ઘર હતું. માસીના પિતાશ્રીના દેહવિલય પછી તેમના ભાઈઓએ તે ઘર વેંચી નાખ્યું. તેમાંથી પાંચમો હિસ્સો માસીના ભાગે આવેલો. માસીને તો એ પૈસા પ્રત્યે જરા પણ મોહાસક્તિ ન હતાં, એટલે તેમણે મિશન સંસ્થાના રજત જયંતી પર્વ ઉપર રૂ. ૨૫ લાખ દાનમાં આપી દીધા.

પૂ. મામાની જ્યારે સાવ ટૂંકી આવક હતી, ત્યારે પણ પોતે તેમાંથી ચોખ્ખો ધર્માદો કાઢતાં. મામાના મૂર્તિનિવાસી થયા પછી પણ પોતાના વ્યાજની આવકમાંથી બચત કરીને મામાના પ્રાગટ્ય અને અંતર્ધાન એ બંને તિથિના બ્રહ્મયજ્ઞ વખતે મિશનમાં રૂ. ૧,૧૧,૧૧૧/- એમ દાનમાં આપતાં. મામાની હાજરી વખતે જ પોતાની બધી મિલકત મિશન સંસ્થાને અર્પણ કરી દીધી હતી.

આમ પોતાના વર્તન દ્વારા તેમણે બધાને શિખવ્યું કે

સંતોષ રાખી કરકસરયુક્ત જીવન જીવીએ તો ઓછી આવકમાં પણ આનંદથી જીવન જીવી શકાય. પોતાની મિલકતનો ભગવાન અર્થે સદુપયોગ કરવાથી મહારાજ રાજી થઈને પોતાની મૂર્તિનું સુખ આપે છે. માટે નિર્લોભીપણાનો ગુણ કેળવવો જોઈએ. તેમણે પોતાના જીવનમાં એ ગુણ કેળવી સાબિત કરી બતાવ્યું કે ભગવાન ભજવામાં આ લોકના કોઈ સુખ-સમૃદ્ધિની આવશ્યકતા નથી હોતી. જરૂરિયાત પૂરતું મળી રહે એટલે સંતોષ રાખી ભગવાન ભજી લેવા જોઈએ એવી સલાહ મુમુક્ષુને પણ તેઓ આપતાં.

# ૯. અનુકંપા

પૂ. માસીની પ્રકૃતિ અતિ દયાળુ હોવાથી બાળપણથી જ તેઓ દીનદુઃખિયાની સહાય કરવાની એકે ય તક ચૂકતાં નહિ. પોતાની નજીકમાં રહેતાં ગરીબ બાળકો ને બાલિકાઓને તેની આવશ્યકતા મુજબ કપડાંનું દાન કરી આવતાં. કોઈ ગરીબ-લાચાર ભૂખ્યા આંગણે આવે તો તેને ખાવાનું આપતાં. લગ્ન પછી પણ પોતાને ઘેર ગમે તે આવે, તેને ઘરમાં જે કંઈ ખાવાનું પડ્યું હોય તેમાંથી આપતાં. કાંઈ ન હોય તો છેવટે પાણી પીવા તો આપતાં જ. ધામમાં જતાં પહેલાં પણ તેમણે કહેલું કે પાણીની પરબો બંધાવવી જોઈએ, જેથી તરસ્યા માણસોને પીવાનું પાણી મળી રહે. ગરીબોને પોતાની શક્તિમર્યાદા પ્રમાણે મદદ કરવાથી શ્રીજીમહારાજનો ખૂબ રાજીપો થાય છે. ગરીબને ક્યારેય દુભવવા નહિ એમ જણાવતાં. કોઈ પણ પ્રકારની મુશ્કેલી કે કષ્ટથી પીડિત વ્યક્તિ આવે તો તેમને માટે મહારાજને પ્રાર્થના કરી તેને કષ્ટમાંથી મુક્તિ અપાવતાં. આમ અનુકંપાનો ગુણ માસીમાં પૂર્ણ રીતે વ્યક્ત થયેલો હતો.

# ૧૦. ચોકસાઈ અને ચોખ્ખાઈ

શ્રીજીમહારાજને ગમતા બધા ગુણો માસીએ પોતાના જીવનમાં યથાર્થપણે વિકસાવ્યા હતા. કોઈ પણ કાર્ય તે પૂરી જાગૃતિ સાથે, એકાગ્રતાપૂર્વક ને પૂરી ચોકસાઈ રાખી કરતાં. કામ કરવામાં આળસ-પ્રમાદ, કંટાળો કે થાકનું નામ જ નહિ. કોઈ વ્યક્તિ કામમાં ઉતાવળ કરી વેઠ ઉતારે તે તેમને બિલકુલ પસંદ ન હતું. તેમની સ્મરણશક્તિ પણ ગજબની હતી. કઈ વસ્તુ ક્યાં પડી છે, કયા ઘોડામાં, કયા ખાનામાં પડી છે. કબાટના કયા ખાનામાં શું પડ્યું છે, માળિયામાં કઈ કઈ વસ્તુ છે વગેરે બધું જ તેમની સ્મૃતિમાં હોય જ. જ્યારે કોઈ વસ્તુ જોઈએ ત્યારે તરત જ કાઢી આપતાં તેમ જ આટલા વિશાળ સત્સંગ સમુદાયમાં હરિભક્ત ભાઈ-બહેનોનાં નામ તો તેમની સ્મૃતિમાં રહેતાં જ, સાથે સાથે તેમનાં સગાં-વહાલાં પર આવેલી મુસીબતને માટે કરેલી પ્રાર્થનાથી તે મુસીબતનું નિવારણ થયું કે નહિ ? તે અંગે પૃચ્છા કરવાનું પણ વિસરતાં નહિ. તેમની પાછલી અવસ્થામાં સેવિકાઓ ને સેવકો તેમની સેવામાં લાગ્યા. સેવા કરવાથી સેવકોનું સારી રીતે જીવનઘડતર થાય, તેમનાં કઠણ પ્રારબ્ધો ટળી જઈ ચૈતન્યનું ઊર્ધ્વીકરણ થાય એવા ઉદ્દાત હેતુથી મુક્તો સેવાનો મોકો આપતા હોય છે. માસી સેવામાં આવનારને કોઈ ને કોઈ સેવા બતાવતાં. કઈ સેવામાં કઈ વ્યક્તિ યોગ્ય છે તેની પરખ તેમને

તરત થઈ જતી, એટલે એ વ્યક્તિની યોગ્યતા પ્રમાણે સેવા બતાવતાં. સેવકોની સ્મૃતિ માસી જેટલી તીવ્ર ન હોવાથી તેમને સૂચના આપતાં કે કઈ વસ્તુઓ કયા કબાટમાં કે ઘોડામાં છે તેનું વ્યવસ્થિત લિસ્ટ બનાવી નોંધપોથીમાં નોંધી રાખવું એટલે તે જોઈએ ત્યારે તરત મળી શકે.

એક વખત સેવક પાસે વસ્તુ મુકાવી હતી અને થોડા વખતે તે વસ્તુની જરૂર પડતાં સેવકને કહ્યું ત્યારે સેવકે વસ્તુ ક્યાં મૂકી છે તે યાદ ન આવતાં ઘણું શોધવા છતાં તે વસ્તુ મળી નહિ. એટલે માસીએ નોંધપોથીમાં જોવા કહ્યું, પરંતુ બેદરકારીને લઈને સેવકે નોંધપોથીમાં પણ તે વસ્તુની નોંધ કરેલી ન હતી. એ વખતે માસીએ થોડી નારાજગી જણાવી. પછી કહે, ''જરૂર પડ્યે વસ્તુ કામ ન આવે તો પછી એ વસ્તુનો ઉપયોગ શું ? સમયે વસ્તુ ઉપયોગમાં આવે તો જ તેની કિંમત. જરૂરિયાત ન હોય ત્યારે વસ્તુ ઘરમાં પડી હોય કે દુકાનમાં, એ બંને સરખું જ છે. તમને યાદ ન રહેતું હોય તો નોંધ કરવાની સૂચના મેં આપેલી જ છે, તેમાં પણ તમે ચોકસાઈ નથી રાખતા. આવા નાના નાના કામમાં ચોકસાઈ રાખતાં શીખીએ ત્યારે જ જીવનમાં મોટાં કાર્યો કરવામાં ચોકસાઈ રાખતા આવડે ને કાર્યો સફળ થાય. ચીવટ ને ચોકસાઈથી કરેલાં કાર્યોથી ભગવાન પણ રાજી થાય છે. હવેથી બધા આ વાત યાદ રાખજો.'' પલંગ ઉપર ચાદર પાથરવા જેવી કે રૂમાલને ઘડી કરવા જેવી નાની બાબત હોય તે દરેક કામ પોતે જાગૃતિ રાખી ચોકસાઈથી કરતાં અને સેવિકાઓ તથા સેવકોને પણ એ રીતે કાર્ય કરવાની

ટેવ પડાવતાં.

ચોકસાઈની સાથે સાથે ચોખ્ખાઈ વિશે પણ માસી એટલાં જ આગ્રહી અને સજાગ હતાં. જ્યારે પોતે કામ કરતાં, ત્યારે તો આખા ઘરમાં સંપૂર્ણ સ્વચ્છતા રહેતી. 'સર્વમંગલ' સોસાયટીમાં તેમનું ઘર રસ્તા પાસે જ હોવાથી વાહનોની અવર-જવર રહેતી હોવાથી સતત ધૂળ ઊડ્યા કરવી એ સ્વાભાવિક છે, પરંતુ માસીના ઘરમાં તમે ગમે ત્યારે જાઓ, ગમે તે જગ્યાએ હાથ ફેરવીને જુઓ તો ધૂળનું નામ-નિશાન ન હોય. ઘરની દરેકે દરેક વસ્તુ સંપૂર્ણ સ્વચ્છ જ હોય ! સેવા કરનારને પણ તેઓ સ્વચ્છતાથી કામ કરતાં શીખવતાં અને કહેતાં કે, ''તમારા મામાને ચોખ્ખાઈ બહુ ગમતી. ચોખ્ખાઈ એ પ્રભુનો ગુણ છે. તે દરેકે કેળવવો જ જોઈએ. ઉતાવળથી ગમે તેમ વેઠ ઉતારી કામ નહિ કરવાનું. તમે ત્રણ કામ કરતા હો તો બે જ કામ કરો, પણ સંપૂર્ણ ચોકસાઈ ને ચોખ્ખાઈથી કરો.

ક્યારેક એવું બનતું કે કોઈ સેવકને વરંડાની જાળી કે બહારના દરવાજાની જાળી સાફ કરવાની સૂચના આપી પોતે ઘરમાં બીજું કામ કરવા જાય. થોડી વાર તે સેવક તે કામ પૂરું થયે માસીને કહેવા આવે ત્યારે પોતે જઈ બરોબર તપાસે કે સેવકે કેવું કામ કર્યું છે. પછી જ્યાં સફાઈ બરોબર ન થઈ હોય, ત્યાં જ તેમની દૃષ્ટિ પડે એટલે તે બતાવીને કહે કે, ''જુઓ, અહીં થોડું રહી ગયું છે.'' કોઈ બટકબોલો સેવક હોય તો કહે, ''માસી, હમણાં થોડીવારમાં જ એ પાછું મેલું થઈ જશે. રસ્તા પરથી કેટલાં બધાં વાહનો ધૂળ ઉડાડતાં જાય

છે !'' ત્યારે માસી કહે, ''પાછું મેલું થઈ જશે એમ વિચારીને સફાઈ ન કરીએ તો બે-ચાર દિવસમાં કેવું ગંદું થઈ જાય ? આ તારો દેહ મેલો થઈ જ જવાનો છે તો પછી તેને રોજ શા માટે નવરાવીને સાફ રાખે છે ? ફરી પાછો મેલો થવાનો જ છે.'' આમ કહે એટલે સેવક નિરુત્તર થઈ જાય. માસી તેને સમજાવતાં કહે કે, ''ફરી ગંદું થશે એમ વિચારી સફાઈ ન કરીએ તો પછી કેટલી બધી ગંદકી ભેગી થાય ? આપણા ઘરમાં ભગવાનનો વાસ છે એમ સમજવું જોઈએ. અસ્વચ્છ સ્થાનમાં ભગવાન કેવી રીતે રહે ? માટે આપણું ઘર, આંગણું, આપણું શરીર આ બધું સ્વચ્છ રાખવું ને સાથે સાથે અંતર પણ સ્વચ્છ રાખીએ તો ભગવાન આપણામાં પણ નિવાસ કરે છે. માટે ચોકસાઈ અને ચોખ્ખાઈ બંને ગુણો જીવનમાં વણાયેલા હોવા જોઈએ. તમે જાળી બરોબર સાફ કરી હોત તો ફરી કરવી ન પડત ને સમય પણ ન બગડત. હવે ફરી કરવાથી એટલો સમય બગડશે ને બીજાં કામ અટકી પડશે. માટે દરેક કામ પૂરી ચોકસાઈ ને ચોખ્ખાઈથી જ કરવાની ટેવ પાડો. એમાં મહારાજનો ને મામાનો રાજીપો છે.''

આવી તો ઘણી બાબતો માસી પાસે રહેવાથી સેવિકાઓ ને સેવકોને શીખવા મળતી અને તેમનું જીવનઘડતર થયા કરતું. જેમણે માસી પાસે સેવામાં રહી જીવનઘડતર કર્યું હોય તેમને જીવનમાં અચૂકપણે સફળતા મળે જ એવું એમનું પ્રશિક્ષણ હતું.

# ૧૧. સેવા

મુક્તો સદ્‌ગુણોનો ભંડાર હોય છે. પૂ. માસીમાં સેવાનો ગુણ પણ પૂર્ણરૂપે વિકસેલો હતો. સેવા કરતાં પોતે ક્યારેય થાકતાં નહિ કે આળસ-પ્રમાદ કરતાં નહિ. કંટાળ્યા વગર હંમેશાં ઉત્સાહપૂર્વક સેવા કરતાં. પૂ. મામાની સેવા તો પોતાની ફરજ સમજી જીવનપર્યંત કરી તે ઉપરાંત મુક્તરાજ દિવાળીબા, જીવુબા, માણેકબા વગેરેની પણ સેવા કરી હતી. કાલુપુર મંદિરમાં રહેતાં દેવાબા વગેરેને પણ સેવા કરીને રાજી કરેલાં. મુક્તરાજ સોમચંદબાપા, ચતુરબાબા, મનસુખબાપા વગેરે મુક્તોને જમાડવા, જોઈતી સામગ્રી શુદ્ધ કરીને આપવી એ રીતે સેવા કરતાં. સરસપુર મંદિરમાં રહેતા મોટા સ્વામી સ. ગુ. હરિજીવનદાસજી સ્વામીને પોતે કોઈ ને કોઈ પર્વ ઉપર ફળફળાદિ તથા કેસર-બદામવાળું દૂધ, ગાજરનો કે દૂધીનો હલવો વગેરે બનાવીને સેવકો સાથે અચૂક મોકલતાં. મિશન સંસ્થામાં પણ સંતો આવે તો તેમના માટે ફ્રૂટ મોકલાવતાં. આ રીતે કોઈ ને કોઈ પ્રકારે સેવા કરતાં અને સેવિકાઓ ને સેવકોને પણ સેવાનો મહિમા સમજાવી સેવા કરતાં શિખવાડતાં. તેઓ એમ કહેતાં કે, ‘‘સેવા કરવાથી શ્રીજીમહારાજ બહુ જ રાજી થાય છે, માટે પોતાની શક્તિમર્યાદા પ્રમાણે સેવા અવશ્ય કરવી જોઈએ. તેમાં પણ મહારાજના મુક્તોની સેવાથી અનંતગણો લાભ મળે છે.

સેવાનો ગુણ જીવનમાં કેળવવાથી નિર્માનીપણું અને દાસત્વપણું આવે છે. અત્યારે હું છું ત્યારે તમે જે રીતે મિશનની સેવા કરો છો તે જ રીતે હું ન હોઉં ત્યારે પણ મિશનની સેવાને પ્રાધાન્ય આપી કરશો તો મહારાજ, બાપા, મામા એ બધા રાજી થશે ને હું પણ રાજી થઈશ અને શ્રીજીમહારાજના આશીર્વાદ તમારા બધા ઉપર સદાય વરસતા રહેશે. મામા પણ કહેતા કે અવરભાવમાં સેવાનો ગુણ કેળવવાથી શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય છે ને નિષ્કામ, નિઃસ્વાર્થ સેવા કરતાં કરતાં દાસભાવે મૂર્તિનું સુખ ભોગવવારૂપી આત્યંતિક સેવાનો લાભ મળે છે. આ રીતે માસી સેવાનું માહાત્મ્ય સમજાવતાં.

# ૧૨. નેતૃત્વ

નેતૃત્વનો ગુણ પણ પૂ. માસીમાં વિકસેલો હતો. બહેનોને કાર્યપદ્ધતિની બરોબર સમજણ આપી તેમની પાસેથી ચોકસાઈપૂર્વક કેમ કામ લેવું, અનેક સેવક-સેવિકાઓને એકસાથે અનેક કાર્યો સોંપી કુશળતાપૂર્વક તે કાર્યો પાર પાડવાની કુનેહ પણ તેઓ ધરાવતાં હતાં. મિશનની પ્રવૃત્તિઓમાં પોતાની દોરવણી, સચોટ માર્ગદર્શન અને યોગ્ય નિર્ણયો લેવા આ બધામાં પૂ. માસી ખૂબ જ સક્ષમ હતાં. એક કુશળ નેતાના બધા જ ગુણો તેમનામાં આવિર્ભૂત હતા. વ્યક્તિની તેની યોગ્યતા મુજબ તેનો આદર-સત્કાર કરવો, માન આપવું, યોગ્યતા પ્રમાણે કાર્યની સોંપણી કરવી, કેવી રીતે બોધ કે ઠપકો આપવો, દરેક કાર્ય વિચારીને જ કરવું, વિચાર્યા વગર કોઈ કાર્ય કરવું નહિ તથા વિચાર્યા વગર કોઈ નિર્ણય કે અભિપ્રાય આપવો નહિ - આ બધું માસી યથાર્થપણે જાણતાં અને એ પ્રમાણે જ વર્તતાં. કોઈ પણ કાર્યમાં બિનજરૂરી ઉતાવળ કરવી, આળસ-પ્રમાદ કરી કાર્યને પાછળ ઠેલવું, વેઠ ઉતારવી, કંટાળો લાવવો વગેરે બાબતો તેમની પ્રકૃતિમાં હતી જ નહિ. પૂ. મામાના સાંનિધ્યમાં રહી માસીએ પોતાના જીવનમાં પણ આ બધા ગુણો કેળવેલા હતા. પૂ. મામા પણ તેમને વિશે કહેતા કે જો મહિલાનો આશ્રમ કર્યો હોય તો માસી એક આદર્શ ગૃહમાતા બની તેનું સારામાં સારું

સંચાલન કરી શકે એવા બધા જ ગુણો તેમનામાં છે.

પૂ. માસીમાં રહેલા આ બધા સદ્‌ગુણોની વારંવાર સ્મૃતિ કરી તે ગુણોને પોતાના જીવનમાં આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરવો, જેથી ચેતનાની ઊર્ધ્વગતિ સરળતાથી થઈ શકે. એવો પ્રયત્ન કરવો એ જ એમની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની ચાવી છે.

# ઐશ્વર્યદર્શન

પૂર્ણસ્થિતિવાળા મુક્તની પરમાત્મા સાથે અખંડ એકતા હોવાથી પરમાત્માના અનંત કલ્યાણકારી ગુણો ને અપાર સામર્થ્ય તેમનામાં આવિર્ભૂત થયેલા હોય છે. તેમને જાદુગરની જેમ ચમત્કારોનું સર્જન કરી લોકોની વાહ વાહ કે ચાહના મેળવવાની કોઈ આકાંક્ષા હોતી નથી, પરંતુ આ સંસારમાં આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી કષ્ટ પામેલા જીવો પ્રત્યે સહેજે જ અનુકંપા ઉદ્‌ભવે છે એટલે તેમની પાસે આવનાર ઉપર નિષ્કારણ કૃપા વરસાવી તેનાં દુઃખો દૂર કરવા પ્રભુને પ્રાર્થના કરે છે. પ્રભુ પોતાના લાડીલા મુક્તની પ્રાર્થના સ્વીકારી હરિભક્તના શૂળી જેવાં મહાકષ્ટોને કાંટા જેવા હળવા કરી દૂર કરી દે છે. મુક્તોનો પ્રભાવ જ એવો દિવ્ય હોય છે કે તેમની પાસે આવીને અંતરના ખરા ભાવથી પ્રાર્થના કરનારનાં કષ્ટોનું સહેજે જ નિવારણ થઈ જાય છે. આને પરચા કે ચમત્કાર જે ગણો તે મુક્તની જીવો ઉપર કેવળ અનુકંપા જ છે. મુક્તનું ઐશ્વર્ય વર્ણવવાથી તેમનો અદ્‌ભુત પ્રતાપ અને માહાત્મ્યનું જીવોને ભાન થાય છે એટલે તેઓ મુક્તથી આકર્ષાઈને મુક્ત દ્વારા પ્રભુનું યથાર્થ જ્ઞાન પામી પ્રભુપ્રાપ્તિ તરફ ઊર્ધ્વગતિ કરી શકે છે. આવા ઉદ્દાત હેતુથી જ અહીં પૂ. માસીના કેટલાક ઐશ્વર્યદર્શન કરાવતા પ્રસંગો વર્ણવ્યા છે. અહીં આટલી સ્પષ્ટતા અભિપ્રેત છે.

**૧.**

મુંબઈમાં રહેતા એક અગ્રગણ્ય ઉદ્યોગપતિ હરિભક્તને મામા, માસી પ્રત્યે અનન્ય ભાવ. તેમના એક મિત્રને A.R.F. (એક્યુટ રીનલ ફેલિયર) નામનો રોગ થયો હતો. રોગનું નિદાન બેંગલુરુની મલિયા હૉસ્પિટલ તથા મુંબઈની વોકાર્ડ હૉસ્પિટલ એમ બંનેમાં ટેસ્ટ કરાવ્યા બાદ થયું હતું અને ડૉક્ટરોએ નિદાન કર્યા બાદ કહી દીધું હતું કે દુનિયામાં હજી સુધી આ રોગનો કોઈ ઇલાજ શોધાયો નથી. આ રોગમાં આપનું ગમે ત્યારે મૃત્યુ થઈ શકે છે. આવું સાંભળતાં ભાઈ તો ખૂબ જ ચિંતામાં આવી ગયા. તેમની આર્થિક પરિસ્થિતિ સાવ નબળી ઉપરાંત સંયુક્ત કુટુંબ નહિ કે તેમના કુટુંબને તેમના પછી કોઈની છત્રછાયા મળી રહે. તેમને બે દીકરીઓ. તેમને ભણાવવી, તેમનો વ્યવહાર કરવો વગેરે બધું બાકી હતું. જો તેમને કાંઈ થઈ જાય તો તેમનું સમગ્ર કુટુંબ રઝળી પડે.

ભાઈએ તેના મિત્ર હરિભક્તને વાત કરી. વાત સાંભળી હરિભક્ત પણ ચિંતામાં પડી ગયા. તેમણે કહ્યું કે તારા બધા રિપોર્ટ મને આપજે. હું કોઈ મોટા ડૉક્ટરનો અભિપ્રાય લઈ જોઈશ. હરિભક્તે તેના રિપોર્ટ એક મોટા ડૉક્ટરને બતાવ્યા. ડૉક્ટરે રોગનું નામ વાંચતા જ ફાઇલ બંધ કરી દીધી અને બોલ્યા કે આનો કોઈ જ ઇલાજ નથી. તમારા મિત્રને કહો કે તેમને જે કાંઈ કાર્યો પતાવવાનાં હોય તે પતાવવા માંડે. તેમની પાસે વધારે સમય નથી. આ રોગમાં દર્દી એક દિવસમાં, એક અઠવાડિયામાં કે એક મહિનામાં ગમે ત્યારે મરી શકે છે.

હરિભક્તે પૂછ્યું, ''આની પાસે કેટલો સમય બાકી છે ?'' ડૉક્ટર કહે, ''વધારેમાં વધારે બે મહિના.'' ડૉક્ટરનું આવું કથન સાંભળતાં હરિભક્ત ઉદાસ થઈ ગયા. તેમને થયું મારા મિત્રને હું શું જવાબ આપીશ ?

એ અરસામાં તેમને અમદાવાદ આવવાનું થયું. તેઓ માસીનાં દર્શને આવ્યા. ત્યારે તેમને મિત્રની વાત કરવાનો વિચાર આવ્યો. માસીને તેમણે મિત્રના રોગ વિશે વિગતે વાત કરતાં કહ્યું,. ''માસી, મિત્ર દીલનો બહુ સારો માણસ છે. કુટુંબમાં તેની ખાસ જરૂર છે. તે નહિ રહે તો તેનું કુટુંબ રઝળી પડશે. આપ આશીર્વાદ આપો.'' માસીએ હરિભક્તની વાત સાંભળ્યા બાદ મહારાજની મૂર્તિ મંગાવી હરિભક્તને આપતાં બોલ્યાં, ''આ મૂર્તિ તમારા મિત્રને આપજો અને દરરોજ આ મૂર્તિનાં દર્શન કરવાનું તેને કહેજો.'' હરિભક્તે મૂર્તિ મિત્રને પહોંચાડી અને દરરોજ તેનાં દર્શન કરવાની સૂચના આપી. મિત્ર આમ તો જૈન ધર્મ પાળે, પરંતુ તેની માતા સત્સંગી હોવાથી મહારાજ પ્રત્યે તેને થોડો ભાવ ખરો. મહારાજની મૂર્તિની તે દરરોજ પૂજા કરે.

થોડા વખતે તેને અંતઃપ્રેરણા થઈ કે મારે ફરી એક વખત બધા ટેસ્ટ કરાવવા. તેણે વોકાર્ડ હૉસ્પિટલમાં જ ટેસ્ટ કરાવ્યા ને બધા રિપોર્ટ નૉર્મલ આવ્યા. નૉર્મલ રિપોર્ટ જોઈ મિત્ર અસમંજસમાં પડી ગયો. તેણે પોતાના જૂના રિપોર્ટ ડૉક્ટરને બતાવ્યા. એ જોઈ ડૉક્ટર કહે, ''ત્યારે કોઈકની કાંઈ ભૂલ થઈ ગઈ હશે. બાકી તમને A.R.F. રોગ છે જ નહિ.'' મિત્રની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં. તેણે એક અનેરી

માનસિક શાંતિનો અનુભવ કર્યો. માસીના આશીર્વાદથી તેનો રોગ દૂર થઈ ગયો તેમ જ તેના કુટુંબનું ભવિષ્ય સલામત બની ગયું. માસીનાં તેને ક્યારેય પ્રત્યક્ષ દર્શન ન થયાં હોવા છતાં માસીના આશીર્વાદ માત્રથી તે ઊગરી ગયો.

*જ્યારે ચમત્કાર થાય, ત્યારે કાંઈ આકાશવાણી ન થાય. અશક્ય વસ્તુ શક્ય બને તે જ ચમત્કાર !*

**૨.**

એક વખત કેટલાક સેવકો પૂ. માસીનાં દર્શને ગયેલા. દર્શન કરી માસી પાસે ઊભા હતા ત્યારે માસીએ બધાને પેંડા આપ્યા. સેવકોએ પૂછ્યું, ''કેમ અચાનક પેંડા આપો છો ?'' માસી હસતાં હસતાં બોલ્યાં, ''આ વધામણીના પેંડા છે. મુંબઈમાં સેવકની દીકરીના ઘરે દીકરો આવવાનો છે તેની આ વધામણી છે.'' સેવકો કહે, ''માસી પુત્રીને હજી તો ડિલિવરી માટે હૉસ્પિટલ લઈ ગયા છે. ત્યાંથી હજી કાંઈ સમાચાર આવ્યા નથી.'' સેવકો દર્શન કરી બહાર આવ્યા ને અર્ધી કલાકે જ ફોન આવ્યો કે દીકરીને ઘરે દીકરો જન્મ્યો છે. ત્યારે સેવકોને ખ્યાલ આવ્યો કે માસીએ અંતર્યામીપણે જાણી લઈ પેંડાની પ્રસાદી આપી હતી.

આવી જ રીતે એક હરિભક્ત બહેનને ડિલિવરી થવાની હજી ઘણા દિવસોની વાર હતી. સેવિકા પાંચ ડિસેમ્બરે માસીનાં દર્શને ગઈ ત્યારે માસીએ તેને કહ્યું, ''તારી ભાણીને બે દીકરીઓ આવી ને ?'' સેવિકાએ કહ્યું, ''માસી હજી તો

તેને વાર છે અને તેને બેબી છે કે બાબા તે કોઈને જાણ નથી.'' માસીના તે કથનનો મર્મ સેવિકાને ત્યારે ન સમજાયો, પરંતુ તેરમી ડિસેમ્બરે જ્યારે ભાણીને બે દીકરીઓ અવતરી ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તે દિવસે માસી પૂછતાં નહોતાં, પણ તેને જાણ કરતાં હતાં.

*મુક્તને તો બધી જાણકારી હોવાથી સહજપણે વાત પૂછે કે કાંઈ કહે, પરંતુ જીવ એવો છે કે તે વખતે વાતનું હાર્દ સમજી ન શકે. તે વખતે તેની બુદ્ધિ તર્ક કરે. વાસ્તવિક ઘટના ઘટ્યા બાદ જ તેને મોટાની વાતનો સાચો અર્થ સમજાય છે. અને એ વખતે મોટાનો વિશેષ મહિમા સમજાય છે.*

**3.**

જીવોનાં કલ્યાણ કરવા પધારેલા મુક્તોની દૃષ્ટિ ચૈતન્ય ઉપર હોવાથી ચૈતન્ય કઈ રીતે ઊર્ધ્વગતિ પામીને પ્રભુની વધુ નજીક પહોંચે તે એક બાબત જ લક્ષમાં રાખે છે. શારીરિક કષ્ટોને તો તેઓ ગૌણ ગણે છે. પ્રારબ્ધકર્મ વશ જીવોને જે કષ્ટો ભોગવવાનાં હોય તેમાં મુક્તો બિનજરૂરી હસ્તક્ષેપ કરતા નથી. હા, તેમની દૃષ્ટિ ચૈતન્ય ઉપર પડી હોવાથી તેના ચૈતન્યની રક્ષા અવશ્ય કરે છે અને શૂળીનું દુઃખ કાંટે કાઢે છે.

એક સેવકની દીકરી જન્મથી જ અપંગ સ્થિતિમાં હતી. મોટી ઉંમરે પણ તેમાં કોઈ સુધારો ન થયો અને શરીર વધારે ને વધારે કથળવા લાગ્યું. પોતાથી કોઈ કાર્ય થઈ શકે નહિ. નાની નાની બાબતોમાં પણ બીજા પર આધારિત રહેવું પડતું.

આવી પરાધીન અવસ્થા હોવાથી તે જીવનથી કંટાળી ગઈ હતી. એટલે વખતો વખત મામા તથા માસીને પ્રાર્થનાઓ કર્યા કરતી. પ્રાર્થના કરે ત્યારે થોડી તકલીફ ઓછી થાય, પરંતુ પ્રારબ્ધમાં હોય તે તો ભોગવવું જ પડે. આયુષ્ય હોય તેટલું જીવવું જ પડે. આમ તેનું જીવન તકલીફોથી ભર્યું પસાર થતું હતું. એવામાં તેની તકલીફોએ વિકટ સ્વરૂપ ધારણ કર્યું અને તકલીફો જોઈ ન શકાય તે હદે વધી ગઈ. ત્યારે સેવકના પિતાશ્રીએ માસી પાસે જઈ ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી કે હવે દીકરીની તકલીફો ઘણી વધી ગઈ છે. આપ મહારાજને પ્રાર્થના કરી તેને કષ્ટમાંથી છોડાવો. માસીએ પ્રાર્થના સાંભળતાં જ કહ્યું, ‘‘તમે હવે ચિંતા ન કરશો. તમારી પૌત્રીને તેડી જવા શ્રીજીમહારાજ સફેદ વસ્ત્રોમાં ગયા જ છે.’’ માસીએ એવું કહ્યું ને તરત જ સેવકની દીકરી દેહ મૂકી ધામમાં ગઈ ને તેને કષ્ટોમાંથી મુક્તિ મળી.

*મહારાજની મરજીથી આવેલા મુક્તોમાં એ સામર્થ્ય હોય છે કે તેઓ મહારાજની ક્રિયાઓ દિવ્ય દૃષ્ટિએ જોઈ શકે છે.*

## ૪.

‘શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન’ની નજીકની જ સોસાયટીમાં રહેતાં એક બિનસત્સંગી બહેનને મિશનમાં પધરાવેલ ઘનશ્યામ મહારાજની મૂર્તિએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું કે અમે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન અહીં બિરાજીએ છીએ ને તમે દર્શન કરવા કેમ આવતાં નથી ? પછી તે બહેને

પૂ. માસી પાસે દર્શને આવીને કહ્યું કે તમારા આ ભગવાને મને દર્શન આપી આવું કહ્યું છે એટલે હું દર્શને આવી છું. એમ કહી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી, ચરણોમાં ભેટ મૂકી ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી.

*મોટા મુક્તના સંકલ્પથી મહારાજ પણ પ્રતિમા દ્વારા આવો પ્રભાવ ને દિવ્યતા જણાવતા હોય છે. જેથી ભક્તોની શ્રદ્ધામાં દૃઢતા થતી રહે.*

**૫.**

માસીને ત્યાં આવનાર એક સેવિકાના પિતાજીને હિપેટાઇટિસ-બી નામના કમળાનો રોગ થયો હતો. પિતાજીની સેવા કરવા સેવિકાએ માસીની અનુમતિ માગી ને કહ્યું, ‘‘હું હમણાં આપની સેવામાં નહિ આવી શકું.’’ વિગતે વાત જાણતાં માસીએ સેવિકાને મહારાજની મૂર્તિ તથા ચરણરજ આપ્યાં ને મહારાજને પ્રાર્થના કરતાં કહ્યું, ‘‘તારા પિતાજીને મહારાજ સારું કરી દેશે. ચિંતા ન કરતી. તું તારે સેવામાં જા.’’ માસીના આવા આશીર્વાદ મળવાથી સેવિકા નિશ્ચિંત બની ગઈ. તેણે પોતાની માતાને કહ્યું, ‘‘માસીના આશીર્વાદથી પિતાજીને સારું થઈ જ જશે. માટે માસીની સેવા મૂકી હું તારી સાથે હળવદ નહિ આવું.’’ સેવિકાનાં માતા એકલાં જ હળવદ ગયાં. માસીના કહેવા પ્રમાણે તેમને મહારાજની મૂર્તિનાં દર્શન કરાવી ચરણરજનું પાણી પીવડાવ્યું. પછી બીજી વખત રિપોર્ટ કરાવ્યો તે નૉર્મલ આવ્યો. સેવિકાના

પિતાજીને કમળો મટી ગયો હતો. આ જોઈ ડૉક્ટરને પણ આશ્ચર્ય થયું !

**૬.**

મુંબઈ સ્થિત એક સેવકની પુત્રીને ઓવરીમાં તકલીફ થવાથી એક ઓવરી ડૉક્ટરે ઑપરેશન કરી કાઢી નાખી. ત્રણ વર્ષ બાદ બીજી ઓવરીમાં તકલીફ ઊભી થતાં તેને પણ કઢાવી નાખવાની ડૉક્ટરે સલાહ આપી, કારણ કે તે ઓવરીમાં ટ્યૂમર હતી. ડૉક્ટરનો આવો અભિપ્રાય જાણતા ઘરના સર્વે ઘણા ચિંતિત થઈ ગયા. જો બંને ઓવરી નીકળી જાય તો કદી સંતાન પ્રાપ્તિ ન થઈ શકે. સેવકે દીકરીની તકલીફની માસીને વિગતે વાત કરી અને મહારાજને પ્રાર્થના કરી આશીર્વાદ આપવા વિનંતી કરી. માસીએ દીકરીને સંતાનના આશીર્વાદ આપતાં કહ્યું, ''મહારાજ બધું સારું કરશે.'' માસીના આશીર્વાદ મળતા સેવકને હૈયાધારણ પ્રાપ્ત થઈ. માસીના આશીર્વાદથી દીકરીને ત્યાં ટ્વીન બેબીઓનો જન્મ થયો. ડૉક્ટરે પણ કહ્યું કે આ મિરેકલ (ચમત્કાર) જ છે, જેણે અશક્યને શક્ય બનાવ્યું.

*મોટા મુક્તના આશીર્વાદથી આવાં અશક્ય કાર્યો શક્ય બને છે. મોટાના આશીર્વાદ શું ન કરે ?*

**૭.**

એક વખત માસીના ઘરનાં બધાં બારી-બારણાં બંધ હતાં

ને માસી પણ નિદ્રાધીન હતાં. અચાનક જ માસી ઊઠ્યાં ને સેવિકાને કહ્યું, ''બારી ઉઘાડો, સંતો આવ્યા છે.'' સેવિકાએ બારી ખોલી તો ખરેખર બહારથી સંતો પસાર થતા હતા. એમ માસી ક્યારેક પોતાનું અંતર્યામીપણું જાહેર કરી દેતાં.

૮.

મોરબીમાં રહેતા એક અગ્રગણ્ય હરિભક્તનાં માતાને ખૂબ જ ગંભીર માંદગી થઈ જવાથી તેમણે માસીને પ્રાર્થના કરવા ફોન કર્યો, ત્યારે માસીએ હરિભક્તને કહ્યું કે, ''તમે બા પાસે જાઓ, તેમને તો શ્રીજીમહારાજ ધામમાં તેડી જાય છે.'' હરિભક્ત ફોન મૂકીને માતા પાસે ગયા. ખરેખર જ માતાને મહારાજ ધામમાં તેડી ગયા હતા. અમદાવાદમાં રહ્યા થકા મોરબીમાં મહારાજ તેમની માતાને તેડવા આવ્યા છે તે માસીએ જાણી લીધું. માસીનો આવો અદ્‌ભુત પ્રતાપ નિહાળી તેઓ અભિભૂત થઈ ગયા.

*મહારાજની સાથે જોડાયેલા મુક્તોને આ લોકનું અંતર બાધક બનતું નથી. મહારાજની સાથે એકાત્મતા હોવાથી તેઓ બધું જોઈ શકે છે. દૂર ને નજીક એવો ભેદ તો સામાન્ય દેહધારી જીવો માટે છે.*

૯.

એક અગ્રગણ્ય હરિભક્તના સંબંધીની દીકરીને સોનોગ્રાફીમાં દીકરી છે તેવું નિદાન થયેલું, પણ માસી પાસે

આશીર્વાદ માગતાં માસીએ દીકરો થશે તેવા આશીર્વચન ઉચ્ચાર્યાં, તો એ વચન પ્રમાણે દીકરો જ આવ્યો. તેથી ઘરના સર્વે ખૂબ જ આનંદ-આશ્ચર્ય પામ્યા, કારણ કે સોનોગ્રાફીમાં દીકરીનું નિદાન થયેલું હતું જ.

*મોટા મુક્તના આશીર્વાદ આવાં કામો પણ કરી નાખે છે.*

## ૧૦.

મુંબઈમાં રહેતા એક અગ્રગણ્ય ઉદ્યોગપતિ હરિભક્તને હૃદયના વાલ્વની તકલીફ તથા હૃદયની બધી નળીઓ બ્લોક થઈ ગયેલી હતી. તેમને હૃદયના વાલ્વનું ઑપરેશન તથા બાયપાસ ઑપરેશન - એમ બંને અતિ જોખમી ઑપરેશન કરાવવા પડે તેમ હતાં. ડૉક્ટરોએ થોડું જોખમ છે એમ જણાવતા હરિભક્ત પોતે તેમ જ ઘરના સર્વે ચિંતિત થઈ ગયા. મુશ્કેલીમાં હંમેશાં ભગવાન વધુ સાંભરે. આથી ઘરના સર્વે મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા. હરિભક્તે વિચાર્યું ઑપરેશન કરાવતા પહેલાં પૂ. માસીને પ્રાર્થના કરી તેમના આશીર્વાદ જરૂરથી લેવા. તેમની પ્રાર્થના મહારાજ સાંભળે છે. એકવાર તેમના આશીર્વાદ મળી જાય પછી કોઈ જાતની ચિંતા નહિ.

હરિભક્તે માસીને પ્રાર્થના કરી ને એ વખતે માસીએ તેમને આશીર્વાદ આપ્યા કે મહારાજ તમને કાંઈ વાંધો આવવા નહિ દે. બંને ઑપરેશન સફળ જશે અને આપને સારું થઈ

જશે. માસીના આશીર્વાદ મળતા હરિભક્તને શાતા વળી, મનમાં હિંમત આવી ને તેમણે બંને ઑપરેશનો એકસાથે કરાવ્યાં ને બંને સફળ રીતે પાર પડ્યાં ને હરિભક્ત સાજા થઈ ગયા.

*મુક્તોનાં આશીર્વચનો જોખમી લાગતાં કાર્યોને પણ સરળ બનાવી સફળ બનાવે છે.*

**૧૧.**

સ્વામિનારાયણ ડિવાઇન મિશન સાથે નિષ્ઠાથી જોડાયેલા ને માસી પ્રત્યે અનન્ય ભાવ ધરાવતા એક ડૉક્ટરના પરિવારમાં પુત્રનો જન્મ થયો ને ઘરમાં આનંદ છવાઈ ગયો, પરંતુ જન્મના છ જ દિવસમાં તેને હૃદયની ગંભીર સમસ્યાની જાણ થઈ. અમદાવાદની સારી હૉસ્પિટલમાં તેને દાખલ કરવામાં આવ્યો. ઘણા નિષ્ણાંત ડૉક્ટરો ભેગા થયા અને બધાનો એક જ અભિપ્રાય થયો કે ઑપરેશન કરવા માટે બાળક ઘણું જ નાનું છે. આટલા નાના બાળકનું ઑપરેશન શક્ય નથી અને જો ઑપરેશન ન થાય તો બાળકનો જીવ જોખમાય. પરિવારે માસી પાસે આવી ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરી. માસીએ કરુણા કરી આશિષ વચનો ઉચ્ચારતાં કહ્યું કે, ‘‘બાળકને મહારાજ સારું કરી દેશે. તમે ચિંતા ન કરશો.’’ માસીનાં વચનો સાંભળી પરિવારના સભ્યોને રાહત થઈ. આશીર્વાદ મળ્યાના ચાર દિવસમાં જ બાળકની હૃદયની તકલીફ આપોઆપ દૂર થઈ ગઈ ને બાળક સંપૂર્ણ સ્વસ્થ થઈ

ગયું. બધાને ઘણું આશ્ચર્ય થયું. આ ચમત્કાર વગર શક્ય જ નથી. આવો ચમત્કાર તો મોટા મુક્ત જ સર્જી શકે.

*મોટા મુક્ત આશીર્વચનો કહે તે વચનોમાં અજબ શક્તિ રહેલી હોય છે અને એ શક્તિ અસંભવિતને સંભવિત બનાવે છે. જરૂર છે તેમનાં વચનોમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસની.*

## ૧૨.

થોડાં વર્ષો પહેલાં ચિકનગુનિયાનો રોગ ઘણો ફેલાયેલો હતો. એ અરસામાં એક ચૌદ વર્ષના કિશોરને તે લાગુ પડ્યો ને તેને હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. તેને પગમાં મોટા ફોલ્લા થઈ ગયા હતા ને તે ફોલ્લા અસહ્ય પીડા આપતા હતા. પીડા સહન ન થતાં કિશોર એવું બોલ્યા કરે કે મારે આપઘાત કરી મરી જવું છે. ઉપરથી પડીને કે હાથની નસ કાપીને હું મરી જઈશ, મને કોઈ ઝેર આપી દો. આમ તેની અસહ્ય વેદના આવા પ્રલાપો દ્વારા બહાર વ્યક્ત થતી હતી.

એક સેવિકાએ કિશોરની વેદનાની વાત માસીને કરી અને કહ્યું કે, ''માસી, હવે આપ જ તેને આ પીડામાંથી બહાર લાવો.'' માસીએ દયા લાવી મહારાજને પ્રાર્થના કરી અને સેવિકાને ચરણરજ આપતાં કહ્યું, ''આ ચરણરજ તેને લગાડજે એટલે તેની પીડા શમી જશે ને મહારાજ તેને સારું કરી દેશે.'' માસીના કહ્યા પ્રમાણે સેવિકાએ તે કિશોરને ચરણરજ લગાડ્યા બાદ કિશોરની વેદના સાવ શમી ગઈ.

વેદના શમતા તે શાંતિથી સૂઈ ગયો. વેદનાને કારણે તે દિવસો સુધી સૂઈ શક્યો ન હતો. ધીમે ધીમે તેના ફોલ્લા સુકાઈ ગયા ને રોગ પણ મટી ગયો. આથી ઘરના સર્વેને શાંતિ થઈ. તેની માતાએ કિશોરના સાજા થઈ ગયાના સમાચાર માસીને ફોન દ્વારા આપ્યા ને માસીનો ઉપકાર માન્યો.

## ૧૩.

મુક્તોનો સ્વભાવ દયાળુ જ હોય છે. તેમાં ય માસી તો ખૂબ જ લાગણીશીલ હતાં. કોઈ પણ આવી માસીને પોતાની તકલીફ જણાવે ને માસીનું દિલ દ્રવી જાય. તેઓ તરત તેમની તકલીફ દૂર કરવાની મહારાજને પ્રાર્થના કરે. માસી મહારાજના લાડીલા મુક્ત હોવાથી મહારાજ તેમની પ્રાર્થના તરત સાંભળતા.

સત્સંગમાં એક દંપતી ખૂબ જ સાધન સંપન્ન અને સુખી. ઘરમાં દરેક પ્રકારનું રાચરચીલું હાજર હતું. દેખીતી રીતે સુખી હોવા છતાં મનમાં તેઓ દુઃખી હતા. દાંપત્યજીવનનાં છ-છ વર્ષ વીત્યા છતાં ઘરમાં શેર માટીની ખોટ હતી. મોટા મોટા ડૉક્ટરોને બતાવતા જાણ થઈ કે બહેનને અમુક ક્ષતિઓ છે, જેને કારણે તે સગર્ભા થઈ શકે તેમ નથી. આવું નિદાન થતાં ઘરમાં વિષાદનું વાતાવરણ છવાઈ ગયું. વિષાદમાં ને વિષાદમાં થોડા દિવસો પસાર થયા ને તેમને માસી સાંભર્યાં. માસીમાં તેમને ખૂબ શ્રદ્ધા. એક આશા સાથે તેઓ માસીનાં દર્શને આવ્યા. માસીને આવી વાત

કરતાં બહેનને ક્ષોભ થતો હતો, પરંતુ પછી એમ થયું કે હવે તો માસી જ એક આધાર છે. જો તેમને વાત નહિ કરું તો કોને કરીશ ? બહેને પોતાની વેદના માસીને જણાવી ને રડી પડ્યાં. તેને રડતાં જોઈ માસી પણ દ્રવી ગયાં. બહેનને કહે, ''તું રડ નહિ. હું મહારાજને પ્રાર્થના કરીશ. મહારાજ તને જરૂર દીકરો આપશે. ડૉક્ટરના કહેવાથી શું થશે ? દીકરો તો મહારાજને આપવો છે ને ?'' આમ કહી માસીએ મહારાજ પાસે પડેલું એક ગુલાબનું ફૂલ પુત્રપ્રાપ્તિના પ્રતીકરૂપે બહેનને આપ્યું.

માસીના આશીર્વાદ પ્રમાણે બહેનને દીકરો જન્મ્યો. આ બનાવથી ડૉક્ટરો પણ નવાઈ પામી ગયા. દંપતીના જીવનમાં તો આનંદની હેલી ઊભરાઈ. અશક્ય વાત શક્ય બની હોવાથી તેઓ ભાવવિભોર બની ગયા. પુત્રને પણ માસીના આશીર્વાદ અપાવવા માસીનાં દર્શને લઈ આવ્યા. માસીએ તેને પણ રૂડા આશીર્વાદ આપ્યા.

## ૧૪.

અમદાવાદમાં રહેતા ને મિશન સંસ્થા સાથે આત્મીયતાથી જોડાયેલા એક હરિભક્તના પુત્રને ઠેઠ ભૂજની એન્જિનિયરિંગ કૉલેજમાં એડ્‌મિશન મળ્યું. આથી તેની માતા થોડી ચિંતિત હતી. દીકરો એટલે દૂર ભણવા જાય, ત્યાં એકલા રહેવાનું, ખાવાની તકલીફ પડે, પરંતુ એડ્‌મિશન ત્યાં મળ્યું એટલે જવું તો પડે જ. જતાં પહેલાં તેઓ માસીનાં દર્શને આવ્યા. એ વખતે પણ માતાએ પોતાની ચિંતા માસી પાસે

વ્યક્ત કરી. માસી કહે, ''અરે ! ભણવા માટે ઠેઠ ભૂજ જવું પડશે ? સારું, ભગવાન બધું સારું કરશે.'' પુત્રની માતાએ ફરી માસીને કહ્યું, ''અહીંયાં ક્યાંક નજીકમાં જ એડ્‌મિશન મળી ગયું હોત તો સારું થાત.'' માસી ફરી બોલ્યાં, ''ભગવાન બધું સારું કરશે.'' માતાને એક આશ્વાસન મળ્યું કે માસીના આશીર્વાદ છે માટે દીકરાને ત્યાં કોઈ મુશ્કેલી તો નહિ જ પડે.

માસીના આશીર્વાદનો ખરો મર્મ તો તેઓને થોડા સમય બાદ સમજમાં આવ્યો. થોડા સમયે જ્યારે રિસફલિંગ શરૂ થયું ત્યારે તે છોકરાને અમદાવાદમાં જ એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં એડ્‌મિશન મળી ગયું. ત્યારે તેઓને સમજાયું કે, 'મહારાજ સારું કરશે' એવું માસીના કહેવા પાછળ શું રહસ્ય છુપાયેલું હતું.

**૧૫.**

એક સેવકના મોટા ભાઈની દીકરી ઓસ્ટ્રેલિયામાં તેના પતિ સાથે રહેતી હતી. ત્યાં તેણે પુત્રીને જન્મ આપ્યો. જન્મ આપ્યા પછી અચાનક દીકરીની તબિયત ખૂબ જ બગડી ગઈ. તેનું બ્લડપ્રેશર લૉ થઈ ગયું ને પલ્સ ચાળીસથી નીચે જવા માંડી. તેના પતિએ દીકરીનાં માતાપિતાને ફોનથી દીકરીની પરિસ્થિતિથી વાકેફ કર્યાં ને ભગવાનને પ્રાર્થના કરવા જણાવ્યું. આવા સમાચાર આવતાં માતાપિતા ચિંતિત થઈ ગયાં. દીકરી એટલી બધી દૂર હોઈ તેની પાસે પહોંચી શકાય તેમ નહોતું, પરંતુ તેમનું મન દીકરી પાસે પહોંચી ગયું.

સમાચાર મળતાં તરત જ તેઓ માસીનાં દર્શને આવ્યાં. માસી ધામમાં પધાર્યા તેનો આગલો જ દિવસ તે હતો ને માસી સ્વાસ્થ્ય સારું જણાવતાં ન હતાં. માતાપિતાએ બારીમાંથી જ માસીનાં દર્શન કર્યાં ને માસીને પ્રાર્થના કરી. માસીની પોતાની તબિયત સારી ન હોવા છતાં માતાપિતાની પ્રાર્થનાનો સ્વીકાર થયો અને દીકરીની તબિયતમાં ચમત્કારિક સુધારો થઈ ગયો ને તે સાજી થઈ ગઈ.

## ૧૬.

ધામમાંથી પધારેલા મુક્તોને શ્રીજીમહારાજ સાથે અખંડ અનુસંધાન હોવાથી શ્રીજીમહારાજની દરેક ક્રિયાનાં તેમને દર્શન થાય છે અને શ્રીજીમહારાજના પ્રતાપને લઈને મુક્તોમાં અંતર્યામીપણું પણ આવેલું હોય છે. તેથી મહારાજ જીવોને પોતાના ધામમાં તેડી જવાના હોય તે વાતની તેઓને અગાઉથી જાણ થઈ જતી હોય છે.

મિશનમાં નિષ્ઠાપૂર્વક સેવા બજાવતા એક સેવકના પિતાશ્રીની છેલ્લી અવસ્થાએ એક રાત્રે તેઓ ખૂબ જ serious (ગંભીર પરિસ્થિતિ) થઈ ગયેલા. સેવક તેમના પિતાશ્રીને તાત્કાલિક દવાખાનામાં દાખલ કરવાની તૈયારી કરવા લાગ્યા, પરંતુ દવાખાને પિતાશ્રીને લઈ જતા પૂર્વે માસીને પ્રાર્થના કરવા અને આશીર્વાદ લેવા બીજા એક સેવકને સૂચના આપી. સેવક રાત્રે અગિયાર વાગ્યે માસી પાસે ગયા ને માસીને હકીકતથી વાકેફ કરી પ્રાર્થના કરી. માસીએ

સેવકને જણાવ્યું, ''તમે તેમને સંદેશો પહોંચાડો કે હવે તેમને કોઈ દવાખાનામાં કે કોઈ ડૉક્ટર પાસે લઈ જવાની આવશ્યકતા રહી નથી. મહારાજ તેમને ધામમાં તેડી જવાના છે.'' સેવકે સંદેશો પહોંચાડ્યો. આથી પિતાશ્રીને ઘરે જ રાખ્યા. ઘરના સર્વે મહારાજ સંભારતા તેમની પાસે બેસી રહ્યા ને રાત્રે સાડા ત્રણ વાગ્યે સેવકના પિતાશ્રીને મહારાજ દર્શન દઈ ધામમાં તેડી ગયા.

આમ સેવકને અગાઉથી જાણ થઈ જતાં તેમણે પિતાશ્રીને દવાખાને લઈ જવાની દોડાદોડી ન કરી ને પિતાશ્રી શાંતિથી ધામમાં પધાર્યા.

## ૧૭.

માસીએ મંદવાડ ગ્રહણ કર્યો હોય એવા સમયે સેવિકાઓ રાત્રે પણ માસી પાસે રોકાતી. એવા એક સમયે અચાનક રાત્રે અઢી વાગ્યે કોઈ બહેનનો ગભરાયેલા સ્વર સાથે ફોન આવ્યો. સેવિકાએ જેવો ફોન ઉપાડ્યો કે તેઓ રડવા જ માંડ્યાં અને રડતાં રડતાં બોલ્યાં કે મારી બહેનને આંચકી આવી છે ને એકદમ અવાચક્ થઈ ગઈ છે. તેની સ્થિતિ ઘણી ગંભીર છે. માટે માસીને આમ રાત્રીના સમયે તકલીફ આપું છું તો માફ કરશો, પરંતુ મારે માસીને પ્રાર્થના કરવી છે. એ વખતે માસી આરામમાં હોવાથી સેવિકાએ કહ્યું, ''માસી ઊઠશે ત્યારે હું તેમને જાણ કરીશ અને તમારા વતી પ્રાર્થના પણ કરીશ.'' સેવિકાએ ફોન મૂક્યો ને માસી જાગી

ગયાં. સેવિકાએ બહેનની બધી વાત કરી. માસીએ તરત કહ્યું, ''જીવોને કેવી કેવી તકલીફો આવે છે ? બેન ગભરાઈ ગયાં હશે એટલે જ રાત્રીએ ફોન કર્યો. નહિ તો કોઈ આમ રાત્રે ફોન ન કરે. તેને કહી દેજો કે તે ચિંતા ન કરે. મહારાજ સારું કરી દેશે.''

માસીની પ્રાર્થના મહારાજે સાંભળી હતી. સવારે પાંચ વાગ્યે તે બહેનનો ફરીથી ફોન આવ્યો ને તેણે કહ્યું કે મારી બહેનને હવે સારું છે. તે હવે સલામત છે તેમ ડૉક્ટરે જણાવ્યું છે.

*મોટા મુક્ત બિરાજતા હોય ત્યારે જીવોને એટલી સુગમતા હોય છે કે પોતાની તકલીફના સમયે અર્ધી રાત્રે પણ મુશ્કેલીનો ઉકેલ મેળવી શકે છે.*

## ૧૮.

આ લોકના જીવોને જ્યારે તકલીફો આવે, ત્યારે સાચા મુક્તની ઓળખાણ જો ન હોય તો શાંતિ માટે કેટલીય જગ્યાએ ફરી વળે છે, પણ જ્યારે સાચા મુક્તના શરણે આવે ત્યારે જ સાચા અર્થમાં શાંતિ પ્રાપ્ત થાય છે ને મુશ્કેલીઓનો અંત આવે છે.

એક વખત ખેરવા ગામના એક હરિભક્તનાં દીકરી બપોરના ચાર વાગ્યાની આસપાસ એક બેનને માસીનાં દર્શન કરાવવા લઈ આવ્યાં. તેમના ઘરમાં ઘણી અશાંતિ રહેતી હતી. એ બેનને કંઈક વળગાડ જેવું હતું. એને દૂર કરવા તેઓ

કેટલીયે જગ્યાએ ફર્યા હશે, પણ કોઈ પરિણામ હાથ આવ્યું ન હતું. આમ તેઓ સાવ નિરાશ થઈ ગયા હતા. તેમના ઘરમાં સત્સંગ નહિ. હરિભક્ત બહેન તેને માસીનાં દર્શને લાવ્યાં અને માસીને વિગતે વાત કરી ને કહ્યું, ''માસી, આપ તેને કંઠી પહેરાવી વર્તમાન ધરાવો તો તેની તકલીફ દૂર થાય.'' માસીએ બહેનને પૂછ્યું કે, ''તમે કંઠી પહેરશો ?'' બહેને હા પાડતાં માસીએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. આ બધું થયું ત્યાં સુધી બહેન સાવ શાંત જ બેઠા હતા, પરંતુ જેવું માસીએ મહારાજને જળ ધરાવી તેની ઉપર છાંટ્યું તેવું જ બહેનમાં રહેલ મલિન તત્ત્વે બૂમો પાડવા માંડી. માસીએ ફરી પાણી છાંટ્યું ને તરત બહેનમાંથી ભૂત નીકળી ગયું ને બહેન એકદમ શાંત થઈ ગયાં. કેટલાય વખતની તેમની પીડા ને કષ્ટ આજે દૂર થતાં તેમને માનસિક શાંતિનો અનુભવ થયો. માસીના પ્રતાપે આજે મલિન તત્ત્વે તેના શરીરને છોડ્યું હતું. તેનો પણ મોક્ષ થયો.

ત્યાર બાદ તો બહેનના ઘરમાં દરેક સભ્યોએ માસીનાં દર્શન કરી, કંઠી બંધાવી ને વર્તમાન ધરાવી સત્સંગી થયા. માસીને તેઓ કહે, ''આપના પ્રતાપથી હવે ઘરમાં બધી રીતે સુખ-શાંતિ છે, કોઈ જાતની ઉપાધિ નથી રહી.''

*મુક્તો ક્યારેક અદ્ભુત સામર્થ્ય જણાવતા હોય છે.*

**૧૯.**

મિશનમાં સેવામાં આવનાર એક સેવકને નોકરીમાં

બઢતી મળતી હતી, પરંતુ તે અવઢવમાં હતો કે બઢતી સ્વીકારવી કે નહિ, કારણ કે બઢતી સ્વીકારે તો તેને બહારગામ જવું પડે તેમ હતું. એ જ વખતે તે કંપનીની બીજી શાખામાંથી પણ નોકરી માટે પ્રસ્તાવ આવ્યો હતો. સેવકે માસીને વાત કરી. માસી કહે, ''નવી નોકરી માટે પ્રયત્ન કરો... નવી નોકરીનો ઇન્ટર્વ્યૂ દિલ્હીમાં હતો. સેવક ત્યાં ગયો, પરંતુ પગાર બાબત સેવક અને સાહેબો એકમત ન થયા. સેવકે ત્યાંથી જ માસીને ફોન કર્યો. માસીએ તેને આશિષ આપતાં કહ્યું, ''તને માફક આવતો હોય તેટલા પગારની તેમની પાસે રજૂઆત કરી તું આવતો રહે.'' સેવકે તેમ જ કર્યું. સાહેબોએ એ વખતે તેની માગણી ન સ્વીકારી. દિલ્હીથી આવ્યા બાદ સેવક માસી પાસે દર્શને આવ્યો. માસીએ તેને પૂછ્યું, ''નવી નોકરી મળી ગઈ ને !'' સેવક કહે, ''ના માસી, તેઓએ કાંઈ જવાબ નથી આપ્યો.'' દર્શન કરી સેવક ઑફિસે પહોંચ્યો ત્યારે તેને જાણ થઈ કે પોતે જેટલા પગારની માગણી કરી હતી તે સ્વીકાર્ય રાખી તેને નોકરી આપવામાં આવી હતી. માસીના આશીર્વાદે તેને ઇચ્છિત ફળ અપાવ્યું.

## ૨૦.

માસી પાસે એક સેવિકા ઘણાં વર્ષોથી સેવામાં આવે અને ભાવે સહિત માસીની સેવા કરે. તેઓ જે ઘરમાં રહેતાં હતાં તે ઘર જૂનું થઈ ગયું હોવાથી સમારકામ કરાવવું પડે તેમ હતું, પરંતુ તેમાં ઘણો ખર્ચ થાય તેમ હતું. એ અરસામાં નારણપુરા

વિસ્તારમાં એક બંગલો વેચાવાનો હતો. માસીને ખબર પડતાં માસીએ સેવિકાને કહ્યું, ''નારણપુરાવાળો બંગલો તમે લઈ લો.'' સેવિકા ત્યારે કાંઈ ન બોલી. બીજે દિવસે માસીએ ફરી પૂછ્યું, ''બંગલો જોઈ આવ્યા ? જઈને બાનું આપી આવજો.'' આવું બે-ત્રણ દિવસ રોજ માસી કહે. આથી સેવિકાએ માસીને વાત કરતાં કહ્યું, ''બંગલાની કિંમત રૂ. ૭૫ લાખ છે. જો જૂનું ઘર વેચાય તો જ પૈસા સરભર થાય તેમ છે અને અમારું ઘર રેલવે ફાટક પાસે જ હોવાથી જલદી વેચાતું નથી. એટલે વિચાર મોળો પડી જાય છે.'' માસી કહે, ''મહારાજ બધું સારું કરશે. તમે બાનું તો આપી આવો.'' હાથ પર પૈસા ન હોવા છતાં માસીના વચને બાનું અપાઈ ગયું અને પંદર દિવસમાં જ જૂના ઘરનો રૂ. ૪૫ લાખમાં સોદો નક્કી થઈ ગયો. ઘરના સર્વે ઘણા રાજી થયા. સેવિકાએ માસીને વાત કરી અને તે વાતમાં નવા ઘરની વાત કરતાં કહ્યું, ''માસી નવા ઘરમાં અંદાજે દસેક લાખનો ફર્નિચર પાછળ ખર્ચો થાય તેમ છે.'' માસી કહે, ''મહારાજ બધી સગવડ કરી આપશે.'' ઘરના સર્વેને નવા ઘરનો આનંદ હતો. તેવામાં જૂના ઘરનો જેણે સોદો કર્યો હતો તેણે ના પાડી દીધી ને સોદો ફોક કર્યો. આવું થતાં ઘરના સર્વે ઘણી ચિંતામાં પડી ગયા કે હવે નવા ઘરના પૈસા કઈ રીતે ભરાશે ? સેવિકાએ ચિંતિત સ્વરે માસીને વાત કરી. માસી કહે, ''મહારાજ જે કરતા હોય તે સારા માટે જ કરતા હોય છે. મહારાજ બીજો વધારે સારો ઘરાક અપાવશે. તું નાહક ચિંતા કરે છે.'' અને ખરેખર માસીના વચન પ્રમાણે દસ જ દિવસમાં ઘર માટે બીજો ઘરાક આવ્યો ને તેણે રૂ. ૫૩

લાખ આપી ઘર ખરીદ્યું. આમ સેવિકાએ ફર્નિચર માટે અંદાજે દસ લાખની વાત કરી તો માસીએ તે વધારાના ખર્ચ માટે વધારે પૈસા અપાવ્યા.

*મોટા મુક્તોના વચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાથી આ લોકનાં કામ પણ પાર પડે છે.*

## ૨૧.

માસીને ત્યાં સેવામાં આવતાં એક સેવિકાના કાકા સાવ નાસ્તિક. ભગવાનને માને જ નહિ. ઘરના કહે, પણ એ વાત તેમના ગળે ઊતરે નહિ. તેમનો જ્યારે અંત સમો આવ્યો ત્યારે તેમનો જીવ જાય નહિ. તેઓ રિબાયા કરે. આથી સેવિકાએ રાત્રે બાર વાગ્યે માસીના ઘરે આવી એ વખતે જે સેવિકા સેવામાં હતી તેને વાત કરતાં કહ્યું, ‘‘માસી જાગે ત્યારે માસી પાસે પ્રાર્થના કરાવજો, જેથી તેમનો જીવ શાંતિથી જાય ને તેમની સદ્‌ગતિ થાય.’’ વાત થતી હતી ને ત્યારે જ માસી જાગી ગયાં. એટલે સેવિકાએ જ માસીને વિગતે વાત કરી. માસી કહે, ‘‘ભલે તેઓ નાસ્તિક હોય, પરંતુ અત્યારે તેમની પાસે બેસી બધા ભગવાનનું ભજન કરો. તેમની પાસે જે બેઠા હોય તેમને કહો કે બીજી વાતો કર્યા વગર ભગવાનના નામની ધૂન કરે, ભગવાનનો મંત્ર કાને પડશે એટલે તેમનો જીવ શાંતિથી જશે.’’ સેવિકાએ ઘરે જઈ પોતાના પિયર ફોન કરીને ઘરના સર્વેને માસીની સૂચના પ્રમાણે કરવાનું કહ્યું. એમ થતા થોડા સમયમાં જ તેઓ શાંતિથી દેહ છોડી ગયા.

*મોટા મુક્તો દરેક જીવ ઉપર દયા લાવી તેને સદ્‌ગતિ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરતા જ હોય છે. તેમની પ્રાર્થનાથી નાસ્તિક જીવ પણ સદ્‌ગતિને પામે છે !*

## ૨૨.

મિશન સંસ્થામાં નિષ્ઠાપૂર્વક સેવા આપતા સેવકના કાકા અમરેલી ગામમાં રહે. તેઓ ચુસ્તપણે વૈષ્ણવ સંપ્રદાયમાં માને. તેમનો દીકરો અમદાવાદમાં સેવક સાથે રહી ભણે. સેવક મિશનમાં સેવા આપે એટલે કાકાનો દીકરો પણ તેની સાથે મિશનમાં આવી મહારાજનાં દર્શન કરે ને માસીના આશીર્વાદ લે. એમ કરતાં તેને મહારાજ પ્રત્યે નિષ્ઠા થઈ અને માસીનો મહિમા થઈ ગયો.

એક વખત સેવકના કાકાને પેરેલિસિસનો એટેક આવ્યો. ઘરનાએ અમદાવાદ તેના દીકરાને ફોન કર્યો ત્યારે બપોરનો સમય હતો. સમાચાર સાંભળતાં જ દીકરો ઘણી ચિંતામાં આવી ગયો. બપોરના સમયે માસીને ખલેલ ન પહોંચાડવાના આશયથી મિશનમાં ઘનશ્યામ મહારાજનાં બહારથી દર્શન કરતાં કરતાં રડતો હતો. એ વખતે માસીના ઘરના બધા બારી-દરવાજા બંધ હોવા છતાં તેમને જાણ થઈ ગઈ. તેમણે છોકરાને અંદર બોલાવી લાવવા સેવિકાને કહ્યું. અંદર આવીને માસીને જોતાં તે વધુ રડવા લાગ્યો. માસીએ તેને પાણી પીવડાવ્યું, શાંત પાડ્યો ને વાત પૂછી. વાત જાણ્યા પછી કહ્યું, ‘‘તું જરા ય ચિંતા ન કર. તારી સાથે એક સેવક

અમરેલી આવશે મહારાજ કરશે તો તમે જ્યારે સાંજે ત્યાં પહોંચશો, ત્યારે તારા પિતાજી ટેબલ પર બેસી નાસ્તો કરતા હશે. માટે ચિંતા કર્યા વગર ઘરે જા. જતા પહેલાં તું પણ અહીંથી નાસ્તો કરીને જા.'' માસીએ તેને નાસ્તો કરાવી રજા આપી. સેવકની સાથે સાંજે જ્યારે તે ઘરે પહોંચ્યો ત્યારે ખરેખર તેના પિતાજીની તબિયત સારી હતી અને તેઓ ટેબલ પર બેસી નાસ્તો જ કરી રહ્યા હતા. માસીના કહ્યા પ્રમાણેનું જ દૃશ્ય જોતાં સેવક અને દીકરો બંને ઘણા જ આશ્ચર્ય પામ્યા.

દીકરા પાસેથી માસીની વાત સાંભળ્યા પછી તેના પરિવારને પણ અત્યારે માસી પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે અને દીકરાને તો જાણે જીવન પરિવર્તન થઈ ગયું હોય તેમ મહારાજ, મામા તથા માસીમાં હતા તેના કરતાં વિશેષ શ્રદ્ધા ને વિશ્વાસ થઈ ગયા છે.

**૨૩.**

એક હરિભક્તના દીકરાને એમ.બી.એ. કરવું હતું. તેના એડ્મિશન માટે તેઓએ ઘણી જગ્યાએ પ્રયત્નો કર્યા છતાં ક્યાંય સારી કૉલેજમાં એડ્મિશન મળ્યું નહિ એટલે માસીને વાત કરી. માસીએ તેને સીધું જ કહ્યું, ''તું લંડન જઈને કેમ નથી ભણતો ? ત્યાં જઈને ભણ ને ?'' હરિભક્તનો દીકરો કહે, ''માસી હવે મોડું થઈ ગયું છે. અઠવાડિયા - દસ દિવસમાં તો ત્યાં ભણવાનું શરૂ થઈ જશે. મારી પાસે વિઝા પણ નથી.'' માસી કહે, ''તું પ્રયત્ન તો કરી જો. મહારાજ

બધું સારું કરશે.'' માસીના વચને તેણે પ્રયત્ન કરી જોયો ને તેને વિઝા મળી પણ ગયા ને તે અઠવાડિયાની અંદર લંડન પહોંચી ગયો અને ત્યાં તેનું ભણવાનું પણ શરૂ થઈ ગયું. અત્યારે તે લંડનમાં જ સારા પગારની નોકરી કરી રહ્યો છે.

*મુક્તોના વચનમાં વિશ્વાસ રાખી તેઓના કહ્યા પ્રમાણે કરવાથી ચોક્કસ સફળતા મળે છે.*

**૨૪.**

એક સેવિકા બહેનની દીકરી દસમાં ધોરણમાં સારા માર્ક્સથી પાસ થઈ હોવાથી તેમને દીકરીને બળદિયા દર્શન કરાવવાનો સંકલ્પ થયો. બળદિયા જવા ઘરના સર્વે સભ્યો તૈયાર થયા. આથી વિચાર કર્યો કે સત્તર તારીખના બાપાશ્રીના પ્રાગટ્ય મહોત્સવમાં જઈએ તો એ લાભ પણ મળે. નિર્ણય લેવાતા તેર તારીખના માસીને વાત કરતાં માસીએ જવાની સંમતિ આપી. બીજે દિવસે સેવિકા માસી પાસે બેઠી હતી ત્યારે માસી બે-ત્રણ વખત એવું બોલ્યાં કે કચ્છમાં બહુ ઠંડી પડે છે. ત્યાંનું વાતાવરણ ઘણું ખરાબ થઈ ગયું છે. જોને ત્યાં તો બરફ પડે છે. માસીને આવું બોલતાં સાંભળી સેવિકાને વિચાર આવ્યો કે કચ્છમાં ક્યાંથી બરફ પડવાનો છે ? માસી બે-ત્રણ વખત બોલ્યાં એટલે તેણે માસીને પૂછ્યું, ''તો પછી અમે બળદિયા જઈએ કે કેમ ? ત્યાનું વાતાવરણ ખરાબ છે તેમ આપ કહો છો.'' માસી કહે, ''આ વખતે રહેવા દો, ફરી ક્યારેક જઈ આવજો.'' માસીનું વચન માની ઘરના સર્વેએ

જવાનું બંધ રાખ્યું. ચાર દિવસ પછી અઢાર તારીખના છાપામાં સમાચાર આવ્યા કે સત્તર તારીખે કચ્છમાં અને બીજે ઘણે ઠેકાણે વાવાઝોડા સાથે ઘણો વરસાદ પડ્યો છે અને કચ્છમાં તો બરફ પડ્યો છે. છાપામાં વિનાશનાં દૃશ્યો તથા બરફ જોઈ સેવિકાએ માસીનો ઘણો જ ઉપકાર માન્યો, કારણ કે તેઓ ગાડી ભાડે કરી સત્તર તારીખે જ બળદિયા જવા નીકળવાના હતા. માસીએ એ બધાની રક્ષા કરી.

*હવામાન ખાતું પણ એ વખતે વાવાઝોડાની માહિતી આપવામાં થાપ ખાઈ ગયું હતું, પણ માસીએ તો અગાઉથી જણાવી દીધું હતું. મોટા મુક્તોના વચનમાં શ્રદ્ધા અનેક મુશ્કેલીઓથી જીવની રક્ષા કરે છે.*

## ૨૫.

ભવાબ્ધિમાં અટવાયેલો જીવ ખરી શાંતિની ખોજમાં જગતની આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી નીકળી ત્યાગાશ્રમનો આશ્રય લે છે, પરંતુ ત્યાં પણ તેની પ્રાપ્તિ ન થતાં મુંઝાઈને અશાંતિનો અનુભવ કરવા લાગે છે. એવા સમયે સાચા અનુભવી મુક્ત જ તેને ખરી શાંતિનો રાહ ચીંધી શકે છે.

જૈન સંપ્રદાયનો સાધ્વીધર્મ અંગીકાર કરેલી બહેનો ઠેઠ કચ્છમાંથી કોઈક પાસેથી માસીના પ્રતાપની જાણ થતાં માસીને મળવા આવી હતી. માસી પાસે આવી તેમણે પોતાની મનોવ્યથા ઠાલવી કે જે શાંતિની ખોજમાં અમે ગૃહત્યાગ કર્યો છે તે ક્યાંય પ્રાપ્ત થતી નથી. ગમે તેટલા જપતપ કરવા છતાં

મનની અશાંતિ દૂર થતી નથી. મૂંઝવણ બહુ જ રહ્યા કરે છે. ત્યાં અમને સાચું માર્ગદર્શન મળી શક્યું નથી. અમે જ્યાં રહીએ છીએ ત્યાં બીજી પણ ઘણી મુશ્કેલીઓ છે, આથી અમારે તમારા સંપ્રદાયનો ત્યાગીધર્મ અપનાવી જીવન વ્યતીત કરવું છે. આમ કહેતાં તેઓ રુદન કરવા લાગી. માસીએ તેમને પ્રેમપૂર્વક આશ્વાસન આપી ધર્મ પરિવર્તનની કેટલીક વ્યાવહારિક મુશ્કેલીઓ સમજાવી તેમને શાંત પાડી અને પ્રસાદ આપ્યો. આમ તો તેઓ પ્રસાદ ગ્રહણ ન કરે, પરંતુ માસીનો આપેલ પ્રસાદ તેમણે ગ્રહણ કર્યો. માસીએ તેમને સમજાવ્યું કે અત્યારે તમે જ્યાં છો ત્યાં જ રહો અને ભગવાન ભજો. માસીએ તેમને મર્યાદામાં રહી ભગવાનને કઈ રીતે રાજી કરી શકાય તેના ઉપાયો બતાવ્યા. માનસિક શાંતિ પામવા ભગવાનનું ધ્યાન કરવાનું પણ શીખવ્યું. આશીર્વાદ આપી તેમને મિશનમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી આવવા કહ્યું. માસીના આશીર્વાદ મળતા અને ભગવાનનાં દર્શન કરતાં સાધ્વીઓને ઘણી માનસિક રાહત જણાઈ. તેમની સમસ્યાનું સમાધાન મળતાં તેઓને ધીરજ આવી, એક નવું બળ પ્રાપ્ત થયું હોય તેવું તેમને લાગ્યું. તેઓને સ્વામિનારાયણ સંપ્રદાય તથા માસી પ્રત્યે ઘણો જ ભાવ થયો. સાધ્વીઓ સંતોષ પામી એક હકારાત્મક વલણ સાથે ત્યાંથી વિદાય થઈ.

*જેણે પોતે ખરા અર્થમાં શાંતિ પ્રાપ્ત કરી હોય, જેઓ મુક્તદશાને પામ્યા હોય તેઓ જ ભટકેલાઓને સાચી રાહ દર્શાવી શકે છે.*

# બોધવચનો

૧. શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન પૂ. મામાએ ખૂબ જ પ્રરિશ્રમ લઈને ઊભી કરેલી સંસ્થા છે. તેને તમે ખૂબ વફાદાર રહેજો અને તન, મન, ધનથી નિષ્ઠાપૂર્વક તેનો સદાય ઉત્કર્ષ અને વિકાસ થતો રહે તેવા પ્રયત્નો કરજો. તે સંસ્થાનું ઘસાતું થાય તેવું વાણી, વર્તન ન થાય તેની તકેદારી રાખશો તો મહારાજ, બાપા અને મામા ખૂબ રાજી થશે.

૨. હરિભક્તોએ ટીકા, નિંદા, કૂથલી વગેરે દોષોનો ત્યાગ કરી નવરાશની પળોમાં ભગવાનની કથા-વાર્તા-કીર્તન-નામજપ-ધ્યાન વગેરે કરવું, પરંતુ વ્યર્થકાળ નિર્ગમવો નહિ.

૩. શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે થાળ કરું છું તેવો દિવ્યભાવ રાખી ભગવાનની સ્મૃતિ સાથે શુદ્ધપણે થાળ તૈયાર કરી પ્રેમે સહિત ભગવાનને ધરાવવો.

૪. નિયમિત ધ્યાન કરવું, કીર્તન કરવું, હરતાં-ફરતાં ભગવાનની સ્મૃતિ કરવી.

૫. કોઈ પણ ધંધો કે વ્યાવહારિક કાર્ય કરતા પહેલાં બે-ત્રણ મિનિટ અંતવૃત્તિ કરી મહારાજની સ્મૃતિ કરવી.

૬. પોતાપણું લાવ્યા સિવાય શ્રીજીમહારાજને જ કર્તા માની પ્રામાણિકપણે નિર્ભય થઈને કાર્ય કરવું એટલે શ્રીજીમહારાજ ભેળા ભળીને પોતની દિવ્યશક્તિથી બધાં કાર્યો સફળ કરશે.

૭. ગૃહસ્થ હોય કે ત્યાગી હોય તેમણે પ્રભુની આજ્ઞા યથાર્થ પાળીને પ્રભુનું ધ્યાન-ભજન કરવું અને પ્રભુ પરાયણ પવિત્ર જીવન જીવવું. એમાં પણ ધ્યાન વિશેષપણે કરવું એ મારો સંદેશ છે.

૮. શ્રીજીમહારાજે કહ્યું છે કે મારી આજ્ઞા પૂરેપૂરી પાળજો તો એ પ્રમાણે શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ રહેજો. ધર્માદો પૂરેપૂરો કાઢજો. કોઈ ગરીબ હોય અને પરિસ્થિતિ સારી ન હોય તો ઓછું આપે, પણ ધર્માદો તો કાઢવો જ. ગરીબોને મદદ કરવી. આપણી પાસે ઓછું હોય તો ઓછું આપવું, પણ જેમ તેમ બોલીને તેમનું અપમાન કરી કોઈના નિઃસાસા ન લેવા. ઘણા પૈસાવાળા પોતે ઘણી વસ્તુ લે અને ગરીબોને ન આપે અને તેમનું અપમાન કરે એમાં મહારાજ રાજી ન થાય. મહારાજની આજ્ઞા જીવનના અંત સુધી પાળજો અને ભગવાન ભજી લેજો.

•

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

“અનાદિમુક્ત બોલે થોડું ને કામ વધુ કરે.
તેઓ કહીને કરતાં કરીને બતાવે છે.
વાણી કરતાં વર્તન વધુ વાતો કરે.”

- પૂજ્યશ્રી નારાયણભાઈ


Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com